Friday 27, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૭૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

ડુંગરામાં રૂા.૩૧.૧૫ કરોડના ૪૫ એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ કરાયું

ડુંગરા, ચણોદ, કરવડ અને સુલપડના લોકોને મળશે નિયમિત શુદ્ધ પીવાનું પાણી, આગામી ૨૫ વર્ષ સુધી પાણીની અછત ન રહે તેવું આયોજન : કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૬ : વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠાની સુવિધાને વધુ મજબૂત બનાવવા માટે ડુંગરા ખાતે અમૃત-૨.૦ યોજના અંતર્ગત રૂ.૩૧.૧૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ૪૫ એમએલડી ક્ષમતાના આધુનિક વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું આજે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્લાન્ટ કાર્યરત થતાં ડુંગરા, ચણોદ, કરવડ અને સુલપડ વિસ્તારના નાગરિકોને પૂરતા પ્રમાણમાં શુદ્ધ અને ગુણવત્તાયુક્ત પીવાનું પાણી નિયમિત મળી રહેશે.

લોકાર્પણ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ નાગરિકોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે શુદ્ધ સરફેસ વોટર પૂરું પાડવાની દિશામાં સરકાર સતત કાર્યરત છે.

ડુંગરા ખાતે શરૂ થયેલો ૪૫ એમએલડીનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પૂર્વ વિસ્તાર અને ચલા સહિતના વિસ્તારોની પાણીની જરૂરિયાત પૂરી કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ ઉપરાંત મંજૂર થયેલા વધુ એક ૪૫ એમએલડી ક્ષમતાના પ્લાન્ટથી આગામી ૨૫ વર્ષ સુધી વાપીમાં પાણીની અછત ન રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વાપી મહાનગરપાલિકાના નવા વિસ્તારોમાં પણ માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. ચલા અને જીઆઈડીસી વિસ્તારમાં નવા વીજ સબસ્ટેશનની સુવિધા ઊભી કરવામાં આવી છે, જ્યારે નવા જોડાયેલા વિસ્તારોમાં એસટીપી, ડ્રેનેજ અને સ્ટ્રીટલાઇટ સહિતની સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે. આગામી ત્રણ વર્ષ સુધી મહાનગરપાલિકા દ્વારા કોઈ ટેક્સ વધારો કરવામાં આવશે નહીં. વિકાસનાં કામો માટે સરકાર આગામી પાંચ વર્ષ સુધી વિનામૂલ્યે જમીન ફાળવશે. ઉપરાંત નેશનલ હાઈવે પર વાપી મહાનગરપાલિકાના નવા ભવનનું પણ ટૂંક સમયમાં ખાતમુહૂર્ત કરવામાં આવશે.

રૂ.૩૧.૧૫ કરોડના ખર્ચે તૈયાર થયેલી આ પાણી પુરવઠા યોજનામાં દમણગંગા નદી પર ઇન્ટેક વેલ, ડુંગરા હેડવર્ક્સ ખાતે ૪૫ એમએલડી ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૨ કરોડ ૧૦ લાખ લિટરની ક્ષમતાવાળો ભૂગર્ભ સંપ તથા ૨૦ લાખ લિટરની ક્ષમતાવાળી પાણીની ઊંચી ટાંકીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ તમામ સુવિધાઓના માધ્યમથી પાણીનું શુદ્ધિકરણ કરી સંબંધિત વિસ્તારોમાં પાણીનું વિતરણ કરવામાં આવશે.

લોકાર્પણ બાદ મંત્રી કનુભાઈ દેસાઈએ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની પ્રત્યક્ષ મુલાકાત લઈ તેની કાર્યપદ્ધતિ, પાણી શુદ્ધિકરણની પ્રક્રિયા અને ઉપલબ્ધ સુવિધાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

કાર્યક્રમમાં વાપી મહાનગરપાલિકાના કમિશનર એન.એફ. ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે જીઆઈડીસીના એન્જિનિયર કે.ડી. પટેલે યોજનાની રૂપરેખા અને ટેકનિકલ વિગતો રજૂ કરી હતી.

આ પાણી ફિલ્ટર પ્લાન્ટ જ્યાં બન્યો છે તે ડુંગરા વિસ્તારમાં વાપી મહા નગરપાલિકાને જમીન આપનાર જીગ્નેશભાઈ દેસાઈ સમીરભાઈ દેસાઈ તેમજ દેસાઈ બંધુઓનું પણ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું

આ લોકાર્પણ પ્રસંગે વાપી મહાનગરપાલિકાનાં મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેષભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીશભાઈ પટેલ, પાણી પુરવઠા સમિતિના ચેરમેન કૌશિકભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ સંગઠનના શિલ્પેશ દેસાઈ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ, પૂર્વ નગરપાલિકા પ્રમુખો, વાપી મહાનગરપાલિકાના ઇન્ચાર્જ એજ્યુકેટિવ એન્જિનિયર જતીન પટેલ, હાઇડ્રોલિક ઇજનેર સંજય ઝા, કલ્પેશ શાહ, રામચંદ્ર દેસાઈ સહિત મહાનગરપાલિકાના અધિકારીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

દમણમાં વકીલોએ ન્યાયિક કાર્યનો બહિષ્કાર કર્યો

ન્યાયિક વ્યવસ્થા અને બાર એસો. વચ્ચેનો વિવાદ વધ્યો : મુંબઈ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ પાસે હસ્તક્ષેપની માંગણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૨૬ : કથિત વર્તનને લઈને બાર એસોસિએશન અને દમણમાં મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ વચ્ચેનો વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. દમણ બાર એસોસિએશને મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ રાજેશ એસ. તિવારીની કોર્ટમાં ન્યાયિક કાર્યનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. બાર એસોસિએશનની એક કટોકટીની બેઠકમાં ન્યાયિક કાર્યથી દૂર રહેવાનો નિર્ણય સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો. વકીલોએ સ્પષ્ટ કર્યું છે કે યોગ્ય સુધારાત્મક પગલાં લેવામાં ન આવે ત્યાં સુધી બહિષ્કાર ચાલુ રહેશે.

બાર એસોસિએશન દ્વારા જારી કરાયેલા ઠરાવમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ કથિત રીતે વકીલો પ્રત્યે અયોગ્ય અને અપમાનજનક ભાષા અને વર્તનનો ઉપયોગ કરી રહ્યા છે. એસોસિએશન જણાવે છે કે ઓપન કોર્ટમાં વરિષ્ઠ અને જુનિયર વકીલોને મોટેથી અને કઠોર રીતે સંબોધવામાં આવે છે. આ વર્તન, ઘણીવાર પક્ષકારો અને અરજદારોની હાજરીમાં પણ, વકીલોને અસ્વસ્થતામાં મૂકે છે અને તેમની વ્યાવસાયિક ગરિમા સાથે ચેડા કરે છે.

ઠરાવમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે આવી ઘટનાઓ જુનિયર વકીલોના મનોબળ પર પ્રતિકૂળ અસર કરી રહી છે, ખાસ કરીને જે આ ઘટનામાં સામેલ છે. વકીલોની વ્યાવસાયિક યોગ્યતા, શૈક્ષણિક સ્થિતિ અને ચર્ચા કરવાની ક્ષમતા અંગે કરવામાં આવેલી કથિત ટિપ્પણીઓ પર પણ નારાજગી છે. સમીર મોડા સિયા, સંજીવ ભટ્ટ, જેશલ અને બાર એસોસિએશનના અન્ય વકીલોએ બોમ્બે હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ અને ચીફ જસ્ટિસના ગાર્ડિયન જજ સાથે મુલાકાત કરી. તેમને આ ઘટનાની જાણ કરવામાં આવી. તેમણે ખાતરી આપી કે આ મામલો ટૂંક સમયમાં ઉકેલાઈ જશે.

દમણ બાર એસા.ના પ્રમુખે સ્વયંને ઠરાવથી દૂર કર્યા

દમણ બાર એસોસિએશનના પ્રમુખ મારિયો લોપેસે બાર એસોસિએશન દ્વારા પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ આર.એસ. તિવારી વિરુદ્ધ પસાર કરાયેલા ઠરાવ અંગે સ્પષ્ટતા જારી કરી છે. તેમણે સ્પષ્ટતા કરી છે કે તેઓ ઠરાવનો ભાગ નહોતા અને તેમણે તેના પર સહી કરવાનો ઇનકાર કર્યો હતો.

એક પ્રેસ રિલીઝમાં, લોપેસે જણાવ્યું હતું કે ન્યાયાધીશ આર.એસ. તિવારી લગભગ ૨૦ મહિનાથી દમણ અને દીવમાં સેવા આપી રહ્યા છે, અને આ સમયગાળા દરમિયાન તેમની સામે કોઈ ફરિયાદ નોંધાઈ નથી. તેમણે ન્યાયાધીશને પ્રામાણિક અને નિષ્ઠાવાન ગણાવતા કહ્યું કે તેઓ કાયદા અનુસાર પોતાની ફરજો બજાવી રહ્યા છે.

મારિયો લોપેસે સમગ્ર મામલાની સીબીઆઈ તપાસની માંગ પણ કરી છે. તેમણે દમણના લોકો અને અદાલતોમાં આવતા અરજદારોને ન્યાયતંત્રમાં સંપૂર્ણ વિશ્વાસ અને વિશ્વાસ જાળવી રાખવા અપીલ કરી.

ભરતી કરવાની છે

૧) પીયુન(પટ્ટાવાળા) લેડીઝ/જેન્ટ્સ
૨) લેડીઝ ક્લાર્ક
૩) મેઈનટેન્સ સુપરવાઈઝર
૪) લાઈઝનીંગ કામ કરી શકે એવા સુપર વાઈઝર

રાજ-રાજેશ્વર વિદ્યા મંદિર, છરવાડા

Mo. 9879463248/8140977999

નામધા-ચંડોર માર્ગ ઉપર ભારે વાહનોના બેફામ પ્રવેશથી ટ્રાફિક સમસ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૬ : વાપી ટાઉન વિસ્તારમાં નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી નામધા-ચંડોર ગામના મુખ્ય માર્ગે થઈ સંઘપ્રદેશ દમણ તરફ જતા ભારે વાહનો સ્થાનિક લોકો માટે મુશ્કેલીનું કારણ બની રહ્યા છે. આ માર્ગ પર ભારે વાહનોની અવરજવરને કારણે અવારનવાર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. ત્યારે આજે પણ મહાકાય મશીનરી ભરેલા એક ટ્રક-ટેલરના કારણે માર્ગ પર ટ્રાફિકજામની સ્થિતિ ઊભી થતાં વાહનચાલકો અને સ્થાનિક લોકોને હાલાકી ભોગવવી પડી હતી.વધુ ચિંતાજનક બાબત એ છે કે ટ્રક-ટેલરમાં વિશાળકાય હેવી મશીનરીનું વહન કરવામાં આવી રહ્યું હોવા છતાં તેની આગળ કે પાછળ કોઈ એસ્કોર્ટ વાહન કે દિશાસૂચક વ્યવસ્થા જોવા મળી નહોતી. એટલું જ નહીં, માર્ગ પર પસાર થતી વખતે વીજ વિભાગના વીજવાયરોને નુકસાન ન થાય તે માટેની કોઈ તકેદારી કે સંબંધિત ટીમ પણ સાથે રાખવામાં આવી નહોતી.

આવી બેદરકારીને કારણે ટ્રાફિક સમસ્યા સર્જાવાની સાથે વીજવાયરો અને જાહેર સલામતી સામે પણ જોખમ ઊભું થઈ શકે છે. આથી આવા ભારે વાહનોના સંચાલકો સામે વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિક લોકોની માંગ ઉઠી છે. સાથે જ હેવી મશીનરીનું પરિવહન કરતી વખતે જરૂરી પરવાનગી, એસ્કોર્ટ વાહન, સુરક્ષા વ્યવસ્થા અને વીજ વિભાગ સાથે સંકલન રાખવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી રહી છે.

નેમિનાથ ટ્રેડર્સ



ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

કણભઈમાં દીપડાનો યુવાન પર હુમલો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલી, તા.૨૬ : ચીખલી તાલુકાના કણભઈથી ચીખલી તરફ જતા રોડ ઉપર કણભઈ ગામે સાંજના સમયે અજયભાઈ વસંતભાઈ પટેલ રહે ગોડથલ ઝાડી ફળિયા ના ઉપર દીપડાએ હુમલો કરતા અજયભાઈ પટેલને પગ ઉપર ઈજા થતાં રૂમલા રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર લેવાની નોબત આવી છે.

ચીખલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી દીપડા દીપડીઓનો આતંક વધી જતા જાહેર રોડ ઉપર પણ લોકો ઉપર દીપડા દ્વારા હુમલા થતાં લોકોમાં ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.



RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
CBSE AFFILIATED - 430373
LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2027-2028
Nursery to Std. 10

13th Year Anniversary
SPECIAL OFFERS
FREE Textbooks From Nursery to Std 10



Additional Curriculum features
1 English Conversation & Phonics for Fluency
2 Personality development & Memory Boosting techniques.
3 innovative clubs for Std 6 to 10
4 Indoor Sports Activities for std Nursury to std 10
5 Mental and Vedic Maths for Std 1 to 5
6 AI and Coding for Jr KG to Std 10

Admission forms available
All working days
At school's office
vidyadham4@gmail.com
www.vidyadhamschoolvapi.in
9725295578/ 9081807258/ 9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191
Learn • Grow • Achieve Together

શ્રી હોસ્પિટલ બ્લડ સ્ટોરેજ અને જોહાર ચેરિટેબલ ટ્રસ્ટની પહેલથી

વાંસદાના રક્તદાન કેમ્પમાં ૨૫ યુનિટ બ્લડ એકત્ર કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાંસદા, તા. ૨૬ : વાંસદા તાલુકાના રાણી ફળિયા સ્થિત શ્રી હોસ્પિટલ બ્લડ સ્ટોરેજ અને જોહાર ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. માનવતાની સેવા અને જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે તેવા ઉમદા હેતુથી યોજાયેલા આ કેમ્પનું આયોજન ડૉ. લોચન શાસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.હાલમાં દિવાળીના તહેવારો અને વેકેશનના કારણે વિવિધ સ્થળોએ રક્તદાન કેમ્પના આયોજનો ઓછા થતા હોય છે. જેના પરિણામે બ્લડ બેંકોમાં રક્તની અછત સર્જાતી હોય છે. આવી પરિસ્થિતિમાં જરૂરિયાતમંદ દર્દીઓને રક્તની મુશ્કેલી ન પડે અને રક્તનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રહે તે હેતુથી આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે વાંસદા સ્થિત શ્રી હોસ્પિટલ બ્લડ સ્ટોરેજ દ્વારા દર મહિને ૪૦૦થી વધુ યુનિટ રક્ત જરૂરિયાતમંદ દર્દીઓને પૂરું પાડવામાં આવી રહ્યું છે. વાંસદા અને આસપાસના વિસ્તારોમાં રક્તની જરૂરિયાતને પહોંચી વળવા માટે શ્રી હોસ્પિટલ બ્લડ સ્ટોરેજ દ્વારા સતત સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી અંતરિયાળ વિસ્તારના દર્દીઓ માટે ખૂબ જ ઉપયોગી બની રહી છે.રક્તદાન કેમ્પના ઉદ્ઘાટન પ્રસંગે આદિજાતિ પ્રદેશ મંત્રી દીપ્તિબેન પટેલ, વકીલ પ્રદ્યુમનસિંહ સોલંકી, મહામંત્રી પ્રકાશભાઈ પટેલ, વિપુલભાઈ જીરવાળા, કારોબારી અધ્યક્ષ પ્રશાંત પટેલ, ન્યાય સમિતિ અધ્યક્ષ નિકેતન પટેલ, હાઈન ગામિત, અમિતભાઈ પંચાલ અને જયભાઈ કડીવાલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ આ સેવાકીય આયોજનમાં હાજરી આપી રક્તદાનના ઉમદા કાર્યને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ રક્તદાન કેમ્પની વિશેષતા એ રહી કે સાત જેટલા યુવાનોએ પ્રથમ વખત રક્તદાન કરીને માનવતાના આ મહાન કાર્યમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. જેમાં જયભાઈ કડીવાલા, ઋત્વિક નાયકા, પ્રતીક પટેલ, દિગંત પટેલ, યશેષ પટેલ (પ્રદેશ એસ.ટી. મોરચા સોશિયલ મીડિયા સહ-સંયોજક), પરિમલ પટેલ તથા પાર્થ પટેલે પ્રથમ વખત રક્તદાન કરી અન્ય યુવાનોને પણ રક્તદાન માટે પ્રેરણા પૂરી પાડી હતી. આ પ્રસંગે પ્રથમ વખત રક્તદાન કરનાર યુવાનોએ માનવસેવાના આ કાર્યમાં સહભાગી બની આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

ડાંગ જિલ્લાની મંત્રી કનુભાઈ દેસાઈની મુલાકાતને લઈ બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ)

આહવા, તા. ૨૬ : રાજ્ય સરકારશ્રીના ૭૨ કલાકના વિધાનસભા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લાની ૧૭૩ વિધાનસભા વિસ્તારમાં આગામી તા.૨૭ થી ૨૯ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ગુજરાત રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈ પધારનાર છે. આ મુલાકાતના આયોજન અને પૂર્વ તૈયારીઓના ભાગરૂપે આજરોજ જિલ્લા કલેકટર એન.ડી.પરમારના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરએ મંત્રીશ્રીના ત્રણ દિવસીય પ્રવાસ કાર્યક્રમની વિસ્તૃત વિગતો આપી સંબધિત લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓને વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા સુચના આપી હતી. આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રી ઘોધલી, ધવલીદોડ, આહવા, મોરઝીરા, મોગરા, મોટાર્ચર્યા, સાપુતારા અને વઘઈ જેવા ગામોની મુલાકાત લેશે. મંત્રીશ્રી સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ કરી તેમના પ્રશ્નો અને રજૂઆતો સાંભળશે. આ ઉપરાંત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે બેઠક યોજી વીજળી, રસ્તા, પાણી, પુરવઠો, સિંચાઈ, આરોગ્ય કેન્દ્રો, શાળાઓ સહિતના વિવિધ જનસુવિધાલક્ષી અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની સમીક્ષા કરશે. તેમજ તારીખ ૨૮ નવેમ્બરે મંત્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જન સુનાવણી અને જાહેર ફરિયાદ નિવારણ કેમ્પ યોજાશે.

જિલ્લા કલેકટર એન.ડી. પરમારે પ્રવાસ કાર્યક્રમને ધ્યાને રાખીને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. મુલાકાત દરમિયાન તમામ વ્યવસ્થાઓ સુચારુ અને સુવ્યવસ્થિત રીતે થાય તેમજ સંબંધિત વિભાગો વચ્ચે યોગ્ય સંકલન જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું. આ બેઠકમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, દક્ષિણ નાયબ વન સંરક્ષક નિરજ કુમાર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક એસ.ડી. તબીયાર, નિવાસી અધિક કલેક્ટર હિતેશ જણકાટ, પ્રાયોજના વહીવટદાર ડો.મુયુર પરમાર, પ્રાંત અધિકારી યુ.વી. પટેલ સહિત સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૨૭-૧૧-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** માગશર વદ ૩, **સૂર્યોદય :** ૦૭ : ૦૫ **સૂર્યાસ્ત** ૦૫ : ૪૯, **ચંદ્રોદય** - ૦૮:૪૬ **ચંદ્રાસ્ત** - ૧૦:૪૭ **ચંદ્ર રાશિ :** મિથુન, **નક્ષત્ર** - આર્દ્રા

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : કામકાજમાં જવાબદારી વધે. નાણાકીય બાબતમાં ઉતાવળ ટાળો. પરિવાર તરફથી સહયોગ મળશે. ભાઈ-બહેનોનો સહયોગ મળશે, સાહસિક કાર્યોમાં સફળતા મળશે અને ટૂંકી મુસાફરીના યોગ બનશે.

વૃષભ (બ, વ, ઉ) : વેપાર અને નોકરીમાં નવી તક મળી શકે. અટકેલા કામ આગળ વધશે. ખર્ચ પર નિયંત્રણ રાખવું.

મિથુન (ક, ઘ, ચ) : વ્યવસાયમાં સંપર્કોનો લાભ મળશે. મહત્વની વાતચીતમાં સ્પષ્ટતા રાખવી. પ્રવાસની શક્યતા.

કર્ક (ડ, હ) : કાર્યક્ષેત્રમાં પ્રગતિના સંકેત. પરિવાર સાથે સમય પસાર થશે. પૈસાની બાબતમાં આયોજન જરૂરી.

સિંહ (મ, ટ) : સામાજિક સંપર્કો વધશે. નવા કામની શરૂઆત થઈ શકે. વાણીમાં નમ્રતા રાખવાથી લાભ.

કન્યા (પ, ઠ, ણ) : કારકિર્દી અને શિક્ષણ માટે દિવસ અનુકૂળ રહી શકે. મહેનતનું પરિણામ મળવાની શક્યતા. ખર્ચ વધે નહીં તેનું ધ્યાન રાખો.

તુલા (ર, ત) : સર્જનાત્મક કામ અને સંવાદમાં લાભ. સંબંધોમાં સમજદારી રાખવી. આવક સાથે ખર્ચ પણ વધે શકે.

વૃશ્ચિક (ન, ય) : અધૂરાં કામ પૂર્ણ કરવા સારો સમય. પરિવારનો સહયોગ મળશે. મિલકત અથવા નાણાકીય બાબતમાં પ્રગતિ થઈ શકે.

ધન (ભ, ધ, ફ, ઢ) : કામમાં થોડો ફેરફાર અથવા નવી જવાબદારી આવી શકે. નિર્ણય લેતા પહેલાં વિચારવું. પરિવાર સાથે મતભેદ ટાળો.

મકર (ખ, જ) : ચંદ્ર તમારી રાશિમાં હોવાથી મન અને વિચારો વધુ સક્રિય રહી શકે. વ્યક્તિગત નિર્ણયો માટે દિવસ મહત્વનો બની શકે. રાત્રે ચંદ્ર કુંભમાં જશે.

કુંભ (ગ, સ, શ, ષ) : રાત્રે ચંદ્ર તમારી રાશિમાં પ્રવેશશે. નવા વિચારો અને યોજનાઓ બની શકે. ખર્ચ અને આરામ/ઊંઘનું ધ્યાન રાખવું.

મીન (દ, ચ, થ, ઝ) : મિત્રો અથવા પરિવાર તરફથી મદદ મળશે. અટકેલા નાણાં અથવા કામમાં હલનચલન થઈ શકે. ભાવનાત્મક નિર્ણય ટાળવો.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

શુક્રવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

આહવા-ઈસદર બસ શરૂ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ)

આહવા, તા. ૨૬ : ડાંગ જિલ્લાના જનજાતિ વિસ્તારોમાં પરિવહન સુવિધાને વધુ સુલભ અને સશક્ત બનાવવા માટે ભગવાન બીરસા મુંડા જનજાતીય ગૌરવ પરિવહન બસ સેવા અંતર્ગત ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની વધુ એક નવી બસનું આહવા ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જ્યારે અન્ય એક આહવા-સુરત ડીલક્સ એક્સપ્રેસ નવીન બસનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલના હસ્તે આ બસ સેવાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડેપો મેનેજર ગૌસ્વામી તેમજ અન્ય આગેવાનો, પદાધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે મહાનુભાવોએ જણાવ્યું હતું કે, ભગવાન બીરસા મુંડાના નામે શરૂ કરવામાં આવેલી આ બસ સેવા આદિજાતિ વિસ્તારોના લોકો માટે શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને અન્ય આવશ્યક સેવાઓ સુધીની પહોંચને વધુ સરળ બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. નવી બસોના પ્રારંભથી જિલ્લાના અંતરિયાળ ગામોના મુસાફરોને સુરક્ષિત, આરામદાયક અને સમયસર પરિવહન સુવિધા ઉપલબ્ધ થશે. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો દ્વારા આ નવિન બસોને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મુસાફરોને વધુ સારી અને ગુણવત્તાસભર સેવા પૂરી પાડવાના પ્રયાસોની પ્રશંસા કરી આ બસોમાં પ્રતિકાત્મક મુસાફરી પણ કરી હતી.

નવસારીમાં આંતરિયાળ વિસ્તાર બાળકોને શાળા પરિવહન સુવિધા મળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૨૬ : રાજ્યના કોઈપણ બાળકનો અભ્યાસ માત્ર શાળાના અંતરને કારણે અટકી ન જાય તેવા ઉમદા સામાજિક અને શૈક્ષણિક હેતુથી રાજ્ય સરકારના સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ શાળા પરિવહન યોજના અમલમાં મૂકવામાં આવી છે. સરકારની આ પહેલ ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

આ યોજના હેઠળ વિદ્યાર્થીઓની પાત્રતા અને વાહન ચાલકો માટે વિગતો સમગ્ર શિક્ષા દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવી છે. આરટીઈ (RTE) એક્ટ-૨૦૦૯ અને ગુજરાત આરટીઈ રૂલ્સ-૨૦૧૨ના નિયમ-૫ મુજબ, જે બાળકોના ઘરથી પ્રાથમિક શાળાનું અંતર ૧ કિ.મી. થી વધુ અને ઉચ્ચ -તર પ્રાથમિક શાળાનું અંતર ૩ કિ.મી. થી વધુ હોય, તેવા બાળકોને ટ્રાન્સપોર્ટ સુવિધાનો લાભ મળવાપાત્ર છે.સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કરી શકે તે માટે, જેમના રહેઠાણથી ૫ કિ.મી. થી વધુ અંતરે આવેલી સૌથી નજીકની સરકારી કે અનુદાનિત શાળામાં પ્રવેશ લીધો હોય, તેવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. નિયમોનુસાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ આ યોજનાનો લાભ મેળવવા માટે પોતાની સંબંધિત સરકારી પ્રાથમિક શાળા અથવા સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો સંપર્ક કરવાનો રહેશે.

આ પરિવહન સુવિધામાં વાહન મૂકવા ઈચ્છુક, કોમર્શિયલ વાહન અને ફૂલ વીમો ધરાવતા વાહન ચાલકોએ પોતાની ઉમેદવારી નોંધાવવા માટે સંલગ્ન સરકારી પ્રાથમિક શાળા અથવા સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો સંપર્ક કરવાનો રહેશે.

વાલીઓ, સમાજના આગેવાનો અને વિદ્યાર્થીઓને સરકારની આ કલ્યાણકારી યોજનાનો મહત્તમ લાભ લેવા તેમજ યોગ્ય લાયકાત ધરાવતા વાહન ચાલકોને આ સેવામાં જોડાઈને બાળકોના શિક્ષણ યજ્ઞમાં સહભાગી બનવા અનુરોધ કરવામાં આવે છે.

રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીત તા. ૨૭ થી ૨૯ નવેમ્બર

૧૭૬-ગણદેવી મતવિસ્તારની મુલાકાત દરમ્યાન

ગણદેવી અને ચીખલીમાં સમીક્ષા બેઠક અને જન સુનાવણી કેમ્પ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)

ચીખલી, તા. ૨૬ : રાજ્ય સરકારના ૭૨ કલાકના વિધાનસભા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત નવસારી જિલ્લામાં સમાવિષ્ટ ૧૭૬-ગણદેવી વિધાનસભા મતવિસ્તારમાં આગામી તા. ૨૭ થી ૨૯ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત પધારનાર છે. જે અંતર્ગત તા. ૨૮/૧૧/૨૦૨૬ ના રોજ તાલુકા સેવા સદન, ચીખલી ખાતે મંત્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા વહીવટી તંત્રની સમીક્ષા બેઠક તેમજ જન સુનાવણી અને જાહેર ફરિયાદ નિવારણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૨૮ નવેમ્બરના રોજ માનનીય મંત્રી દ્વારા વિધાનસભા મતવિસ્તારના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ, સરકારી યોજનાઓ, પડતર કામો, કાયદો અને વ્યવસ્થા તેમજ મ્યુનિસિપલ અને પંચાયત સેવાઓ સહિતના મુદ્દે જિલ્લા વહીવટી તંત્ર સાથે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાશે, જેમાં સંકલનના તમામ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે. બેઠક બાદ બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન તાલુકા સેવા સદન, ચીખલી ખાતે મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતના અધ્યક્ષસ્થાને જાહેર જન સુનાવણી અને ફરિયાદ નિવારણ કેમ્પ યોજાશે. આ કેમ્પમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક તેમજ જિલ્લાના તમામ લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

આ કેમ્પમાં ૧૭૬-ગણદેવી વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારના નાગરિકો અને અરજદારો કોઈપણ વિષય બાબતે અથવા કોઈપણ સરકારી વિભાગને લગતા પોતાના વ્યક્તિગત કે સામૂહિક પ્રશ્નો મંત્રી સમક્ષ રજૂ કરી શકશે.

વઘઈ તેમજ આહવા કોલેજમાં સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ)

આહવા, તા.૨૬ : ભારતના બંધારણના મહત્વ, બંધારણીય મૂલ્યો, નાગરિક અધિકારો અને ફરજો અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવાના હેતુથી તા.૨૬ નવેમ્બરના રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વઘઈ તેમજ આહવાની કોલેજમાં ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના પરિપત્ર અનુસાર સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



સૌ પ્રથમ વઘઈ ખાતે ભારતીય બંધારણના આમુખ (પ્રસ્તાવના) ના સામૂહિક પઠન સાથે કરવામાં આવ્યો હતો. કોલેજના આચાર્ય ડૉ. જે. એમ. ભોયાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં ભારતીય બંધારણની આગવી વિશેષતાઓ તેમજ નાગરિકોના મૂળભૂત અધિકારો અને ફરજો વિશે માહિતી આપી હતી. તેઓએ વિદ્યાર્થીઓને એક જાગૃત અને જવાબદાર નાગરિક બની લોકશાહી મૂલ્યોનું જતન કરવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ બંધારણમાં નિહિત ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શોને જીવનમાં આત્મસાત કરવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો.

ત્યારબાદ ભારતીય બંધારણના ઘડવૈયાઓના અમૂલ્ય યોગદાનને સ્મરણાંજલિ આપી બંધારણની પ્રતને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં બંધારણીય જોગવાઈઓ પ્રત્યે જાગૃતિ અને રસ કેળવાય તે હેતુથી ઓનલાઈન ક્વિઝ નુ આયોજન કરાયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ સાથે જ આહવા કોલેજમાં પણ કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. યુ. કે. ગાંગુર્ડેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કૉલેજના IQAC વિભાગના સભ્યો, સમગ્ર અધ્યાપકગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અધ્યાપકઓ અને વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય સંવિધાનની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ જેવા બંધારણીય મૂલ્યોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ડાંગ જિલ્લાની વઘઈ તેમજ આહવા કોલેજ ખાતે સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ અને શૈક્ષણિક વાતાવરણમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓમાં ભારતીય સંવિધાન પ્રત્યે આદરભાવ, લોકશાહી મૂલ્યોની સમજ તથા જવાબદાર નાગરિક તરીકેની ફરજો પ્રત્યે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

નવસારી જિલ્લામાં મતદારયાદી સુધારણા માટે ત્રણ રવિવારે ખાસ ઝુંબેશ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)

નવસારી, તા.૨૬ : નવસારી જિલ્લામાં સમાવિષ્ટ ૧૭૪-જલાલપોર, ૧૭૫-નવસારી, ૧૭૬-ગણદેવી અને ૧૭૭-વાંસદા વિધાનસભા મતવિસ્તારોમાં મતદારયાદીની સતત સુધારણા પ્રક્રિયા અંતર્ગત બાકી રહી ગયેલા પાત્ર નાગરિકો તેમજ પ્રથમ વખત મતદાર બનવા પાત્ર ૧૮ થી ૧૯ વર્ષના યુવા મતદારોની નામ નોંધણી માટે ખાસ ઝુંબેશ યોજવામાં આવશે.

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગાંધીનગરના નિર્દેશ અનુસાર આગામી તા.૨૯ નવેમ્બર, તા.૬ ડિસેમ્બર અને તા.૧૩ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ ખાસ ઝુંબેશના દિવસો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ દિવસોએ જિલ્લામાં સંબંધિત મતદાન મથકો ખાતે બૂથ લેવલ અધિકારીઓ સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ઉપસ્થિત રહી મતદારયાદી સંબંધિત કામગીરી કરશે.

આ ખાસ ઝુંબેશ દરમિયાન મતદારયાદીમાં નામ દાખલ કરાવવા, નામમાં જરૂરી સુધારા કરાવવા, નામ કમી કરાવવા તેમજ મતદારયાદી સંબંધિત અન્ય હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાની સુવિધા ઉપલબ્ધ રહેશે.

જિલ્લાના તમામ પાત્ર નાગરિકો, ખાસ કરીને ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથના યુવા મતદારો કે જેઓ પ્રથમ વખત મતદાર બનવા પાત્ર છે, તેઓને આ ખાસ ઝુંબેશનો લાભ લઈ શકશે. નાગરિકોએ પોતાના સંબંધિત મતદાન મથકની મુલાકાત લઈ બૂથ લેવલ અધિકારીનો સંપર્ક કરી મતદારયાદીમાં નામ નોંધણી, જરૂરી સુધારા અને અન્ય હક્ક-દાવા તથા વાંધા રજૂ કરવા નાયબ જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ડાંગ જિલ્લામાં હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

(દમણગંગા ટાઈમ્સ)

આહવા, તા. ૨૬ : આગામી (૧) તા.૨૩/૧૨/૨૦૨૬ (માગશર સુદ પુનમ)ના રોજ સ્થાનિક તહેવારોમાં ડુંગરદેવની પૂજા/મેળો, (૨) તા.૨૫/૧૨/૨૦૨૬ના રોજ નાતાલ તહેવાર તેમજ અન્ય સ્થાનિક તહેવારો દરમિયાન ડાંગ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારોની હેરાફેરી ઉપર તા.૯ ડિસેમ્બર ૨૦૨૬ સુધી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું ડાંગના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એચ.એમ. જણકાટ (જી.એ.એસ.) દ્વારા હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

સુડોકુ નં.૪૦

4			3		8			5
		7				1		
9	3						4	6
1	2		6		5		8	3
6	8		4		1		2	7
7	9						6	2
		1				7		
8			7		6			9

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૩૯નો ઉકેલ

5	4	1	7	2	6	9	8	3
8	3	6	5	9	1	4	7	2
2	7	9	8	3	4	6	5	1
9	6	2	3	7	8	1	4	5
1	5	3	2	4	9	8	6	7
7	8	4	6	1	5	3	2	9
4	9	7	1	6	2	5	3	8
3	1	5	4	8	7	2	9	6
6	2	8	9	5	3	7	1	4

સોળસુંબા ગ્રા.પં.ની આગામી ચૂંટણીમાં વિકાસના મુદ્દાઓ કેન્દ્રસ્થાને રહેશે

છેલ્લા પાંચ વર્ષના વહીવટી સમયગાળા અને વિકાસકાર્યોની સમીક્ષા વચ્ચે નવી ચૂંટણીની તૈયારીઓ તેજ; ગ્રામજનોમાં પાયાની સુવિધાઓ અને પારદર્શક વહીવટની અપેક્ષા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૬ : ઉમરગામ તાલુકાની સોળસુંબા ગ્રામ પંચાયતની આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ગ્રામ્ય રાજકારણમાં અત્યારથી જ ચર્ચાઓ શરૂ થઈ છે. છેલ્લા પાંચ વર્ષના વહીવટી સમયગાળા દરમિયાન ગ્રામ પંચાયતની કામગીરી, વિકાસનાં આયોજનો અને વિવિધ સુવિધાઓની સ્થિતિ અંગે ગ્રામજનોમાં ચર્ચા જોવા મળી રહી છે. આગામી ચૂંટણીમાં ગામના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપતા મુદ્દાઓ મહત્ત્વના બની રહે તેવી શક્યતા છે.

સોળસુંબા ગામમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગ્રામ પંચાયતના વહીવટ અને આંતરિક રાજકીય સમીકરણોને લઈને સમયાંતરે ચર્ચાઓ થતી રહી છે. આ સમયગાળામાં થયેલા વિકાસકામો, બાકી રહેલી કામગીરી અને ગામની વધતી જરૂરિયાતોની સમીક્ષા આગામી ચૂંટણીમાં મહત્ત્વનો મુદ્દો બની શકે છે. તાલુકાની અન્ય ગ્રામ પંચાયતોમાં હાથ ધરાયેલા વિકાસકાર્યોની સરખામણીએ સોળસુંબામાં થયેલી કામગીરી અંગે પણ ગ્રામજનોમાં ચર્ચા થઈ રહી છે.

ગામના વિકાસ માટે આયોજનબદ્ધ અભિગમની જરૂરિયાત

સોળસુંબા એક વિકસતું ગામ હોવાથી આગામી સમયમાં પાણી, રસ્તા, ગટર, સ્વચ્છતા, સ્ટ્રીટલાઇટ સહિતની પાયાની સુવિધાઓનું સુદૃઢ આયોજન જરૂરી બન્યું છે. ગામના વિવિધ વિસ્તારોમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થાય અને વિકાસનાં કામો સમયસર પૂર્ણ થાય તે માટે ગ્રામ પંચાયત દ્વારા સ્પષ્ટ આયોજન અને અસરકારક અમલીકરણ થાય તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

ચૂંટણી મેદાનમાં નવી પેનલની ચર્ચા

આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગામમાં વિવિધ રાજકીય અને સામાજિક સમીકરણો આકાર લઈ રહ્યાં છે.

શિક્ષિત અને સામાજિક રીતે સક્રિય લોકો દ્વારા પેનલ બનાવી ચૂંટણીમાં ભાગ લેવાની તૈયારીઓ અંગે પણ ચર્ચાઓ થઈ રહી છે. જોકે, ચૂંટણીનું અંતિમ ચિત્ર ઉમેદવારોની સત્તાવાર જાહેરાત અને સ્થાનિક રાજકીય ગતિવિધિઓ બાદ જ સ્પષ્ટ થશે.

મતદારો માટે વિકાસ અને જવાબદારી મહત્ત્વના મુદ્દા

આગામી ચૂંટણીમાં ગ્રામજનો સમક્ષ ગામના ભવિષ્યને ધ્યાનમાં રાખીને યોગ્ય પ્રતિનિધિઓ પસંદ કરવાનો અવસર રહેશે. ઉમેદવારોની કાર્યક્ષમતા, વિકાસલક્ષી અભિગમ, પારદર્શક વહીવટ, જાહેર પ્રશ્નો પ્રત્યેની સંવેદનશીલતા અને ગ્રામજનો સાથેનો સતત સંપર્ક જેવા મુદ્દાઓ મહત્ત્વના બની શકે છે. ગ્રામ પંચાયતની સત્તા એ ગામના વિકાસ અને લોકોની સુખાકારી માટેનું માધ્યમ છે.

ત્યારે આગામી પાંચ વર્ષ માટે ગામના હિતમાં આયોજનબદ્ધ રીતે કામ કરી શકે તેવું નેતૃત્વ મળે તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે. આગામી ચૂંટણીમાં સોળસુંબાના મતદારો કયા મુદ્દાઓને પ્રાધાન્ય આપે છે અને ચૂંટણીનાં પરિણામો ગામના વિકાસની કઈ દિશા નક્કી કરે છે તેના પર સૌની નજર રહેશે.

માંડા ખંડવાઈ ફ.માં નવનિર્મિત આંગણવાડીનું લોકાર્પણ કરાયું

ધારાસભ્ય રમણભાઈ પાટકર દ્વારા લોકાર્પણ સાથે રૂ. ૨ લાખના ખર્ચે પાણીની ટાંકીનું ખાતમુહૂર્ત કરાયું; બાળકોને શિક્ષણ કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૬ : ઉમરગામ તાલુકાના માંડા ગામના ખંડવાઈ ફળિયા ખાતે ગ્રામ્ય સુવિધાઓમાં વધારો કરવાના હેતુથી વિકાસલક્ષી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રૂપિયા ૧૨ લાખના ખર્ચે નિર્માણ પામેલા આંગણવાડીના નવનિર્મિત મકાનનું લોકાર્પણ ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગ્રામજનોને પીવાના પાણીની સુવિધા મળી રહે તે હેતુથી રૂપિયા ૨ લાખના ખર્ચે નિર્માણ થનાર પાણીની ટાંકીનું પણ મહાનુભાવોના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માંડા ગ્રામ પંચાયતનાં સરપંચ સંગીતાબેન, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ વરાઠા, ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડો. નિરવ શાહ, સરઈ ગ્રામ પંચાયતના સરપંચ વાસુભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, કારોબારી અધ્યક્ષ મનીષભાઈ સહિતના આગેવાનો, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન મંચસ્થ મહાનુભાવોના હસ્તે આંગણવાડીના બાળકોને શિક્ષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડીના નવા મકાનથી ભૂલકાંઓને શિક્ષણ અને પોષણની પ્રવૃત્તિઓ માટે વધુ સુવિધાજનક વાતાવરણ મળશે, જ્યારે પાણીની ટાંકીના નિર્માણથી સ્થાનિક ગ્રામજનોને પીવાના પાણીની સુવિધામાં લાભ મળશે.

આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરે ઉપસ્થિત ગ્રામજનોને સંબોધન કરી ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસનાં કામો અને પ્રાથમિક સુવિધાઓના મહત્વ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

વલસાડના શ્રી ભીડભંજન મહાદેવ મંદિરે સાંસદે દર્શન-પૂજન કર્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૬ : વલસાડ ડાંગ જિલ્લા સાંસદ ધવલભાઈ પટેલે આજરોજ વલસાડ શહેરના સુપ્રસિદ્ધ અને આસ્થાના કેન્દ્ર સમાન શ્રી ભીડભંજન મહાદેવ મંદિર માં ભક્તિભાવપૂર્વક દેવાધિદેવ મહાદેવના દર્શન અને પૂજન-અર્ચન કરવામાં આવ્યા હતા. આ પવિત્ર અવસરે મંદિરના પૂજ્ય શિવજી મહારાજની શુભેચ્છા મુલાકાત લઈ તેમના દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. વલસાડ સાંસદની આ મુલાકાત દરમિયાન મંદિરના કર્તાહર્તા શિવજી મહારાજ સાથે આધ્યાત્મિક, સામાજિક અને જનસેવાના વિવિધ કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વિશેષ કરીને, હાલમાં ચાલી રહેલા મતદાર યાદી ખાસ સઘન સુધારણા (SIR) અભિયાન અંતર્ગત વધુમાં વધુ નાગરિકોમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ આવે અને મતદાર યાદીમાં નામ નોંધણી તથા સુધારણાની કામગીરી વેગવંતી બને તે વિષય પર સાર્થક સંવાદ થયો હતો. આ તકે સાંસદે જણાવ્યું કે સંતો-મહંતોના આશીર્વાદ અને તેમનું માર્ગદર્શન હંમેશા સમાજ ઉત્થાન અને જનકલ્યાણના કાર્યો કરવા માટે નવી પ્રેરણા અને ઊર્જા પૂરી પાડે છે.

બીનવાડામાં ૧૯મો પુસ્તક પરિચય મણકો યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નાના પોંઢા, તા. ૨૬ : બીનવાડામાં પુસ્તકપ્રેમીઓનો ૧૯મો પુસ્તક પરિચય મણકો યોજાયો હતો.

કાર્યક્રમમાં બાળવાચક હાર્વી રોહિતે સ્વરચિત કવિતા રજૂ કરી જ્યારે કેયુર રોહિતે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની અમર મહાનવલકથા ગોરાનો જ્યારે ટીના પટેલે નવીન વિભાકર લિખિત બેનઝિર ભુટ્ટો તો અંગેની ડોક્યુ-નવલની હૃદયસ્પર્શી રજૂઆત કરી હતી. બાળવાચક આરુષ જોષીએ જેરોનિમો સ્ટિલ્ટન સીરીઝની રહસ્યમય વાર્તા ધ થર્ટીન ઘોસ્ટ્સના અનોખા પાત્રો અને કલ્પનાશીલ દુનિયાની વાત કરી હતી. સાથોસાથ તેણે સુધા મૂર્તિના પુસ્તકમાંથી હાઉ ધ મંગોઝ ગોટ મેજિક વાર્તા રજૂ કરીહતી. દીપકભાઈ મર્ચન્ટે જાણીતા લેખક પાઉલો કોએલોના આધ્યાત્મિક અને દાર્શનિક પુસ્તક મેન્યુઅલ ઓફ ધ વોરિયર ઓફ લાઇટનો સુંદર પરિચય કરાવ્યો હતો. સુનીલભાઈ પટેલે પ્રસાદ કારવાના જસ્ટ લિવ અ લિટલ પુસ્તક અંગે જણાવ્યું હતું. કાર્યક્રમના અંતિમ ચરણમાં કેનેડાથી પધારેલા નિયમિત બ્લોગર ધ્રુવી ગોહિલે ખાસ હાજરી આપી પોતાના વિદેશના અનુભવો વહેંચ્યા હતા ડૉ. આશા ગોહિલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

પારડી સ્વયંસેવક સંઘના પ્રમુખના નિધનથી ગામમાં શોક

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૬ : પારડી રાણા સમાજના સભ્ય અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પારડીના પ્રમુખ મનિષકુમાર મોહનભાઈ રાણા, ઉંમર ૪૭ અચાનક અવસાન પામતા પારડી પંથકમાં છવાઈ ગયો છે મનીષભાઈ કે જેવો આરએસએસમાં રહી સમાજની સેવા કરી રહ્યા હતા એમના ઉત્કર્ષ કામગીરી માટે અમને આરએસએસ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા આજે ૨૬.૧૧.૨૦૨૬, ગુરુવારે અચાનક એમના નિવાસ સ્થાન મોદી સ્ટ્રીટ પારડી મુકામે એમનો અવસાન થયો હતો તેઓ બીમાર હતા એમની અંતિમયાત્રા



આજરોજ સવારે ૧૦:૩૦ કલાકે એમનાં નિવાસ્થાન મોદી સ્ટ્રીટ,કિલ્લા પારડી ખાતે થી નીકળી હતી એમની અંતિમયાત્રામાં રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે પારડી રાણા સમાજના અગ્રણીઓ કાર્યકર્તાઓ અને નગરજનો એમના સગા સંબંધીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અચાનક યુવાનીમાં જ સેવાભાવી મનીષભાઈ નો આવસાન થતા પારડી પંથકમાં ભારે શોક છવાઈ ગયો છે વિશાળ સંખ્યામાં લોકો આવીને એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને એમની અંતિમયાત્રામાં જોડાયા હતા તેઓ લાંબા સમયથી આરએસએસમાં સક્રિય રીતે કામ કરી રહ્યા હતા અને રાણા સમાજમાં પણ સક્રિય રીતે કામ કરી સમાજની સેવા કરી રહ્યા હતા એમના અવસાન થી દરેક સમાજમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

વાપી વિપ્ર કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ કાર્યાલયમાં હરિઓમ મહારાજનું સ્વાગત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૬ : વાપી ખાતે આવેલા વિપ્ર કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યાલયે પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ ચક્રવર્તી યજ્ઞ સમ્રાટ પીઠાધીશ્વર શ્રી હરિઓમ મહારાજજીનું શુભ આગમન થયું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ રાકેશ તિવારીના નેતૃત્વ હેઠળ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓ દ્વારા મહારાજજીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ મહારાજજીના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના રાષ્ટ્રીય આશ્રયદાતા રાકેશ ત્રિપાઠી, ઉપપ્રમુખ સંતોષ પાંડે, ખજાનચી સંતોષ પાંડે, સચિવ વેદ પ્રકાશ શુક્લા સહિત ટ્રસ્ટના અન્ય પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ તેમજ સમાજના અનેક અગ્રણીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉમરગામમાં સંવિધાન દિવસે બાબા સાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

ધારાસભ્ય રમણભાઈ પાટકર, નગરપાલિકા પ્રમુખ ખુશબુબેન જાદવ સહિતના અગ્રણીઓએ સંવિધાનના ઘડવૈયા બાબા સાહેબના યોગદાનને યાદ કર્યું; મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૬ : દેશભરમાં ૨૬ નવેમ્બરના રોજ ઉજવાતા સંવિધાન દિવસની ઉમરગામમાં પણ ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી. ઉમરગામના ગાંધીવાડી વોર્ડ નંબર-૬ ખાતે ડો. બાબા સાહેબ આંબેડકરની -તિમાને પુષ્પહાર અર્પણ કરી તેમના મહાન યોગદાનને ભાવપૂર્વક યાદ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, ઉમરગામ નગરપાલિકાનાં પ્રમુખ ખુશ્બુબેન જાદવ, ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા, મહામંત્રી મનોજભાઈ ઝા સહિતના આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમને વંદન કર્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરે સૌને સંવિધાન દિવસની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, ભારતીય સંવિધાન દેશના લોકતંત્રનો મજબૂત પાયો છે. નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવે જણાવ્યું હતું કે, ડો. બાબા સાહેબ આંબેડકર ભારતીય સંવિધાનના મુખ્ય ઘડવૈયા તરીકે દેશના ઈતિહાસમાં અમર સ્થાન ધરાવે છે. તેમણે સંવિધાનની રચનામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવીને વિશ્વના સૌથી મોટા લોકતંત્રને મજબૂત આધાર આપ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનોએ પણ સંવિધાનના મહત્ત્વ અને લોકશાહી મૂલ્યોને જાળવી રાખવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બાબા સાહેબ આંબેડકરના વિચારો અને રાષ્ટ્રનિર્માણમાં તેમના અમૂલ્ય યોગદાનને યાદ કરી તેમને ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં નગરજનોની ઉપસ્થિતિએ સંવિધાન દિવસની ઉજવણીને વિશેષ ગૌરવપૂર્ણ બનાવી હતી.

દુણેઠા સ્થિત જગન્નાથ મંદિરે દેવ દિવાળીની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા.૨૬ : કાર્તિક પૂર્ણિમા અને દેવ દિવાળીના શુભ અવસર પર, શ્રી જગન્નાથ મંદિર સેવા સંસ્થાન દ્વારા દમણના દુનેથા સ્થિત શ્રી જગન્નાથ મંદિર ખાતે ભવ્ય અને દિવ્ય દેવ દિવાળી સન્માન સમારોહ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, મંદિર પરિસરમાં હજારો દીવા અને એક મહાદીપ પ્રગટાવવામાં આવ્યો હતો, જેનાથી સમગ્ર મંદિર સંકુલ દીવાઓના પ્રકાશથી પ્રકાશિત થયું હતું. કાર્યક્રમની શરૂઆત ધાર્મિક પૂજા, મહા આરતી અને દીવા પ્રગટાવીને કરવામાં આવી હતી. ભગવાન જગન્નાથને ૫૬ પ્રસાદ અને ૧૦ મહા ભોગ પ્રસાદ ચઢાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ભગવાન જગન્નાથ અને ચંદ્ર આરતી, સાંસ્કૃતિક કાર્યક્રમો, ભજન અને કીર્તન અને સન્માન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આઈપીએસ અધિકારી અને એસડીપીઓ ઓફ પોલીસ આદર્શ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પવિત્ર મંત્રોના જાપ વચ્ચે આરતી કરવામાં આવી હતી, અને ભક્તોએ દીવા ચઢાવીને સુખ અને



સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

સમારોહમાં, બાળકો અને મહિલાઓ, શ્રેષ્ઠ રસોઈયાઓ અને ઉત્કૃષ્ટ રથ કારીગરોને પુરસ્કારો, પ્રશંસાપત્રો અને વસ્ત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુમાં, મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન ઐતિહાસિક દેવદાસી નૃત્ય (મહારી નૃત્ય) રજૂ કરનારા ૨૫ નર્તકો અને સંસ્થાના સમર્પિત ભક્તોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં તેમની કલા અને સેવાની ભાવનાની પ્રશંસા કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ અંજલિ નંદાએ જણાવ્યું હતું કે દેવ દિવાળી માત્ર એક તહેવાર નથી, પરંતુ શાશ્વત શ્રદ્ધા, ભક્તિ અને પૃથ્વી પર દેવતાઓના આગમનનો ઉત્સવ છે.



ડાંગમાં આહવા ખાતે આવેલા પ્રયોશા જિલ્લા સમુદાય વિજ્ઞાન કેન્દ્ર ખાતે તાજેતરમાં ટેલિસ્કોપ દ્વારા ચંદ્ર, ગુરુ તથા મંગળ ગ્રહો અને સિંહ રાશિમાં આવેલા મઘા નક્ષત્રના કંઝકશનને દર્શાવવામાં આવ્યું હતું. વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડિનેટર રતિલાલ સૂર્યવંશીએ આ દરમ્યાન વિશેષ માહિતી પુરી પાડી હતી.

દમણની શાળામાં સંવિધાન દિવસ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૨૬ : વિદ્યાર્થીઓમાં ભારતીય સંવિધાન પ્રત્યે જાગૃતિ કેળવવા, નાગરિક ફરજો અંગે સમજણ વિકસાવવા અને લોકશાહી મૂલ્યો પ્રત્યે આદરની ભાવના મજબૂત કરવાના હેતુસર ભારતીય સંવિધાન દિવસે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન સૌએ સમૂહમાં ભારતીય સંવિધાનના શપથ ગ્રહણ કરી બંધારણનાં મૂલ્યો અને આદર્શોનું પાલન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.



કાર્યક્રમમાં શાળાનાં સિનિયર શિક્ષિકા પ્રમીલાબેન સોલંકીએ ભારતીય સંવિધાનનાં વિવિધ મૂલ્યો, નાગરિક અધિકારો અને ફરજો તેમજ દૈનિક જીવનમાં બંધારણની ઉપયોગિતા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ કુમારી વ્રિન્દાબેન હળપતિ અને કુમારી ખુશીબેન હળપતિએ સંવિધાન દિવસના મહત્ત્વને ઉજાગર કરતી સુંદર અને માહિતીસભર રજૂઆત કરી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ભારતીય સંવિધાન પ્રત્યે જાગૃતિ કેળવવા, નાગરિક ફરજો અંગે સમજણ વિકસાવવા અને લોકશાહી મૂલ્યો પ્રત્યે આદરની ભાવના મજબૂત કરવાનો હતો.

સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને એક જવાબદાર અને જાગૃત નાગરિક તરીકે દેશના વિકાસમાં યોગદાન આપવા પ્રેરણા મળી હતી.

દમણના બે વિદ્યાર્થીઓએ નવી દિલ્હીમાં યુવા પાર્લામેન્ટમાં પ્રદેશનું પ્રતિનિધિત્વ કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૨૬ : પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં યુવા શક્તિની ભાગીદારીને પ્રોત્સાહન આપવા નવી દિલ્હીમાં ૨૪થી ૨૬ નવેમ્બર દરમિયાન 'વિકસિત ભારત નેશનલ યુથ પાર્લામેન્ટ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. Times Foundation The Times of India દ્વારા આયોજિત આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં દમણના બે વિદ્યાર્થીઓએ ભાગ લઈને પ્રદેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. કાર્યક્રમની થીમ સમવેત ભારત - Moving Together as One Bharat રાખવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં રાષ્ટ્રીય એકતા, લોકશાહી મૂલ્યો,



નેતૃત્વ ક્ષમતા અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવાની સાથે વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં દમણના આકાશ અર્જુન પાસવાન (BCA, જૈન યુનિવર્સિટી, બેંગલુરુ) અને સુષ્મા સુનિલ પ્રજાપતિ (દિવ્ય જ્યોતિ સ્કૂલ, ડાભેલ, દમણ)એ ભાગ લીધો હતો.

આ પ્રસંગે ઉર્વશીબેન પટેલે બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે આજના યુવાનો આવતીકાલના વિકસિત ભારતના શિલ્પી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં યુવા શક્તિને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવવા સતત નેત્સાહન આપવામાં આવી રહ્યું છે. નેશનલ યુથ પાર્લામેન્ટ જેવા મંચ યુવાનોને પોતાની વિચારશક્તિ, વક્તૃત્વ કૌશલ્ય અને નેતૃત્વ ક્ષમતા પ્રદર્શિત કરવાની ઉત્તમ તક પૂરી પાડે છે.

વોયેજર-૧ નો સંદેશો : ધરતીનો છેડો તો ઘર જ

તા. ૧૮ નવેમ્બર ૨૦૨૬ને સવારે ૫: ૧૬ ઈએસટીના સુમારે અને ભારતીય સમય પ્રમાણે બપોરે ૩ : ૪૬ કલાકે અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસાએ એના એકસ હેન્ડલ પર ટ્વીટ કર્યું-'વોયેજર-૧ સ્પેસક્રાફ્ટ હેઝ રીચ્ડએ ડિસ્ટન્સ ઓફ વન લાઈટ ડે ફોર્મ અર્થ' મતલબ કે તા. ૭ સપ્ટેમ્બર, ૧૯૭૭ ના રોજ પૃથ્વી પરથી રવાના થયેલું વોયેજર -૧ અવકાશયાન બરાબર ૪૯ વર્ષ ૨ મહિના અને ૧૧ દિવસની નોન સ્ટોપ મુસાફરી કરીને પૃથ્વીથી પ્રકાશને સેકન્ડ ના લગભગ ત્રણ લાખ કિલોમીટરની ઝડપે પણ જ્યાં પહોંચતા ૨૪ કલાક થઈ જાય એટલા અંતરે ના પડાવે પહોંચી ચૂક્યું છે. કિલોમીટરમાં આ અંતર જોઈએ તો એ લગભગ ૨૬ અબજ કિલોમીટર થવા જાય. માનવજાતના ઇતિહાસમાં અત્યાર સુધીમાં કોઈપણ માનવનિર્મિત વસ્તુ અવકાશમાં આટલાં તોતિંગ અંતર સુધી સલામત રીતે પહોંચી હોય એવું પ્રથમવાર બન્યું છે .જે માનવીની આસીમ જિજ્ઞાસા, કલ્પનાશક્તિ, સાહસ અને વૈજ્ઞાનિક સામર્થ્યનું પ્રતીક પણ બન્યું છે. નાસાએ આ ઐતિહાસિક ઘડીને ઉજવવા માટે વોયેજર માટેના મોર્સકોડ જેવા વી.જી.આર. સંકેતમાં મોબાઈલની લાઈટ ભલે યાન સુધી ન પહોંચે તો પણ એ લાઈટ ચોક્કસ ઢબે ઓન-ઓફ કરી વોયેજર-૧નું અભિવાદન કરવાના કાર્યક્રમો જાહેર કર્યા હતાં. વોયેજર-૧થી થોડા જ દિવસના અંતરે નાસાએ છોડેલું એના જોડીયા ભાઈ જેવું બીજું અવકાશયાન વોયેજર -૨ પણ ઈ.સ. ૨૦૩૫ માં આ માઈલસ્ટોન સ્થાપિત કરશે. વોયેજર -૧, માર્ચ -૧૯૭૯ માં સૂર્યમંડળના સૌથી વિરાટ ગ્રહ ગુરુ અને પછી ઓગસ્ટ-૧૯૮૦માં શનિ સુધી પહોંચ્યું. સાથે એણે શનિના ગ્રહ ટિટાનની પણ મુલાકાત લીધી અને પોતાનું કામ પૂર્ણ કરી પછી સૂર્યમંડળના સમતલના સંદર્ભમાં સૂર્યમંડળ છોડવા તરફ આગળ વધી ગયું. આ નાસાનું ગણતરી પૂર્વકનું સાહસ હતું. એ જ્યારે સૂર્યમંડળ છોડવાનું હતું ત્યારે તા. ૧૪ ફેબ્રુઆરી ૧૯૮૦ના દિને વિખ્યાત અમેરિકન ખગોળશાસ્ત્રી કાર્લ સાગનની ઈચ્છા અને પ્રયત્ન મુજબ એણે પોતાના કેમેરા છેલ્લી વાર સૂર્યમંડળ તરફ કહો કે પૃથ્વી તરફ તાક્યા અને ફેમિલી ફોટોગ્રાફ લીધાં. એ પૈકીનો એક ફોટોગ્રાફ 'પેલ બ્લુ ડોટ' વિશ્વવિખ્યાત થયો અને વોયેજર યાનોના વૈજ્ઞાનિક પ્રદાન કે વોયેજર-૧ ની એક પ્રકાશ દિવસ સુધી પહોંચવાની સિદ્ધિ ઉપરાંત માનવજાત માટેનો સંદેશો ગણો તો એણે એ મૂલ્યવાન સંદેશો આપ્યો કે, જેમ આપણે કહીએ છીએ કે ધરતીનો છેડો ઘર એમ આ બ્રહ્માંડમાં તમે ગમે ત્યાં જાઓ, ગમે એટલાં આગળ વધો પણ અંતે આપણી દુનિયાનો છેડો તો આપણું ઘર પૃથ્વી જ છે. આ સંદેશાનો વૈજ્ઞાનિક, આધ્યાત્મિક, ધાર્મિક કે વાસ્તવિક જે અર્થ કરવો હોય એ કરો પણ આ એક મહાનતમ સંદેશ છે જે વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી જ વોયેજર-૧ યાને માનવજાતને આપ્યો છે. ઓગસ્ટ-૨૦૧૨માં વોયેજર-૧ હેલિયોપોઝને પાર કરીને આંતરતારાકીય અવકાશમાં પ્રવેશી ગયું. એ રીતે વોયેજર-૨ યાન પણ ઈ.સ. ૧૯૭૯માં ગુરુ, ઓગસ્ટ-૧૯૭૯ના શનિ, જાન્યુઆરી-૧૯૮૬માં યુરેનસ અને ઓગસ્ટ-૧૯૮૯માં નેપચ્યુનનો ભવ્ય કલોઝઅપ અને રોમાંચિત કરી નાખે એવી તસવીરો અને સામગ્રીઓનો ખડકલો કરી નવેમ્બર-૨૦૧૮માં હિલિયોપોઝને પાર કરી ગયું. હવે આ યાનો હવે અવકાશમાં સૂર્યથી દૂર જઈ રહ્યાં છે. જયારે વોયેજર-૧ યાન એક પ્રકાશ દિવસના અંતરને પાર કરી ગયું છે ત્યારે હવે આગળ શું ? પણ અવકાશ વિજ્ઞાનીઓને હજુ એમાં રસ છે જ. હેલિયોપોઝથી દૂર આંતરતારાકીય અવકાશમાં એ જેમ જેમ દૂર જતું જાય છે તેમ તેમ અવકાશમાં પ્લાઝમા અને ચાર્જ્ડ પાર્ટીકલ્સનું પ્રમાણ અને અસર કેવાં બદલાય છે એ જોવામાં, ઊંડા ઠંડાગાર અવકાશમાં એના ઈલેકટ્રોનિકસ અને એન્જીનિયરીંગ કેમ વર્તે છે, ચુંબકિય ક્ષેત્રની અસર, સૂર્યના પ્રભાવ અને એની સીમા વગેરેમાં પણ રસ છે. અવકાશ વિજ્ઞાનીઓ આ યાનોમાં એનું ઈંધણ હશે ત્યાં સુધી ડીપ સ્પેસ નેટવર્કથી સંપર્ક રાખવા અને માહિતી મેળવવા માંગે છે. આ પ્રકારના અવકાશ સંશોધનની તક જયારે યાન રવાના થયા ત્યારે તેમણે રાખી ન હતી. આવતાં વર્ષે આ બંને યાનો



એમના સુવર્ણજયંતિ વર્ષમાં પ્રવેશ કરશે. એ પણ નોંધવા જેવું છે. વધુમાં આ યાનો અંગે રસપ્રદ બાબત એ પણ છે કે, હવે આ યાનોનું સંચાલન એને પ્રક્ષેપિત કરનારી પેઢી નહીં પણ ત્યારપછીની નવી પેઢી કરી રહી છે. એના પણ આ યાન સાથેના પોતાના અનુભવો જોડાયા છે. આ યાનો અંતરિક્ષમાં અવકાશયાનો કેમ સંચાલિત કરવા, એમાં કેવી ટેકનોલોજી જોઈએ કે એને નવી-જૂની ટેકનોલોજીથી કેમ સંભાળવાથી લઈને સંદેશા વ્યવહાર, કમ્પ્યુટરોના સોફ્ટવેરમાં અપગ્રેડેશન જેવા વિશિષ્ટ અનુભવો પુરા પાડયાં છે. જે ભવિષ્યના અવકાશ અભિયાનોમાં પણ મદદરૂપ નિવડી રહ્યાં છે. હાલમાં વોયેજર-૧ ની જ વાત કરીએ તો એમાં આંતરતારાકીય ક્ષેત્રમાં ચુંબકિય ક્ષેત્રનું માપન કરતું સાધન મેગ્નેટોમીટર, પ્લાઝમાની સ્થિતિ દર્શાવતું પીડબલ્યુએસ, તથા ઊંડા આકાશમાંથી ડિસ્ક્રીટ લો મોકલતું રેડિયો ટ્રાન્સમીટર સક્રિય સ્થિતિમાં છે. જયારે વોયેજર-૧ના કેમેરા ઈ.સ. ૧૯૯૦માં, અલ્ટ્રાવાયોલેટ સ્પેક્ટ્રોમીટર ૨૦૧૬માં, કોસ્મીક રે સબસિસ્ટમ ૨૦૨૫માં અને લો એનર્જી ચાર્જ પાર્ટીકલ્સનું એકમ ૨૦૨૬માં વૈજ્ઞાનિકો બંધ કરી ચૂકયા છે. અલબત્ત, વોયેજર-૧ અને વોયેજર-૨ બંને યાનો પર ૧૨ ઈંચની ગોલ્ડ પ્લેટેડ તાંબાની ટાઈમ કેપ્સ્યુલ જેવી ડિસ્ક હજારો વર્ષો સુધી ટકી રહે એ રીતે સાબૂત સ્થિતિમાં છે. વોયેજર-૧ અને ૨ બંને યાનો ૫૦ વર્ષ જૂની ટેકનોલોજીથી બન્યા હતાં અને એમણે એમની ક્ષમતા ગુરુ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુન જેવા મંગળની કક્ષા બહારના ગેસ જાયન્ટસ તથા આઈસ જાયન્ટસ કહેવાતાં ગ્રહો અને આપણાં સૂર્યમંડળ વિશેના જ્ઞાનમાં જબરદસ્ત, ક્રાંતિકારી વધારો કર્યો છે. એના સંશોધનો વિશે ઘણું લખાતું રહ્યું છે એટલે એના પુનઃરાવર્તનમાં જવુ નથી પરંતુ જયારે વોયેજર-૧ યાને અવકાશ વિજ્ઞાન અને માનવજાતના ઈતિહાસમાં એક નવું સીમાચિન્હ સજર્યું છે ત્યારે આપણાં ભારતના સંદર્ભમાં પણ તેની થોડી વાત જાણી લેવી જોઈએ. જેમાં પ્રથમ તો એ કે આ બંને યાનો સાથે કાર્લ સાગનના નેતૃત્વમાં એમની ટીમે જે ટાઈમ કેપ્સ્યુલ જેવી ડિસ્ક મોકલવામાં આવી છે એમાં ભારતની પણ હાજરી છે. આ રેકોર્ડમાં ૧૧૫ તસવીરો, ૫૫ ભાષામાં અભિવાદનના સંદેશા, હવા, વરસાદ, પંખીઓનો કલરવ વગેરેનો અહેસાસ કરાવતાં રેકોર્ડિંગ, વિશ્વના સંગીતના ૨૭ જેટલાં નમૂનાઓનું ૯૦ મીનીટ જેટલું લાંબું રેકોર્ડિંગ વગેરે સમાવાયેલું છે. એમાં ભારતની હિન્દી, ઉર્દુ, બંગાળી, ગુજરાતી, કન્નડ, મરાઠી, ઓડિયા, પંજાબી, રાજસ્થાની અને તેલુગુ જેવી ભાષાઓમાં અભિવાદન સંદેશાઓ અને સદાસુહાગન ગણાતાં ભૈરવી રાગમાં ગોવાના જાણીતા હિન્દુસ્તાની શાસ્ત્રીય ગાયિકા પદ્મવિભુષણ કેસરબાઈ કરકરના સ્વરમાં 'જાત કહાં હો...' ગીતનો પણ સમાવેશ કરાયેલો છે. અલબત્ત આ વિશાળ બ્રહ્માંડમાં હાલ તો દૂર દૂર સુધી કોઈ એવી સભ્યતાના અણસાર સુધ્ધા નથી છતાં ભવિષ્યમાં કોઈ ઉન્નત સભ્યતા આ રેકોર્ડને ઉકેલી શકે તો એને ભારતની સભ્યતા પણ જાણવા મળશે. બીજી મહત્વની વાત ખગોળ વિષયક સંશોધનને લગતી જ છે. વોયેજર-૨ યાન જયારે ૧૯૮૬માં યુરેનસ ગ્રહ પાસે પહોચ્યું ત્યારે એણે મુંબઈના નહેરુ પ્લેનેટેરિયમમાં ફરજ બજાવતાં યુવા ખગોળશાસ્ત્રી ડો. જે.જે. રાવલના ઈ.સ. ૧૯૭૭ના એક સંશોધનપત્રમાં કરેલી આગાહી મુજબ સાચે જ વલય શોધી કાઢયુ હતું. આ વલયની નોંધ ભારતના જાણીતા ખગોળશાસ્ત્રી ડો. જે.સી. ભટ્ટાચાર્ય અને તેમના સહયોગીઓએ પણ ભારત સ્થિત ટેલિસ્કોપથી કરી લીધી હતી. પણ તેઓ એને યુરેનસના ઉપગ્રહ માની બેઠા હતાં. એ રીતે વોયેજર-૨ જયારે ઈ.સ. ૧૯૮૯માં નેપચ્યુન પાસે પહોચ્યું ત્યારે પણ એણે ડો. જે.જે. રાવલના સંશોધનમાં દર્શાવેલા અંતરે વલયો જોયા હતાં. આ વલયો અને ન શોધાયેલા ઉપગ્રહો ત્યાં હોવાની આગાહી એમણે ઈ.સ. ૧૯૮૦ના અને ઈ.સ. ૧૯૮૫ના સંશોધનપત્રોમાં પ્રકાશિત કરી હતી. જોવા જેવું એ છે કે તેમના આ સંશોધનને સમર્થન આપે એવા અવલોકનો અમેરિકા અને ઓસ્ટ્રેલિયાના ખગોળશાસ્ત્રીઓએ વોયેજર-૨ પહોચ્યું એ પહેલાં કર્યા હતાં. પણ એને પ્રસિદ્ધિ મળી ન હતી. એટલે કે નેપચ્યુનના વલયોની શોધ વોયેજર-૨ પ્રત્યક્ષ રીતે કરે એ પહેલાં જ ભારતના ખગોળશાસ્ત્રીઓને એ જાણ થઈ ચુકી હતી. જો કે ડો. જે. જે. રાવલ તેમના પ્લેનેટરી સાયન્સના ક્ષેત્રમાં સંશોધનો માટે આજે વિશ્વમાં એક ખુબ જ સન્માનિત નામ છે અને એમના સૂર્યમંડળ અંગેના સંશોધનોની વિશ્વસનિયતા એટલી પ્રસ્થાપિત થયેલી છે કે વિદેશના ખગોળશાસ્ત્રીઓ કે સાયન્સ જર્નલના તંત્રીઓ પણ કહે છે કે ડો. રાવલ મુંબઈમાં કાગળ પેન્સિલથી પોતાના સંશોધનો કરે અને નાસા એ સાબિત કરવા અબજોના ખર્ચે અવકાશ યાનો છોડે છે. પણ વિધાતાનું કરવું કે કોઈ કર્મચારીની બેદરકારીના કારણે તેમનું આ સંશોધનપત્ર જે 'ધી ઓબ્જર્વેટરી' નામના રિસર્ચ જર્નલમાં પ્રકાશિત કરવા મોકલવાનું હતું એ પહોંચ્યું જ નહીં. પછી એ સંશોધનપત્ર ડો. અરવિંદ ભટનાગરે ભારતમાં જ બુલેટીન ઓફ એસ્ટ્રોનોમીકલ સોસાયટી ઓફ ઈન્ડિયામાં પ્રકાશિત કરાવ્યું હતું. પણ નોંધવા જેવો મુદ્દો એ છે કે વોયેજર- ૨ એ યુરેનસ અને નેપચ્યુન જેવા ગ્રહોની વલયમાળા અને શોધાયેલા ઉપગ્રહોની તસવીરો મોકલી એની ગવાહી કરી તે પહેલાં જ ડો. જે.જે. રાવલના સંશોધનો વૈજ્ઞાનિક સમુદાયની જાણમાં હોવા છતાં ભલે યુરેનસ અને નેપચ્યુનના વલયો કે ઉપગ્રહોની શોધનો દાવો નહીં કરી શકાય પણ એમને એ માટે જોઈએ એવી ક્રેડીટ અપાતી આપણે ત્યાં આજે પણ જોવા મળતી નથી. એ કમનસીબી ગણાવી જોઈએ.

ડૉ.જે.જે.રાવલની પ્લૂટોની પેલે પાર વામન ગ્રહની આગાહી સાચી પડી

ચિલીની ઓબ્ઝર્વેટરીના શક્તિશાળી ટેલિસ્કોપમાં ૪૬ એયુ દૂર ડ્વાર્ફપ્લેનેટ દેખાયો

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી



હાર્વર્ડ અને સ્મિથસોનિયન સેન્ટર ફોર એસ્ટ્રોફિઝિક્સના ખગોળ ભૌતિકશાસ્ત્રી ડૉ. મેથ્યુ હોલમેન દ્વારા પ્લૂટોની પેલે પાર આશરે ૪૬ એયુના અંતરે ૨૦૨૬ ઈડીબીટ નામના એક વામન ગ્રહ (ડ્વાર્ફ પ્લેનેટ)ની શોધ કરવામાં આવી છે. ખગોળશાસ્ત્રમાં અંતર માપવા માટે મીટર, કિલોમીટર કે માઈલને બદલે એસ્ટ્રોનોમિકલ યુનિટ (એયુ)નો ઉપયોગ કરવામાં આવે છે. એક એયુ એટલે પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું સરેરાશ અંતર, જે આશરે ૧૫ કરોડ કિલોમીટર થાય છે. વામન ગ્રહની આ શોધ ચિલીની વેરા રૂબિન ઓબ્ઝર્વેટરીના શક્તિશાળી ટેલિસ્કોપ દ્વારા કરવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, ભારતના જાણીતા ખગોળભૌતિક શાસ્ત્રી ડૉ. જે. જે. રાવલે આ ખગોળીય પિંડના અસ્તિત્વની સૈદ્ધાંતિક શોધ અને આગાહી ૧૯૭૦ના દાયકામાં કરી હતી. આ વિષયે એમનો સંશોધનપત્ર વર્ષ ૧૯૭૮માં આંતરરાષ્ટ્રીય સંશોધન સામયિક બુલેટિન ઓફ ધ એસ્ટ્રોનોમિકલ સોસાયટી ઓફ ઈન્ડિયામાં પ્રકાશિત થયો હતો. એ સમયે આ સામયિકના સંપાદક તાતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ (ટીઆઈએફઆર)ના વિશ્વવિખ્યાત ખગોળ ભૌતિકશાસ્ત્રી પ્રોફેસર એમ. એસ. વર્ધ હતા.હાલમાં ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટીના અધ્યક્ષ અને નેહરુ પ્લેનેટોરિયમના પૂર્વ સંશોધન ડિરેક્ટર ડૉ. રાવલે આ સંશોધન ટીઆઈએફઆરના વિશ્વવિખ્યાત ખગોળ ભૌતિકશાસ્ત્રી પ્રોફેસર જે. વી. નારલીકર અને ઉદયપુર સોલર ઓબ્ઝર્વેટરીના ડૉ. અરવિંદ ભટનાગરના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. ડૉ. રાવલના સંશોધનમાં આ ખગોળીય પિંડનું સરેરાશ અંતર ૫૨.૧ એયુ દર્શાવવામાં આવ્યું હતું અને ગ્રહોની કક્ષાઓ લંબગોળાકાર (એલિપ્ટિકલ) હોવાનું પણ સૂચવવામાં આવ્યું હતું.

મધ્યપ્રદેશમાં બે ગુજરાતીઓ એસ્ટ્રોવિલેજ તૈયાર કરી રહ્યાં છે







સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

દેશ-વિદેશ કે પ્રદેશ હોય દરેક વિસ્તારમાં પ્રવાસનનું અનોખું મહત્વ રહેલું હોય છે. એના ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વના સ્થળો કે કુદરતી સૌંદર્ય દરિયા કિનારા અને હિલસ્ટેશન કે વનવિસ્તારો પ્રવાસન દ્વારા આર્થિક વિકાસને પણ વેગ આપે છે અને સામાજિક, સાંસ્કૃતિક તથા ઐતિહાસિક રીતે પણ ઉપયોગી નીવડે છે. હવે પ્રવાસનના અન્ય નવા ક્ષેત્રોનો પણ ઉઘાડ થતો જાય છે. આપણે ત્યાં ઈકો ટુરીઝમ અને હવે એસ્ટ્રો ટુરીઝમના પણ રસ્તા ખુલ્યા છે. ખાસ કરીને લદ્દાખ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ કે તમિલનાડુ જેવા રાજ્યોમાં એસ્ટ્રોટોરીઝમ કાઠું કાઢી રહ્યું છે. રાજસ્થાન અને મહારાષ્ટ્ર પણ એ રસ્તે છે. ગુજરાતમાં જોકે હજુ સુધી એવા કોઈ ગંભીર પ્રયાસો જોવા મળતા નથી ત્યારે આપણા પાડોશી રાજય મધ્યપ્રદેશમાં ત્યાંના પ્રવાસન વિભાગ દ્વારા છ જેટલા સ્થળો ને પસંદ કરી, એને એસ્ટ્રો વિલેજ તરીકે વિકસાવવાનું શરૂ થઈ ચૂક્યું છે. આ માટે જે તે મહત્વના પ્રવાસ સ્થળોની આસપાસમાં આવેલા હોય એ ગામોની પસંદગી કરવામાં આવી છે. આ પસંદગી એટલા માટે કે, પ્રવાસીઓ દિવસ દરમિયાન આસપાસના પ્રવાસ સ્થળોની મુલાકાત લઈ શકે અને રાત્રે ગ્રામ્ય વિસ્તારમાં આકાશ નીચે તારાઓની મહેફિલ માણી શકે. ગ્રહો, નક્ષત્રો, તારામંડળો અને આકાશગંગાને નિહાળી શકે. આકાશનો આ વૈભવ તેમને શહેરોમાં તો માણવા મળતો જ નથી. એ રીતે દામોહમાં રીચકુડી, પંચકોષી પરિક્રમાના માર્ગ પર રાનીરૂપમતી અને બાઝ બહાદુરના કિસ્સાથી જાણીતા માંડુ અને ધાર નજીક જ્ઞાનપુરા, છિંદવાડામાં ઘૂંસવાની, જેના તમામ ૭૪ ઘરોમાં માત્ર સૌર ઊર્જાથી જ રસોઈ થાય છે એવા બેતુલના બંચા, બાંધવગઢ અભયારણ્ય નજીકના ઉમરીયાના રાંચા, અને નર્મદાપુરમના ધાબામાં દરેક ગામને લગભગ એકાદ કરોડના ખર્ચે એસ્ટ્રો વિલેજ તરીકે વિકસાવવા માટે ત્યાં ગ્રામીણોને હોમસ્ટે સહિતની સગવડ માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે કે તૈયાર થઈ રહ્યા છે. અને આપણને રસ પડે એવી વાત એ છે કે, આ ગામોને એસ્ટ્રો વિલેજ તરીકે અને એસ્ટ્રોટુરીઝમ માટે તૈયાર કરવાનું કામ ગુજરાતમાં વર્ષોથી જ્ઞાન-વિજ્ઞાન અને ખગોળશાસ્ત્રને લોકપ્રિય કરવાનું કામ કરી રહેલા કચ્છના સ્ટારગેઝિંગ ઈન્ડિયાના નરેન્દ્રભાઈ ગોરની ટીમ અને અમદાવાદની સાયન્સ સિટીમાં જેમની સાયન્સ શોપ છે અને ગુજરાત ભરમાં અંકુર હોબી સેન્ટરથી જાણીતા વિજ્ઞાન સંચારક-લેખક ધનંજયભાઈ રાવલ નામના બે ગુજરાતીઓ કરી રહ્યા છે. તાજેતરમાં માંડુ નજીકમાં ધનંજયભાઈ રાવલ દ્વારા તૈયાર કરાઈ રહેલા એસ્ટ્રોવિલેજ જ્ઞાનપુરામાં આ પ્રવૃત્તિ વિશે જાણકારી મેળવવાની તક નરેન્દ્રભાઈ ગોરના સંપર્ક થકી મળી. વધુમાં જ્ઞાનપુરામાં ગ્રામીણોને ખગોળશાસ્ત્ર અને આકાશદર્શનની સઘન તાલીમ આપી રહેલા કચ્છના સફેદ રણથી પ્રખ્યાત ધોરડોના યુવા ઈન્સ્ટ્રક્ટર રહીમદાદ શેખને ત્યાં મળવાનું થયું. તેઓ જ્ઞાનપૂરામાં જ રહીને ગ્રામીણ યુવક-યુવતીઓને ખગોળશાસ્ત્ર, તથા રાત્રી આકાશમાં ગ્રહ,નક્ષત્રો, તારામંડળો, નિહારિકાઓ, આકાશગંગા વગેરેને ઓળખી ડોબ્સનિયન ટેલિસ્કોપથી લઈને સ્માર્ટ ટેલિસ્કોપના સંચાલન થકી પ્રત્યક્ષ આકાશ દર્શનની તાલીમ આપી રહ્યાં છે. તેમણે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી સહિત અનેકને આકાશ દર્શન પણ કરાવ્યું છે. વધુ આશ્ચર્યની વાત તો એ છે કે, રહીમદાદ શેખ વિજ્ઞાનના સ્નાતક પણ નથી એટલું જ નહીં એક ડ્રોપઆઉટ સ્ટુડન્ટ છે. પણ ખગોળશાસ્ત્રના શોખે એમને આ વિષયના અચ્છા જાણકાર બનાવી દીધા છે.


ધનજય રાવલ, અમદાવાદ


નરેન્દ્ર ગોર, ભુજ

અન્ય રાજ્યમાં ગુજરાતના ખગોળ શોખીનો અને તજજ્ઞોની કામગીરી જોઈ આનંદ અને ગૌરવ થાય એમ છે. જ્ઞાનપુરામાં હોમ સ્ટેની સગવડ પણ કરવામાં આવેલી છે અને ગ્રામિણો એસ્ટ્રો ગાઈડ તરીકે તૈયાર થઈ રહ્યા છે એની ખાતરી એ રીતે પણ થઈ શકી કે એસ્ટ્રોગાઈડની તાલીમાર્થી યુવતીઓ રાત્રે આકાશના તારામંડળો સાથે સંકળાયેલી પૌરાણિક કથાઓ સહિત ખગોળીય પદાર્થો ની વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડી શકે છે. ગામમાં જ લગ્ન પ્રસંગે ફોટોગ્રાફી કરતા એક યુવકને હવે એસ્ટ્રો ફોટોગ્રાફીમાં મહારત હાંસલ થતી જાય છે. આ ટીમ આગળ ઉપર માંડુ નજીકના આ એસ્ટ્રો વિલેજમાં ખગોળ શોખીનો અને પ્રવાસીઓને આકાશ દર્શન કરાવતી હશે અને એ રીતે પૂરક રોજગારી પણ મેળવતી હશે. ગુજરાતમાં પણ ગુજરાત પ્રવાસન નિગમ આ દિશામાં વિચારે તો છે પણ હજુ જ્યાં પ્રમાણમાં કાળું આકાશ બચ્યું છે એવા ગીર, કચ્છ-કાઠીયાવાડ કે પૂર્વ પટ્ટીના જિલ્લાઓમાં ગ્રામીણ વિસ્તારોમાં પસંદગીની જગ્યાએ એસ્ટ્રો ટુરીઝમ માટે એસ્ટ્રો વિલેજ વિકસાવવાનું ક્યારેય સક્રિય રીતે અમલમાં મુકશે?

ભારતીય પ્રો. નીના ગુપ્તાએ ગણિતની ૭૦ વર્ષ સુની સમસ્યા ઉકેલી

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી



ભારતીય ગણિતશાસ્ત્રી પ્રોફેસર નીના ગુપ્તાની હાલ દુનિયાભરમાં ચર્ચામાં છે. તેમણે ગણિતની એવી જટિલ સમસ્યાનો ઉકેલ શોધવામાં મહત્ત્વની સફળતા મેળવી છે, જેનો જવાબ વિશ્વના અગ્રણી ગણિતશાસ્ત્રીઓ લગભગ સાત દાયકાથી શોધી રહ્યા હતા. નીના ગુપ્તાની આ સિદ્ધિને કારણે હવે તેમને TIME મેગેઝિનની ભારતના આગામી ૧૦૦ ઉભરતા પ્રભાવશાળી લોકોની યાદી TIME100 Next India 2026માં સ્થાન મળ્યું છે. આ યાદીમાં તેમને હેલ્થ એન્ડ સાયન્સ ઈનોવેટર્સ કેટેગરીમાં સામેલ કરવામાં આવ્યાં છે.

કોલકાતાની ગણિતશાસ્ત્રી નીના ગુપ્તાની શૈક્ષણિક સફર

નીના ગુપ્તા કોલકાતાનાં રહેવાસી છે. તેઓ કોલકાતામાં આવેલી ઈન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટિટ્યૂટ (ISI)ની થિયોરેટિકલ સ્ટેટિસ્ટિક્સ એન્ડ મેથેમેટિક્સ યુનિટમાં પ્રોફેસર તરીકે કાર્યરત છે. તેમનું સંશોધન ગણિતની બે મહત્ત્વપૂર્ણ શાખાઓ કમ્યુટેટિવ અલજેબ્રા અને એફાઈન અલજેબ્રિક જ્યોમેટ્રી સાથે સંકળાયેલું છે.

કોલકાતામાં જન્મ, ISIમાંથી પીએચડી સુધીની સફર

નીના ગુપ્તાનો જન્મ વર્ષ ૧૯૮૪માં કોલકાતામાં થયો હતો. તેમણે ૨૦૦૬માં બેથુન કોલેજમાંથી ગણિત વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ ૨૦૦૮માં ઈન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટિટ્યૂટમાંથી માસ્ટર ડિગ્રી મેળવી હતી. વર્ષ ૨૦૧૧માં તેમણે આ જ સંસ્થામાંથી ગણિત વિષયમાં પીએચડી પૂર્ણ કર્યું હતું. તેમના સંશોધન માર્ગદર્શક પ્રોફેસર અમર્ત્ય કુમાર દત્તા હતા.

શું હતી ગણિતની ૭૦ વર્ષ જૂની સમસ્યા?

નીના ગુપ્તાને આંતરરાષ્ટ્રીય ઓળખ તેમના સંશોધનને કારણે મળી, જેમાં તેમણે જારિસ્કી કેન્સલેશન પ્રોબ્લેમ (Zariski Cancellation Problem)ના એક મહત્ત્વપૂર્ણ સ્વરૂપનો ઉકેલ રજૂ કર્યો હતો. આ સમસ્યા ગણિતશાસ્ત્રી ઓસ્કર જારિસ્કીએ વર્ષ ૧૯૪૯માં રજૂ કરી હતી. તે અલજેબ્રિક જ્યોમેટ્રી સાથે સંકળાયેલી એક જટિલ સમસ્યા છે.

સરળ ભાષામાં સમજીએ તો, આ સમસ્યા પૂછે છે કે જો બે ગણિતીય રચનાઓમાં એક વધારાનું ડાયમેન્શન ઉમેર્યા બાદ તે એકસરખી દેખાવા લાગે, તો શું તેનો અર્થ એ થાય કે મૂળભૂત રીતે પણ તે બંને એકસરખી જ હતી? નીના ગુપ્તાએ વર્ષ ૨૦૧૪માં પોતાના સંશોધન દ્વારા આનો જવાબ નકારાત્મક સાબિત કરતું ઉદાહરણ રજૂ કર્યું હતું. તેમણે દર્શાવ્યું હતું કે કેટલીક પરિસ્થિતિઓમાં વધારાનું ડાયમેન્શન ઉમેર્યા બાદ બે અલગ-અલગ ગણિતીય રચનાઓ એકસરખી બની શકે છે. આ રીતે તેમણે ગણિતની દુનિયામાં દાયકાઓથી ચાલી આવતી એક માન્યતાને પડકાર ફેંક્યો હતો.

નેશનલ લેવલ રૂરલ આઈ.ટી. ક્વિઝમાં ગીર સોમનાથનો વિદ્યાર્થી ઝળક્યો

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી



ગીર સોમનાથ જિલ્લાના કાર્તિક આવ્હાડે રાષ્ટ્રીય કક્ષાની રૂરલ આઈ.ટી. ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કર્યું છે. બેંગ્લોર ખાતે યોજાયેલી આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દેશના પસંદગી પામેલા આઠ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ વચ્ચે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી કાર્તિકે પ્રથમ સ્થાન મેળવવાની સાથે ૧,૦૦,૦૦૦નું રોકડ પ્રોત્સાહક ઇનામ પ્રાપ્ત કર્યું છે. આ અંગે માહિતી આપતાં ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ગીર સોમનાથના કો-ઓર્ડિનેટર નરેશભાઈ એન. ગુંદરણીયાએ જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લાની જિલ્લાકક્ષાની રૂરલ આઈ.ટી. ક્વિઝ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ ૧૨ વિદ્યાર્થીઓની રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી.

ત્યારબાદ ગાંધીનગરમાં રાજ્યના ૩૩ જિલ્લાઓના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ વચ્ચે રાજ્યકક્ષાની રૂરલ આઈ.ટી. ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગીર સોમનાથ જિલ્લાના આદિત્ય બિરલા હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થી કાર્તિક આવ્હાડે ઉત્કૃષ્ટ જ્ઞાન અને પ્રતિભાનું પ્રદર્શન કરી સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ ભવ્ય સફળતાના પરિણામે તેની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી.

તેથી તા.૧૯/૧૧/૨૦૨૬ના રોજ બેંગ્લોર ખાતે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની રૂરલ આઈ.ટી. ક્વિઝ સ્પર્ધામાં દેશભરમાંથી ૨૮ રાજ્યો અને ચાર યુનિયન ટેરીટરી માંથી પસંદગી પામેલા આઠ વિદ્યાર્થીઓ વચ્ચે યોજાયેલી સ્

VAPI PAGE - 5

ઉમરગામ તાલુકા વિશેષ

Friday 27, November 2026

આપનું અખબાર : આપનો અવાજ DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

- ઉમરગામ
- સંજાણ
- ભીલાડ
- સરીગામ

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

ગ્રામ પંચાયતના વિકાસ કામોની ગુણવત્તા સામે સવાલો!

વંકાસમાં પેવર બ્લોકનો રસ્તો બિસ્માર, બોર પણ બિનઉપયોગી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૬ : ઉમરગામ તાલુકાની વંકાસ ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસનાં નામે કરવામાં આવતા કામોની ગુણવત્તા અને કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. ગ્રામજનોની સુવિધા માટે મુખ્ય માર્ગથી ગ્રામ પંચાયત કચેરી તરફ જવા માટે ટૂંકા અંતરમાં પેવર બ્લોકનો રસ્તો બનાવવામાં આવ્યો છે, પરંતુ યોગ્ય કામગીરીના અભાવે રસ્તાના પેવર બ્લોક ઉખડી જતાં રસ્તાની હાલત બિસ્માર બની છે. બીજી તરફ પંચાયત કચેરીના આંગણામાં પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુથી બોર કરવામાં આવ્યો હોવા છતાં તે બિનઉપયોગી સાબિત થઈ રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ગ્રામજનોને સુવિધા આપવાના હેતુથી સરકારી નાણાંનો ખર્ચ કરીને કરવામાં આવેલા કામો થોડા સમયમાં જ બિસ્માર બનતા કામગીરીની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. ખાસ કરીને ગ્રામ પંચાયત કચેરી સુધી પહોંચવા માટે બનાવવામાં આવેલા પેવર બ્લોકના માર્ગની હાલત જોઈને કામની ગુણવત્તા અંગે લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. લાખો રૂપિયાના વિકાસ કામો પાછળ ખર્ચ કર્યા બાદ પણ જો ગ્રામજનોને પાયાની સુવિધા ન મળે તો આવા કામોનો હેતુ શું તેવો સવાલ પણ ઊઠી રહ્યો છે.

વંકાસ ગ્રામ પંચાયત વિસ્તારના માર્ગોની બંને તરફ જંગલી વનસ્પતિ અને જાડી ઝાડી-ઝાંખરા ઊગી નીકળ્યાં છે. નિયમિત સફાઈ અને જાળવણીના અભાવે માર્ગોની આસપાસ ગંદકી અને અવ્યવસ્થાની સ્થિતિ સર્જાઈ હોવાની ફરિયાદો પણ સામે આવી રહી છે. ગ્રામ પંચાયત વિસ્તારની સ્વચ્છતા અને જાહેર સુવિધાઓની જાળવણી બાબતે તંત્રની કામગીરી સામે સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. વંકાસ ગ્રામ પંચાયત કચેરી હોવા છતાં ગ્રામજનોને પોતાના સરકારી કામકાજ માટે તુંબ ગ્રામ પંચાયત સુધી દોડવું પડતું હોવાના આક્ષેપો પણ ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નિર્ધારિત દિવસે તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયતમાં હાજર રહેતા ન હોવાની ફરિયાદો પણ ઊઠી રહી છે. જો ગ્રામ પંચાયત કચેરી હોવા છતાં ગ્રામજનોને પોતાના કામ માટે અન્યત્ર જવું પડતું હોય તો સ્થાનિક વહીવટી વ્યવસ્થાની ઉપયોગિતા સામે પણ સવાલો ઊભા થાય છે. વંકાસ ગ્રામ પંચાયતના વિકાસ કામોની ગુણવત્તા, બિનઉપયોગી બોર, સફાઈની સ્થિતિ તેમજ તલાટી કમ મંત્રીની હાજરી સહિતના મુદ્દાઓને લઈને હવે તાલુકા વિકાસ અધિકારી દ્વારા તપાસ કરવામાં આવે તેવી ગ્રામજનોમાં માંગ ઊઠી રહી છે. વિકાસ કામો પાછળ થયેલા ખર્ચની સામે સ્થળ પર ખરેખર કેટલી સુવિધા ઉપલબ્ધ થઈ છે તેની તટસ્થ તપાસ થાય અને જો કામગીરીમાં બેદરકારી કે ગેરરીતિ જણાય તો જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ છે. હવે જોવાનું એ રહેશે કે વંકાસ ગ્રામ પંચાયતની આ સમસ્યાઓ અંગે તાલુકા વિકાસ અધિકારી અને સંબંધિત તંત્ર કેટલા ગંભીર બને છે અને સરકારી નાણાંના યોગ્ય ઉપયોગ સાથે ગ્રામજનોને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ક્યારે નક્કર પગલાં ભરવામાં આવે છે.

કુદરતી જળસ્ત્રોતોમાં કેમિકલ યુક્ત પ્રવાહીના નિકાલની આશંકા

ઉમરગામમાં ઔદ્યોગિક વિકાસની આડમાં પર્યાવરણનો ભોગ!

ખતલવાડની ખાડીમાં સેકડો માછલીઓનાં મોતથી પર્યાવરણપ્રેમીઓમાં આક્રોશ



(ઉદય રાવલ દ્વારા)

ઉમરગામ, તા. ૨૬ : વલસાડ જિલ્લાના ઔદ્યોગિક પટ્ટા તરીકે ઓળખાતા ઉમરગામ તાલુકામાં ઔદ્યોગિક વિકાસની સાથે જળ અને વાયુ પ્રદૂષણની સમસ્યા પણ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી હોવાની ચિંતાઓ વ્યક્ત થઈ રહી છે. એક તરફ ઉદ્યોગોનો વ્યાપ સતત વધી રહ્યો છે, તો બીજી તરફ કુદરતી જળસ્ત્રોતો પ્રદૂષિત થવાની અને જળચર જીવોના મોતની ઘટનાઓ પર્યાવરણ માટે જોખમની ઘંટડી સમાન બની રહી છે. તાજેતરમાં ખતલવાડની ખાડીમાં સેકડો માછલીઓ મૃત હાલતમાં મળી આવવાની ઘટનાએ સમગ્ર તાલુકામાં ચકચાર મચાવી છે.

ઉમરગામ તાલુકામાં ઔદ્યોગિક એકમોમાંથી નીકળતા કેમિકલયુક્ત પ્રવાહીના નિકાલ અંગે લાંબા સમયથી સવાલો ઊઠતા રહ્યા છે. કેટલાક એકમો દ્વારા પ્રદૂષિત પ્રવાહીનો ગેરકાયદેસર રીતે કુદરતી જળસ્ત્રોતોમાં નિકાલ કરવામાં આવતો હોવાની તેમજ બોર મારફતે ભૂગર્ભમાં ઉતારવામાં આવતો હોવાની સ્થાનિક સ્તરે ચર્ચાઓ ચાલી રહી છે. અગાઉ સરીગામ વિસ્તારમાં પણ બોર મારફતે ભૂગર્ભમાં પ્રદૂષિત પ્રવાહી ઉતારવાની બાબત સામે આવી હતી. હવે ખતલવાડની ખાડીમાં માછલીઓનાં મોતની ઘટનાએ ફરી એકવાર ઔદ્યોગિક -દૂષણના -'ને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે ખતલવાડ ગ્રામ પંચાયત વિસ્તારમાં ખાડીનું પાણી - દૂષિત થતાં નાની-મોટી સેકડો માછલીઓ મૃત હાલતમાં મળી આવી હતી. ઘટનાની જાણ થતાં ગ્જ્ઘ્ના અધિકારીઓએ સ્થળ તપાસ કરી પાણીના નમૂના લીધા હતા. જોકે, ખાડીમાં - દૂષણનું ચોક્કસ કારણ શું છે, કયા સ્ત્રોતમાંથી -દૂષિત પાણી આવ્યું અને આ ઘટનામાં કોઈ ઔદ્યોગિક એકમની સંડોવણી છે કે કેમ તે તપાસનો વિષય છે. સૌથી ગંભીર બાબત એ છે કે ઉમરગામ તાલુકાના લાખો લોકોની જીવનજરૂરિયાતનું પાણી કુદરતી જળસ્ત્રોતો અને ભૂગર્ભ જળમાંથી ઉપલબ્ધ થાય છે. ખેતી અને પશુપાલન માટે પણ આ જળસ્ત્રોતો મહત્વપૂર્ણ છે. જો કેમિકલયુક્ત -વાહીનો બેફામ નિકાલ થતો હોય તો તેની અસર માત્ર માછલીઓ કે જળચર જીવો પૂરતી સીમિત નહીં રહે, પરંતુ ભૂગર્ભ જળ, ખેતીની જમીન અને માનવજીવન પર પણ લાંબા ગાળે ગંભીર અસર થવાની આશંકા છે.

પ્રદૂષણ સામે કાયમી કાર્યવાહી ક્યારે?

સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા છે કે પ્રદૂષણની સમસ્યા અંગે વારંવાર રજૂઆતો અને ઘટનાઓ સામે આવવા છતાં અસરકારક કાયમી ઉકેલ દેખાતો નથી. -દૂષણ નિયંત્રણની જવાબદારી ધરાવતા વિભાગોએ માત્ર ઘટના બન્યા બાદ નમૂના લેવા પૂરતું સીમિત ન રહેતાં નિયમિત તપાસ, ઔદ્યોગિક એકમોના ઈફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિરીક્ષણ અને ગેરકાયદેસર નિકાલના સ્ત્રોતોની ઓળખ કરવી જરૂરી છે. દોષિત સાબિત થતા એકમો સામે કાયદા મુજબ કડક કાર્યવાહી પણ થવી જોઈએ. છવિકાસ જોઈએ, પરંતુ પર્યાવરણની કિંમત પર નહીં!

ઉમરગામ તાલુકાના ઔદ્યોગિક વિકાસમાં હજારો લોકોને રોજગારી મળી રહી છે અને સ્થાનિક અર્થતંત્રને પણ વેગ મળ્યો છે. ઉદ્યોગોના વિકાસ સામે કોઈ વિરોધ નથી, પરંતુ વિકાસના નામે કુદરતી જળસ્ત્રોતો, હવા અને પર્યાવરણને નુકસાન પહોંચે તે સ્વીકાર્ય બની શકે નહીં. ઉદ્યોગો અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવાની જવાબદારી ઉદ્યોગો ઉપરાંત સંબંધિત સરકારી વિભાગોની પણ છે. હવે સવાલ એ છે કે ખતલવાડની ખાડીમાં માછલીઓનાં મોત પાછળનું સાચું કારણ ક્યારે બહાર આવશે? પ્રદૂષણ ફેલાવતા તત્વો સામે ક્યારે નક્કર કાર્યવાહી થશે? અને ઉમરગામ તાલુકાના કુદરતી જળસ્ત્રોતોને સુરક્ષિત રાખવા માટે કાયમી વ્યવસ્થા ક્યારે ઊભી કરાશે? આ પ્રશ્નોના જવાબની રાહ સ્થાનિક લોકો અને પર્યાવરણપ્રેમીઓ જોઈ રહ્યા છે.

સરીગામમાં ભૂગર્ભમાં પ્રદૂષિત પ્રવાહી ઉતારવાની ઘટના અગાઉ સામે આવી હતી : જીપીસીબીની તપાસ છતાં પ્રદૂષણની સમસ્યાનો કાયમી ઉકેલ ક્યારે? જવાબદાર એકમો સામે કડક કાર્યવાહીની માંગ

ઉમરગામના રળિયામણા દરિયા કિનારે સ્વચ્છતા અભિયાન યોજાયું

ડીડીઓ વંદના મીણાની અધ્યક્ષતામાં બીચ ક્લિનિંગ અભિયાનમાં ઉદ્યોગજગત, આંગણવાડી બહેનો અને પર્યાવરણ પ્રેમીઓ જોડાયા; સફાઈમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારનું સન્માન કરી પ્રોત્સાહિત કરાયા



દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૬ : ઉમરગામ તાલુકાના રળિયામણા દરિયા કિનારાને સ્વચ્છ અને સુંદર બનાવવા જિલ્લા વિકાસ અધિકારી વંદના મીણાની અધ્યક્ષતા અને માર્ગદર્શન હેઠળ વિશેષ બીચ ક્લિનિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (UIA)ના હોદ્દેદારો, વિવિધ ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ, આંગણવાડીની બહેનો તેમજ પર્યાવરણ પ્રેમીઓએ ઉત્સાહભેર ભાગ લઈ દરિયાકિનારે સફાઈ કામગીરી હાથ ધરી હતી.

આ પ્રસંગે ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સેક્રેટરી શ્યામ વિઝન, ટ્રેઝરર રત્નેશ્વરભાઈ ચોરસિયા સહિત DOMS ઈન્ડસ્ટ્રીઝ, અપાર ઈન્ડસ્ટ્રીઝ, ચંદન સ્ટીલ લિમિટેડ સહિતના ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સફાઈ અભિયાન પૂર્ણ થયા બાદ જિલ્લા વિકાસ અધિકારી વંદના મીણાએ ઉપસ્થિત લોકોને સ્વચ્છતા, પર્યાવરણ જાળવણી અને દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સાથે જ સફાઈ કામગીરીમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વ્યક્તિઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે જિલ્લા કલેક્ટરની પહેલ અને માર્ગદર્શન બાદ ઉમરગામ તથા સરીગામ વિસ્તારના ઔદ્યોગિક એકમો પણ બીચ ક્લિનિંગ અભિયાનમાં સક્રિય રીતે સહભાગી બની રહ્યા છે.

ઉમરગામ તાલુકામાં ૨૭ કિલોમીટરથી વધુ લાંબો દરિયાકિનારો આવેલો છે, જ્યાં દર રવિવારે તેમજ સમયાંતરે વિવિધ સંસ્થાઓ, ઉદ્યોગકારો, પર્યાવરણ પ્રેમીઓ અને જનપ્રતિનિધિઓના સહયોગથી સફાઈ અભિયાન યોજવામાં આવે છે. સ્વચ્છતા પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે અને દરિયાકિનારાનું કુદરતી સૌંદર્ય જળવાઈ રહે તેવા હેતુથી હાથ ધરવામાં આવી રહેલા આ અભિયાનને સ્થાનિક લોકો તરફથી પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ઉદ્યોગજગત અને સામાજિક સંસ્થાઓની સહભાગિતાથી સ્વચ્છ ભારત અભિયાનને ઉમરગામ તાલુકામાં વધુ વેગ મળી રહ્યો છે.

ધનોલી ગ્રા.પં.ના નવા ભવનનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૬ : ઉમરગામ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં વહીવટી સુવિધાઓ વધુ સુદૃઢ બને અને ગ્રામજનોને પંચાયતને લગતાં કામકાજ માટે સુવિધાસભર માળખું મળી રહે તે હેતુથી સરકાર દ્વારા વિવિધ ગામોમાં પંચાયત ભવનોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે ઉમરગામ તાલુકાની ધનોલી ગ્રુપ ગ્રામ પંચાયતના નવનિર્મિત ભવનનું રૂ. ૧૪ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે.

આ નવનિર્મિત પંચાયત ભવનનું લોકાર્પણ ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. નિરવ શાહ, પ્રદેશ એસટી મોરચાના મહામંત્રી દીપકભાઈ ચોપડીયા, ધનોલી ગ્રુપ ગ્રામ પંચાયતનાં સરપંચ સંગીતાબેન સહિત ગ્રામ પંચાયતના સભ્યો, આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરે મંચ પરથી પ્રસંગોચિત ઉદબોધન કરી ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસલક્ષી સુવિધાઓના મહત્વ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. નવનિર્મિત પંચાયત ભવનથી ગ્રામ પંચાયતના વહીવટી કામકાજમાં સરળતા આવશે તેમજ વિવિધ કામો માટે આવતા ગ્રામજનોને વધુ સારી સુવિધા ઉપલબ્ધ થશે.

નારગોલ ગ્રા.પં. દ્વારા રખડતી ગાયો માટે આશ્રય સ્થાનનું નિર્માણ થશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૬ : રખડતા ઢોરો પર અંકુશ લાવવા અને રઝળતી ગાયો માટે વ્યવસ્થા ઊભી કરી નારગોલ ગ્રામ પંચાયતે પ્રેરણાદાઈ કાર્ય કર્યું છે. ઉમરગામ તાલુકામાં રખડતી ગાયો માટે આશ્રય સ્થાનનું નિર્માણ કરનારી નારગોલ -થમ ગ્રામ પંચાયત બની છે. ગ્રામ પંચાયત સરપંચ સ્વીટી ભંડારીના નેતૃત્વમાં થયેલી આ કામગીરી અન્ય ગ્રામ પંચાયતો માટે પણ પ્રેરણાદાઈ બની છે.

નારગોલ કોસ્ટલ હાઈવે સરદાર ચોક ચાર રસ્તા ખાતે ગાયો માટેના આશ્રય સ્થાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં પ્રાથમિક તબક્કે કમ્પાઉન્ડ ફેન્સિંગ, શેડ, પેવર બ્લોક, પાણીનો હવાડો જેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ આશ્રય સ્થાનનું સફળ સંચાલન કરવા માટે ગૌરક્ષકો અને દાતાઓને સહયોગી બનવા સરપંચ સ્વીટી ભંડારીએ અપીલ કરી છે. ગાયો માટે ચારો, દવા જેવા માવજત ખર્ચને પહોંચી વળવા માટે દાતાઓનો સહયોગ લેવામાં આવશે. આ કાર્ય માટે ગ્રાન્ટની મંજૂરી માટે સહયોગી થનારા તત્કાલીન કારોબારી અધ્યક્ષ ચિંતનભાઈ પટેલનો સરપંચ સ્વીટી ભંડારીએ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. ચિંતનભાઈ પટેલના સહયોગથી ઉમરગામ તાલુકામાં ગાયો માટે આશ્રય સ્થાન નિર્માણ માટેની ગ્રાન્ટ ફાળવવા માટે નારગોલ ગામની પસંદગી કરવામાં આવી હતી. હવે રખડતી ગાયોને આ આશ્રય સ્થાન ખાતે રાખવામાં આવશે. ખેડૂતોને નુકસાન થાય તે પ્રકારે પશુપાલકો પોતાના ઢોરો છૂટા મૂકશે તો તેવા ઢોરોને પણ આ સ્થળે રાખ્યા બાદ જરૂરી દંડ વસૂલી ઢોર પરત કરવામાં આવશે. ગાયો માટેના આશ્રય સ્થાનનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાની સાથે જ ગાયો તેમજ રખડતા ઢોરોને તેમાં રાખવામાં આવશે.

નારગોલ ગ્રામ પંચાયતના આ પગલાને ગામજનો તરફથી આવકાર મળી રહ્યો છે.

ઉમરગામની ૫૨ ગ્રા.પં.માં સરપંચપદની અનામત બેઠકો જાહેર

રોટેશન પદ્ધતિ મુજબ ૨૭ બેઠકો મહિલાઓ માટે અનામત, ૨૫ બેઠકો સામાન્ય વર્ગ માટે ફાળવાઈ; ST વર્ગ માટે સૌથી વધુ ૪૨ બેઠકો અનામત

દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૬ : ઉમરગામ તાલુકામાં આગામી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાવા લાગ્યો છે. વલસાડ જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાન (IAS) દ્વારા ઉમરગામ તાલુકાની ગ્રામ પંચાયતોમાં સરપંચ પદની બેઠકોની રોટેશન પદ્ધતિ મુજબ અનામત અને બિનઅનામત વર્ગ પ્રમાણે ફાળવણીનું જાહેરનામું તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ તથા સંબંધિત નિયમો હેઠળ કરવામાં આવેલી આ ફાળવણીને પગલે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણીલક્ષી ચર્ચાઓનો દોર શરૂ થયો છે. જાહેર થયેલી અનામત બેઠકોની વિગતો મુજબ ઉમરગામ તાલુકાની કુલ ૫૨ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટે ૨૫ બેઠકો સામાન્ય વર્ગ અને ૨૭ બેઠકો મહિલા વર્ગ માટે ફાળવવામાં આવી છે. અનામત વર્ગની કેટેગરી મુજબ અનુસૂચિત જાતિ (SC) માટે ૨, અનુસૂચિત આદિજાતિ (ST) માટે ૪૨, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) માટે ૫ તથા બિનઅનામત વર્ગ માટે ૩ બેઠકોનો સમાવેશ થાય છે.

ST વર્ગ માટે સૌથી વધુ ૪૨ બેઠકો

અનામત બેઠકોની ફાળવણીમાં અનુસૂચિત આદિજાતિ (ST) વર્ગનું સૌથી વધુ પ્રભુત્વ જોવા મળ્યું છે. આ વર્ગ માટે કુલ ૪૨ બેઠકો ફાળવવામાં આવી છે, જેમાં ૨૧ સામાન્ય અને ૨૧ મહિલા બેઠકોનો સમાવેશ થાય છે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) માટે કુલ પાંચ બેઠકો ફાળવાઈ છે, જેમાં બે સામાન્ય અને ત્રણ મહિલા બેઠકો છે. અનુસૂચિત જાતિ (SC) માટે બે બેઠકો પૈકી એક સામાન્ય અને એક મહિલા બેઠક રાખવામાં આવી છે. જ્યારે બિનઅનામત વર્ગ માટે કુલ ત્રણ બેઠકોમાં એક સામાન્ય અને બે મહિલા બેઠકોનો સમાવેશ થાય છે.

મહિલા અનામતથી નવા ચહેરાઓને તક મળવાની શક્યતા

આ જાહેરનામાની સૌથી મહત્ત્વની બાબત એ છે કે કુલ ૫૨ બેઠકોમાંથી ૨૭ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. પરિણામે અગાઉ સરપંચ પદે રહી ચૂકેલા કેટલાક પુરુષ આગેવાનોને આ વખતે અન્ય બેઠકની રાહ જોવી પડશે, જ્યારે મહિલા અનામત જાહેર થયેલી ગ્રામ પંચાયતોમાં નવા મહિલા ઉમેદવારોને રાજકીય મેદાનમાં ઉતરવાની તક મળશે. બીજી તરફ સામાન્ય બેઠકો ધરાવતી ગ્રામ પંચાયતોમાં પણ અત્યારથી જ સરપંચ પદના સંભવિત દાવેદારોની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

SEBC વર્ગમાં નારગોલ, પલગામ અને સોળસુંબાનો સમાવેશ

જાહેર કરાયેલી ગામવાર ફાળવણી મુજબ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની સામાન્ય બેઠકોમાં કોળીવાડ અને મરોલીનો સમાવેશ થાય છે. જ્યારે મહિલા અનામત બેઠકોમાં નારગોલ, પલગામ અને સોળસુંબાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અનુસૂચિત જાતિની બેઠકોમાં સામાન્ય વર્ગ માટે કલગામ અને મહિલા વર્ગ માટે ફણસા દર્શાવવામાં આવ્યા છે. અનુસૂચિત આદિજાતિ તથા બિનઅનામત વર્ગની ગામવાર વિગતો પણ જાહેરનામાના અલગ-અલગ પરિશિષ્ટમાં દર્શાવવામાં આવી છે.

જાહેરનામા બાદ ગ્રામ્ય રાજકારણમાં હલચલ

સરપંચ પદની અનામત બેઠકો જાહેર થતાં જ ઉમરગામ તાલુકાના રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે. ખાસ કરીને મહિલા અનામત જાહેર થયેલી ગ્રામ પંચાયતોમાં અત્યારથી જ સંભવિત મહિલા ઉમેદવારોનાં નામો અંગે ચર્ચાઓ થવા લાગી છે. ક્યાંક વર્તમાન સરપંચ પરિવારની મહિલા સભ્ય ચૂંટણી મેદાનમાં ઉતરે તેવી શક્યતા છે,

તો ક્યાંક નવા ચહેરાઓને તક મળે તેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. આગામી દિવસોમાં ગ્રામ પંચાયતની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયા બાદ ગામેગામ રાજકીય ગતિવિધિઓ વધુ તેજ બનવાની શક્યતા છે. અનામત બેઠકોની ફાળવણીથી અનેક ગામોમાં સરપંચ પદના સમીકરણો બદલાશે, ત્યારે હવે ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણીની તૈયારીઓ અને ઉમેદવારોની પસંદગી પર સૌની નજર મંડાઈ છે.

દેહરીના નવા 'ગામ સચિવાલય'નું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૬ : ઉમરગામ તાલુકાની દેહરી ગ્રામ પંચાયતના નવનિર્મિત મકાન 'ગામ સચિવાલય'નો લોકાર્પણ સમારોહ બુધવારે યોજાયો હતો. દેહરી સરકારી દવાખાનાની બાજુમાં આવેલા નવા મકાનનું લોકાર્પણ રાજકીય આગેવાનો અને વહીવટી અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ તથા ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે અતિથિ વિશેષ તરીકે ઉમરગામ તાલુકા પંચાયતના પ્રમુખ સંતોષભાઈ વળવી, તાલુકા વિકાસ અધિકારી અનિલભાઈ વાળા, ઉમરગામ તાલુકા ભાજપ સંગઠનના પ્રમુખ ડૉ. નીરવભાઈ શાહ, જિલ્લા પંચાયત સભ્ય વંદનાબેન પ્રવીણભાઈ માહ્યાવંશી તથા તાલુકા પંચાયત સભ્ય કાજલબેન સમીરભાઈ હળપતિ ઉપસ્થિત રહ્યાં હતાં. દેહરી ગ્રામ પંચાયતના નવનિર્મિત ગામ સચિવાલયના લોકાર્પણથી ગ્રામજનોને પંચાયતને લગતી વહીવટી કામગીરી તથા વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવવા માટે વધુ સુવિધાયુક્ત માળખું ઉપલબ્ધ બન્યું છે. નવા મકાનથી ગ્રામ પંચાયતની કામગીરી વધુ સુવ્યવસ્થિત અને સરળ બનવાની સાથે ગ્રામજનોને એક જ સ્થળે જરૂરી વહીવટી સુવિધાઓ મળી રહેશે. કાર્યક્રમમાં આમંત્રણ ને માન આપી ઉદ્યોગપતિ સંતોષભાઈ રવેશિયા, રાજેશભાઈ મિસ્ત્રી, સુકેતુ ભાઈ મહેતા, યુઆઈએ ઉપપ્રમુખ ભગવાનભાઈ ભરવાડ, ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન, નીવિશેષ ઉપસ્થિતિ જોવા મળી હતી. રૂપિયા ૧ કરોડ ૭૦ લાખ થી વધુના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુરત કરી મંચસ્થ મહાનુભાવો એ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમના નિમંત્રક તરીકે દેહરી ગ્રામ પંચાયતના સરપંચ ઘનેશભાઈ દિનેશભાઈ દુબળા, ઉપસરપંચ ઉમેશભાઈ છગનભાઈ સોલંકી, તલાટી કમ મંત્રી હંસાબેન પટેલ તથા ગ્રામ પંચાયતના તમામ સભ્યો અને સ્ટાફ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. લોકાર્પણ પ્રસંગે ગ્રામજનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Friday 27, November 2026

દૂધમાં ભાવવધારાનો ઊભરો

આ વર્ષે દૂધમાં સાતત્યપૂર્વક અને વારંવાર ભાવવધારાના ઊભરા આવ્યા છે. નવેમ્બર મહિનાના દસેક દિવસમાં દેશભરની મુખ્ય સરકારી તથા ખાનગી ડેરીઓએ દૂધના લિટરદીઠ ભાવમાં બે રૂપિયાથી લઈને છ રૂપિયા જેટલો વધારો ઝીંક્યો છે, એક અંદાજ મુજબ છેલ્લાં ૧૨ વર્ષમાં દૂધના ભાવમાં ૬૮ ટકા જેવો વધારો નોંધાયો છે.સામાન્યપણે, શિયાળામાં દૂધની આવક વધતી હોય છે, પણ અનિયમિત-અપૂરતા વરસાદને કારણે આ વખતે પશુચારો મોંઘો થયો છે.વળી, પેકાજિંગ મટિરિયલ, કોલ્ડ સ્ટોરેજ તથા ઈંધણના વધેલા ખર્ચનો બોજ પણ ખરો અને પશુપાલન પાછળ થતાં ખર્ચમાં વૃદ્ધિની ઝાળ દૂધના ભાવને લાગી છે.દૂધ દરેક ઘરમાં અનિવાર્ય અને આવશ્યક વસ્તુ હોવાથી તેના દરોમાં થતો વધારો નાગરિકો મૂગાં મોઢે સહન કરી લેતા હોય છે.ચિંતાની વાત એ છે કે, દૂધના વધી રહેલા ભાવ ઓછા થવાનાં પણ કોઈ એંધાણ નથી અને આગામી એપ્રિલ-મે સુધીમાં લિટરદીઠ સો રૂપિયા સુધી જવાની શક્યતા પણ વર્તાવાઈ રહી છે. આમ છતાં, દૂધના ભાવવધારાનો સીધો લાભ ખેડૂતોને કે પશુપાલકોને મળતો નથી, એ વાસ્તવિકતા છે.પહેલા વર્ષે એકાદવાર દૂધના ભાવમાં વધારો થતો અને લોકો પણ તે ચલાવી લેતા. અમૂલનો જ દાખલો લઈએ, તો ૨૦૨૪ના જૂન મહિનામાં અમૂલે દૂધના દરમાં બે રૂપિયાનો વધારો કર્યા પછી છેક ૨૦૨૫ના મે મહિનામાં ફરી દરમાં વૃદ્ધિ કરી હતી.જો કે, ૨૦૨૪ પહેલાંનો વધારો ફેબ્રુઆરી, ૨૦૨૩માં આવ્યો હતો.૨૦૨૬માં મે અને નવેમ્બર આ ગાળામાં બેવાર વધારો થયો છે અને મહારાષ્ટ્રની કેટલીક સહકારી ડેરીઓના ભાવ તો વિવિધ તબક્કે ત્રણવાર વધ્યા છે.ખાદ્યસામગ્રીમાં ભેળસેળ સામે ફૂડ એન્ડ ડ્રગ્સ ઓથોરિટી (એફડીએ)એ શરૂ કરેલી કાર્યવાહીને પગલે તથા ખાસ તો એનોલોગ પનીર પર મુકાયેલા પ્રતિબંધને કારણે પનીર બનાવવા માટે દૂધની માંગ વધી છે, એવું એક કારણ આગળ કરાઈ રહ્યું છે. દૂધના વધતા દરોની અસર મધ્યમવર્ગીય ઘરો પર સૌથી વધુ થવાની શક્યતા રહે છે, એ જોતાં આ દિશામાં સમયસર પગલાં નહીં લેવાય, તો ઉનાળો આવે ત્યાં સુધીમાં તો ભાવવધારાનો તાપ ઓર વધી જશે.

દમણગંગા ટાઈમ્સ CORPORATE NEWS

ટીવીએસ જ્યુપિટરએક કરોડના આંકડા સુધી પહોંચનારી સૌથી યુવા ઓટોમોટિવ બ્રાન્ડ બની

સુરત, તા. ૨૬ : ટીવીએસ મોટર કંપનીએ આજે તમિલનાડુના હોસુર ખાતે આવેલા પોતાના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાંથી ટીવીએસ જ્યુપિટરના ૧ કરોડમા યુનિટનું ઉત્પાદન પૂરું થવાની જાહેરાત કરી છે. આ સાથે જ, ટીવીએસ જ્યુપિટર ૧ કરોડના સંચિત ઉત્પાદનનો આંકડો પાર કરનારી ભારતની સૌથી ઝડપી અને સૌથી યુવા સ્કૂટર બ્રાન્ડ બની છે.

આ સિદ્ધિ અંગેટીવીએસ મોટર કંપનીના પીપલ મોબિલિટી, ઈન્ડિયા 2W બિઝનેસના સીનિયર વાઇસ પ્રેસિડેન્ટ અનિરુદ્ધ હલ્દરે જણાવ્યું હતું કે,'ઝયાદા'ના વિચાર સાથે ટીવીએસ જ્યુપિટર આ બદલાતા ભારત અને તેની વધતી જતી આકાંક્ષાઓનું પ્રતીક બની રહ્યું છે. ટીવીએસ જ્યુપિટર ૧ કરોડ ભારતીયોની રોજિંદી મુસાફરીનો હિસ્સો બન્યું છે અને તેમના જીવનમાં ખુશીઓ લાવ્યું છે.મને વિશ્વાસ છે કે ભારત સતત પ્રગતિ કરી રહ્યું છે અને નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે ત્યારે અમારી વિકાસયાત્રામાં આવી અનેક સિદ્ધિઓ આવશે.'

પેકેજડ ફૂડ - પીણાં ઉત્પાદન પર દરેક પોષક તત્વ માટે અલગ ચેતવણી દર્શાવવાની રહેશે : સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૬ : પેકેજડ ફૂડ અને પીણાં ખરીદતા ગ્રાહકો માટે સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. કોર્ટે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ને વધુ ખાંડ, મીઠું અથવા સેચ્યુરેટેડ ફેટ ધરાવતા ઉત્પાદનો માટે પેકેટની આગળની બાજુએ સ્પષ્ટ અને અલગ ચેતવણી લેબલ લગાવવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. આ નિર્ણયનો હેતુ ગ્રાહકોને બિનઆરોગ્યપ્રદ ખાદ્ય ઉત્પાદનોની ઓળખ વધુ સરળ બનાવવાનો છે.

જસ્ટિસ જે. બી. પારડીવાલા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બેન્ચે સૂચવ્યું છે કે એક જ સંયુક્ત ચેતવણીના બદલે વધુ પડતી માત્રામાં રહેલા દરેક પોષક તત્વ માટે અલગ ચેતવણી હોવી જોઈએ. નિર્ધારિત મર્યાદા કરતાં વધુ પ્રમાણ ધરાવતા ઉત્પાદનો પર "HIGH SUGAR", "HIGH SALT" અથવા "HIGH FAT" જેવા લેબલ દર્શાવવાના રહેશે.

આ ચેતવણીઓ પેકેટના આગળના ભાગે લાલ રંગના ષટ્કોણ આકારમાં સ્પષ્ટ રીતે દર્શાવવાની રહેશે. તેનો હેતુ ગ્રાહકોને પેકેટ પાછળ આપવામાં આવેલા નાના અક્ષરોના ન્યુટ્રિશન ટેબલ પર નિર્ભર રહેવાની જરૂરિયાત ઘટાડવાનો છે.કોર્ટના આદેશથી પેકેજડ ફૂડ ઉત્પાદકો માટે પેકેજિંગ અને લેબલિંગમાં ફેરફાર કરવાની જરૂર પડી શકે છે. નિયમોને અંતિમ સ્વરૂપ આપવામાં થઈ રહેલા લાંબા વિલંબ અંગે પણ કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો.

૩૬૫ દિવસના સ્વૈચ્છિક પાલનના પ્રસ્તાવ સામે પણ કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે જાહેર આરોગ્યને વ્યાપારી હિતોથી ઉપર રાખવું જરૂરી છે.

વધતી સ્થૂળતા, ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર જેવી સમસ્યાઓ વચ્ચે ફ્રન્ટ-ઓફ-પેક ચેતવણી ગ્રાહકોને વધુ માહિતગાર નિર્ણય લેવામાં મદદ કરી શકે છે. ખાસ કરીને બાળકોને ધ્યાનમાં રાખીને આવા નિયમોને મહત્વપૂર્ણ ગણવામાં આવ્યા છે.

આ નિર્ણયથી પેકેજડ ફૂડ અને બેવરેજ કંપનીઓ પર લેબલિંગ અને પેકેજિંગ ખર્ચ વધવાની શક્યતા છે.

જોકે લાંબા ગાળે વધુ પારદર્શક લેબલિંગથી હેલ્થ-ફોકસ્ડ ઉત્પાદનોની માંગ વધે તો ઉદ્યોગમાં નવી પ્રોડક્ટ કેટેગરી અને ફોર્મ્યુલેશન માટે તકો ઊભી થઈ શકે છે.

બંધારણ દિવસે PM મોદીના વિપક્ષ પર પ્રહાર

OBC અનામત ઘટાડીને મુસ્લિમોને અનામત આપવાનો પ્રયાસ :મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૬ : બંધારણ દિવસના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા છે. પોતાના લેખમાં વડાપ્રધાને આરોપ લગાવ્યો કે વિપક્ષની સૌથી મોટી પાર્ટી અન્ય પછાત વર્ગ (OBC) માટેની અનામત ઘટાડીને મુસ્લિમોને અનામત આપવાના પક્ષમાં છે. જોકે, તેમણે લેખમાં સીધું કોંગ્રેસનું નામ લીધું નહોતું. તેમણે દાવો કર્યો કે આવી વ્યવસ્થા બાબાસાહેબ ડૉ. બી. આર. આંબેડકરના વિચારોની વિરુદ્ધ છે.PM મોદીએ બંધારણ દિવસની ઉજવણીના મહત્વ અંગે વાત કરતાં સરકાર દ્વારા કરવામાં આવેલા વિવિધ બંધારણીય સુધારાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે GST અને આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેની ૧૦ ટકા અનામત જેવી જોગવાઈઓને મહત્વપૂર્ણ ગણાવી હતી. તેમણે એ પણ જણાવ્યું કે કેન્દ્ર સરકારની નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં OBC માટે ૨૭ ટકા અનામતની જોગવાઈ છે.

મહિલા અનામતના મુદ્દે પણ વડાપ્રધાને વિપક્ષને નિશાન બનાવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષના એક મોટા પક્ષે ધારાસભ્ય સંસ્થાઓમાં મહિલાઓને વધુ પ્રતિનિધિત્વ આપવાના હેતુથી લાવવામાં આવેલા કાયદાકીય પગલાને આગળ વધવા દીધો નથી.

PM મોદીએ કહ્યું કે બંધારણની યાત્રામાં મહિલાઓના યોગદાનને ભૂલી શકાય નહીં અને મહિલાઓને રાજકીય પ્રતિનિધિત્વમાં ન્યાય અપાવવાનો સરકારનો સંકલ્પ ચાલુ રહેશે.વડાપ્રધાને વિપક્ષની ભૂમિકા અંગે પણ સવાલ ઉઠાવ્યા. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષ રચનાત્મક વિરોધની ભૂમિકા નિભાવવાને બદલે સરકારના કામમાં અડચણ ઊભી કરી રહ્યો છે. તેમના જણાવ્યા મુજબ લોકતાંત્રિક પ્રક્રિયાઓમાં અવરોધ ઊભો કરવો એ બંધારણીય જવાબદારીનો વિકલ્પ બની શકે નહીં.નક્સલવાદના મુદ્દે PM મોદીએ દાવો કર્યો કે હથિયારધારી નક્સલવાદીઓ સામેની કાર્યવાહીથી સ્થિતિમાં મોટો ફેરફાર આવ્યો છે. હવે તેમણે 'દિમાગી નક્સલીઓ' શબ્દનો ઉપયોગ કરીને સરકારની નીતિઓ અને વિકાસકાર્યોનો વિરોધ કરનારાઓ પર પણ પ્રહાર કર્યો.

બંધારણ દિવસના પ્રસંગે કરવામાં આવેલા આ પ્રહારો આગામી રાજકીય ચર્ચામાં અનામત, મહિલા પ્રતિનિધિત્વ અને વિપક્ષની ભૂમિકા જેવા મુદ્દાઓને વધુ કેન્દ્રસ્થાને લાવી શકે છે.

અભિજીત દીપકે અને આશુતોષ રાંકા સામે વિરુદ્ધ લુકઆઉટ સર્કયુલર જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ,તા.૨૬ : મુંબઈ પોલીસે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સામે મોટી કાર્યવાહી કરતાં પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે અને સહ-સંયોજક આશુતોષ રાંકા વિરુદ્ધ લુકઆઉટ સર્કયુલર (LOC) જાહેર કર્યું છે. આ પહેલાં પાર્ટીના અન્ય સહ-સંયોજક સૌરવ દાસ સામે પણ LOC જાહેર કરવામાં આવ્યો હતો. દાદરના શિવાજી પાર્કમાં મંજૂરી વિના યોજાયેલા વિરોધ પ્રદર્શનના મામલે પોલીસે આ કાર્યવાહી કરી છે.

મળતી માહિતી અનુસાર, ૨ ઓક્ટોબર એટલે કે ગાંધી જયંતીના દિવસે CJP દ્વારા મુંબઈના શિવાજી પાર્કમાં 'ચલો મુંબઈ' નામે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરવામાં આવી હતી.

આ મામલે પોલીસે CJPના અભિજીત દીપકે, પ્રણવ આહિરે, આશુતોષ રાંકા, અજિંક્ય શિંદે, સૌરવ દાસ સહિત અન્ય નેતાઓનાં નામ FIRમાં સામેલ કર્યા છે. આ ઉપરાંત ૪૦૦થી વધુ સમર્થકોને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.

પોલીસે ગેરકાયદેસર રીતે એકઠા થવા અને જાહેર સ્થળે સૂત્રોચ્ચાર કરવાના આરોપ હેઠળ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૮૯ અને ૨૨૩ તથા મહારાષ્ટ્ર પોલીસ અધિનિયમની કલમ ૩૭ અને ૧૩૫ હેઠળ ગુનો નોંધ્યો છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, આરોપીઓ દેશ છોડીને ન જતા રહે તે આશંકાને ધ્યાનમાં રાખીને LOC જાહેર કરવામાં આવ્યા છે. આ પહેલાં ૨૨ અને ૨૩ નવેમ્બરની મધરાતે સૌરવ દાસ સામે પણ આવી કાર્યવાહી કરવામાં આવી હતી.

૨૩ નવેમ્બરે સૌરવ દાસ લંડન જવા માટે દિલ્હી એરપોર્ટ પહોંચ્યા હતા, ત્યારે તેમને રોકવામાં આવ્યા હતા. તેઓ બ્રિટનમાં ઓક્સફર્ડ યુનિવર્સિટી સહિતની સંસ્થાઓમાં કાર્યક્રમોમાં ભાગ લેવા જવાના હતા. આ કાર્યવાહી બાદ તેમણે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. ૨૬ નવેમ્બરે કેન્દ્ર સરકારે કોર્ટને મુંબઈ પોલીસ દ્વારા LOC જાહેર કરવામાં આવ્યો હોવાની માહિતી આપી હતી. તેમના વકીલે LOCની વિગતો જાહેર કરવાની માગ કરી હતી, જોકે કોર્ટે આ માગ સ્વીકારી નહોતી.

આ કેસમાં સૌરવ દાસના પાસપોર્ટમાં જન્મસ્થળને લગતી કથિત વિસંગતતાઓનો મુદ્દો પણ સામે આવ્યો છે. ચેન્નાઈની પ્રાદેશિક પાસપોર્ટ કચેરીએ તેમને કારણદર્શક નોટિસ પાઠવીને સાત દિવસમાં જવાબ આપવા જણાવ્યું છે. હવે દિલ્હી હાઈકોર્ટમાં આ મામલે આગામી સુનાવણી ૯ ડિસેમ્બરે યોજાવાની છે. બીજી તરફ, અભિજીત દીપકે અને આશુતોષ રાંકા સામે LOC જાહેર થતાં CJPના નેતાઓની મુશ્કેલીઓ વધી શકે છે.

CJPના સહ-સંયોજક સૌરભ દાસને લગતો પાસપોર્ટ વિવાદ વધુ વકર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૬ : કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સહ-સંયોજક સૌરભ દાસને લગતો પાસપોર્ટ વિવાદ વધુ વકર્યો છે. લંડન જતી ફ્લાઇટમાં મુસાફરી કરતા અટકાવાયા બાદ હવે તેમના પાસપોર્ટની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. પાસપોર્ટની નકલ જાહેર થયા બાદ તેમાં પિતાનું નામ ન હોવાને લઈને કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે સવાલો ઉઠાવ્યા છે. બીજી તરફ, દાસે અંગત દસ્તાવેજ સોશિયલ મીડિયા સુધી કેવી રીતે પહોંચ્યો તે અંગે સવાલો ઉઠાવી કાનૂની કાર્યવાહી કરવાની ચીમકી આપી છે.સમગ્ર મામલો સોમવારે શરૂ થયો હતો. સૌરભ દાસે દિલ્હી એરપોર્ટ પરથી વીડિયો શેર કરીને દાવો કર્યો હતો કે તેમનો પાસપોર્ટ ફ્લેગ કરવામાં આવ્યો હોવાથી તેમને લંડનની ફ્લાઇટમાં બેસતા અટકાવવામાં આવ્યા હતા. તેમણે ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથે જોડાયેલા એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે આમંત્રણ મળ્યું હોવાનું પણ જણાવ્યું હતું.

આ પછી વિદેશ મંત્રાલય તરફથી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે પાસપોર્ટમાં જન્મસ્થળને લગતી કેટલીક વિસંગતતાઓ મળી આવ્યા બાદ તેમને કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. મામલો ઉકેલાય ત્યાં સુધી પાસપોર્ટનો ઉપયોગ ન કરી શકાય તેમ જણાવાયું હતું. દાસે આ મુદ્દે દિલ્હી હાઈકોર્ટનો પણ સંપર્ક કર્યો હતો.બુધવારે સોશિયલ મીડિયા પર વર્ષ ૨૦૨૧માં જારી થયેલા દાસના પાસપોર્ટની તસવીરો વાયરલ થઈ હતી. તેમાં માતાનું નામ દર્શાવવામાં આવ્યું છે, જ્યારે પિતાના નામનો ઉલ્લેખ ન હોવાનું જોવા મળ્યું હતું. આ મુદ્દે સોશિયલ મીડિયા પર તેમની ટીકા શરૂ થઈ હતી.જોકે, સિંગલ પેરેન્ટના કિસ્સામાં પાસપોર્ટ માટે માતા અથવા પિતામાંથી કોઈ એકનું નામ દર્શાવવાની જોગવાઈ હોવાને કારણે માત્ર પિતાનું નામ ન હોવું પોતે જ કોઈ ગેરરીતિ સાબિત કરતું નથી.સૌરભ દાસે દાવો કર્યો છે કે રાજકીય રીતે વિરોધી વિચારધારા ધરાવતા કેટલાક સોશિયલ મીડિયા હેન્ડલ્સે તેમનો પાસપોર્ટ લીક કર્યો છે.

તેમણે સવાલ ઉઠાવ્યો છે કે તેમનો અંગત અને સંવેદનશીલ દસ્તાવેજ સોશિયલ મીડિયા સુધી કેવી રીતે પહોંચ્યો.દાસે અગાઉ તેમનું રહેણાક સરનામું પણ જાહેર કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો. હવે પાસપોર્ટની તસવીરો વાયરલ કરનારા સોશિયલ મીડિયા હેન્ડલ્સ સામે ફોજદારી ફરિયાદ કરવાની ચીમકી તેમણે આપી છે.

ડોકલામ નજીક ચીનની નવી હિલચાલથી ભારતની ચિંતા વધી

(સંપૂર્ણ સમાચાર સેવા) પ િશ્ચ મ ભૂટાન,તા.૨૬ : ભારતના વ્યૂહાત્મક હિતો સાથે જોડાયેલા ડોકલામ વિસ્તારમાં ચીનની ગતિવિધિઓને લઈને નવી ચિંતા ઊભી થઈ છે.

ભૂટાનની તોર્સા નદી ખીણમાં જમીન સાફ કરવામાં આવી હોવાના સેટેલાઇટ દૃશ્યો સામે આવ્યા છે. ૧૯ નવેમ્બર, ૨૦૨૬ની સેટેલાઇટ તસવીરોમાં ત્રણ અલગ-અલગ સ્થળોએ જમીન સાફ કરાયેલી જોવા મળી છે. આ ગતિવિધિઓ પાછળ ચીનનો શું હેતુ છે તે હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ સંભવિત બાંધકામની આશંકા વ્યક્ત થઈ રહી છે.

પ્રારંભિક અનુમાન મુજબ આ પ્રવૃત્તિ ડોકલામની પશ્ચિમ તરફ હોવાની આશંકા હતી, પરંતુ નવી સેટેલાઇટ તસવીરોમાં તેનું સ્થાન ડોકલામની પૂર્વમાં હોવાનું સૂચવાયું છે. આ વિસ્તાર ભૂટાનના પશ્ચિમ ભાગમાં આવેલો છે અને ભારત, ભૂટાન તથા ચીનની વ્યૂહાત્મક સરહદોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.

સેટેલાઇટ તસવીરોમાં ત્રણ સ્થળોએ જમીન સાફ કરવામાં આવી હોવાનું જણાય છે. જોકે, અહીં રસ્તા, લશ્કરી મથક કે અન્ય કોઈ બાંધકામ થવાનું છે કે નહીં તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.છેલ્લાં કેટલાંક વર્ષોથી ચીન પર ભૂટાનના વિવાદિત વિસ્તારોમાં ગામડાં અને વસાહતો વિકસાવવાનો આરોપ લાગતો રહ્યો છે. ડિસેમ્બર ૨૦૨૪ના એક અહેવાલ મુજબ, ભૂટાનના વિવાદિત વિસ્તારોમાં ચીન દ્વારા આશરે ૨૨ ગામડાં અને વસાહતો વિકસાવવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. તેમાંથી આઠ ડોકલામની નજીક હોવાનું જણાવાયું હતું.

ડોકલામ ભારત, ભૂટાન અને ચીનની સરહદ નજીક આવેલો વ્યૂહાત્મક વિસ્તાર છે. વર્ષ ૨૦૧૭માં અહીં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે લાંબો સામસામેનો તણાવ સર્જાયો હતો.

આ વિસ્તાર ભારતના સિલિગુડી કોરિડોરની સુરક્ષાની દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ છે. સિલિગુડી કોરિડોર ભારતના મુખ્ય ભૂભાગને પૂર્વોત્તર રાજ્યો સાથે જોડતો સાંકડો ભૂભાગ છે.

તોર્સા ખીણમાં જમીન સાફ કરવાની નવી પ્રવૃત્તિ પાછળનો હેતુ હજુ અજાણ છે. જો અહીં મોટા પાયે બાંધકામ શરૂ થાય તો ભૂટાનની પ્રાદેશિક સુરક્ષા અને ભારત-ચીનના વ્યૂહાત્મક સંબંધો પર તેની અસર પડી શકે છે.

શરદ પવારની તબિયત લથડી

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ,તા.૨૬ : રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના વડા અને વરિષ્ઠ રાજકારણી શરદ પવારની તબિયત લથડતાં તેમને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની પુત્રી અને પક્ષની રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુલેએ આ અંગે માહિતી આપી છે. ૮૫ વર્ષીય શરદ પવારને ડિહાઇડ્રેશનની સમસ્યા હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સુપ્રિયા સુલેએ જણાવ્યું કે તેમના પિતાની તબિયત બગડ્યા બાદ તેમને બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે શુભેચ્છકોને પવારના સ્વાસ્થ્ય અંગે ચિંતા ન કરવાની અપીલ સાથે તેમના સમર્થન બદલ આભાર માન્યો હતો.

સુપ્રિયા સુલેએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે શરદ પવારને વધુ આરામ અને ઓછી મુસાફરીની જરૂર છે. જોકે, તેઓ પોતાના કામ પ્રત્યે ખૂબ જ સમર્પિત હોવાથી આરામ કરવા તૈયાર થતા નથી.શરદ પવારની તબિયત બગડ્યાના સમાચાર મળતા સુપ્રિયા સુલેએ પક્ષની મહત્વપૂર્ણ બેઠક અધવચ્ચે જ છોડી દીધી હતી અને સીધી હોસ્પિટલ પહોંચી હતી. આ બેઠકમાં NCP (SP) સાથે જોડાયેલા આંતરિક મુદ્દાઓ અંગે ચર્ચા થવાની હતી.

શરદ પવાર પણ બેઠકમાં હાજર રહેવાના હતા, પરંતુ તબિયત લથડતાં તેઓ હાજર રહી શક્યા નહોતા. સુપ્રિયા સુલે હાલમાં હોસ્પિટલમાં પિતાની સારવાર અને તબીબી સ્થિતિ અંગે માહિતી મેળવી રહી છે.

તમિલનાડુમાં ધાર્મિક દીપમ મુદ્દે રાજકીય વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)
કોલકાતા, તા.૨૬
તમિલનાડુના એક વિવાદિત ધાર્મિક સ્થળે દીપમ તહેવાર દરમિયાન દીવા ના પ્રગટાવવા બદલ તમિલનાડુ સરકારની ભારે ટીકા થઈ રહી છે. સુપ્રીમ કોર્ટે આ સ્થળે માન્ય ટીમને જ દીવા પ્રગટાવવાની છૂટ આપી હતી, જેનો અમલ ના થઈ શકવા બદલ તમિલનાડુ સરકારે માફી માંગી હતી સાથે જ મંદિર સંચાલકોને ટીમને મંજૂરી નહીં આપવા બદલ દોષિત ઠેરવ્યા હતા.આ સમગ્ર મામલો તમિલનાડુના મદુરાઈમાં આવેલા થિરુપરનકુંદ્રમ પહાડ પર દીપાથૂન નામના એક ધાર્મિક સ્થળ સાથે જોડાયેલો છે. આ વિસ્તારમાં હઝરત સુલતાન સિકંદર દરગાહ આવેલી છે જ્યાંથી થોડે દૂર એક દીપાથૂન સ્તંભ આવેલો છે જેના પર દીપ પ્રાગટ્ય કરવા માટે હાઈકોર્ટમાં અરજી થઈ હતી, હાઈકોર્ટે તેને મંજૂર રાખી હતી માટે બાદમાં રાજ્ય સરકાર તેમજ મંદિર પ્રશાસન દ્વારા હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે આ સ્થળે મર્યાદિત લોકો દ્વારા દીપ પ્રાગટ્યની છૂટ આપવામાં આવી હતી. જે માટે મંદિર પ્રશાસનની મંજૂરી લેવાની શરત મુકવામાં આવી હતી. જોકે દીપ પ્રાગટ્ય નહતું થઈ શક્યું, રાજ્ય સરકારે દાવો કર્યો હતો કે મંદિર પ્રશાસન દ્વારા કલેક્ટર દ્વારા તૈયાર ટીમને દીપ પ્રાગટ્ય માટે મંજૂરી નહતી આપી. બીજી તરફ આ મુદ્દે સુપ્રીમ કોર્ટે સુઓમોટો નોંધ લઈને કોર્ટના આદેશની અવમાનનાની કાર્યવાહી કરવાની ના પાડી દીધી હતી, સાથે જ કહ્યું હતું કે જો અવમાનના મુદ્દે અરજી કરવામાં આવશે તો તેની અમે સુનાવણી કરીશું. રાજ્ય સરકાર અને મંદિર પ્રશાસન મૂળ મંદિરની જગ્યાએ જ દીપ પ્રાગટ્ય કરવા કહી રહ્યા છે.હાલ આ મુદ્દે તમિલનાડુમાં વિવાદ સર્જાયો છે.

અમરનાથ યાત્રા માર્ગ પહોળો કરવાના મુદ્દે વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ,તા.૨૬ : જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રાના પરંપરાગત માર્ગને પહોળો કરવાના કામને લઈને રાજકીય અને પર્યાવરણીય વિવાદ ઊભો થયો છે. પહલગામથી અમરનાથ ગુફા તરફ જતા માર્ગ પર આવેલા શેષનાગ તળાવ નજીક JCB મશીનથી ખોદકામ થતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં આ મુદ્દો ચર્ચામાં આવ્યો છે. PDPએ આ કામગીરી સામે વિરોધ નોંધાવ્યો છે, જ્યારે ભાજપે યાત્રાળુઓની સુવિધા માટે પ્રોજેક્ટનું સમર્થન કર્યું છે.

PDPનાં પ્રમુખ અને જમ્મુ-કાશ્મીરનાં પૂર્વ મુખ્યમંત્રી મહબૂબા મુફ્તીએ આક્ષેપ કર્યો છે કે શેષનાગ સુધીના માર્ગના નિર્માણને ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઉમર અબ્દુલ્લાની કેબિનેટે મંજૂરી આપી હતી. તેમના મતે, ગ્લેશિયર તળાવ નજીક બાંધકામથી પર્યાવરણ અને યાત્રા બંનેને જોખમ થઈ શકે છે. ૨૪ જાન્યુઆરીએ તેઓ પક્ષના નેતાઓ સાથે સ્થળ પર જવા નીકળ્યાં હતાં, પરંતુ પોલીસે ચંદનવાડી પાસે તેમને અટકાવ્યાં હતાં.

મીરવાઈઝ ઉમર ફારૂકે પણ સોશિયલ મીડિયા પર આ કામગીરી તાત્કાલિક બંધ કરવાની માંગ કરી છે. તેમણે ગ્લેશિયર અને કુદરતી જળસ્રોતોની સુરક્ષાને પ્રાથમિકતા આપવાની વાત કરી છે.ભાજપના પ્રવક્તા અલ્તાફ ઠાકુરે વિરોધ સામે સવાલ ઉઠાવતાં કહ્યું કે અમરનાથ યાત્રાળુઓને ધાર્મિક સ્થળ સુધી પહોંચવા માટે સારી સુવિધા મળવી જોઈએ. તેમણે PDPના અગાઉના શાસન દરમિયાન મુઘલ રોડ પર વૃક્ષો કપાયાના મુદ્દાનો ઉલ્લેખ કરીને મહબૂબા મુફ્તીની ટીકા કરી હતી.

Nvidiaની નવી નિકાસ નીતિથી ચીનની AI દોડને ઝટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)
સિંગાપોર,તા.૨૬ : અમેરિકાની અગ્રણી ચિપ કંપની Nvidiaએ દક્ષિણ-પૂર્વ એશિયાના ચાર દેશોમાં તેના અદ્યતન સર્વર મોકલવા પર રોક લગાવી હોવાના અહેવાલથી વૈશ્વિક AI ઉદ્યોગમાં હલચલ મચી છે. અહેવાલો અનુસાર, Nvidiaએ પોતાના મેન્યુફેક્ચરિંગ પાર્ટનર્સ Dell અને Supermicrou મલેશિયા, સિંગાપોર, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયાના કેટલાક ગ્રાહકો માટે સર્વર શિપમેન્ટ મંજૂર ન કરવા જણાવ્યું છે.

આ નિર્ણય પાછળ ચીનની AI કંપનીઓ સુધી અદ્યતન કમ્પ્યુટિંગ ટેક્નોલોજીની પહોંચ મર્યાદિત કરવાની અમેરિકાની નીતિને મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. આ ચાર દેશો મારફતે ચીનની કેટલીક કંપનીઓ Nvidiaની શક્તિશાળી ચિપ્સ ધરાવતા સર્વર અને ક્લાઉડ કમ્પ્યુટિંગ ક્ષમતાનો ઉપયોગ કરતી હોવાના અહેવાલ છે.

હાલ આ રોક કેટલા સમય સુધી રહેશે તે અંગે સ્પષ્ટતા નથી. Nvidia અને તેના પાર્ટનર્સ અમેરિકાના બદલાતા નિકાસ નિયમોને ધ્યાનમાં રાખીને પોતાની સપ્લાય વ્યવસ્થામાં ફેરફાર કરી રહ્યા છે.અમેરિકાએ અગાઉ Nvidiaની કેટલીક અદ્યતન ચિપ્સની ચીનમાં નિકાસ પર નિયંત્રણો લાદ્યા હતા. ત્યારબાદ ચીનની કેટલીક AI કંપનીઓએ સીધી ચિપ ખરીદીના બદલે વિદેશી ડેટા સેન્ટર અને ક્લાઉડ પ્રોવાઈડર્સ મારફતે કમ્પ્યુટિંગ શક્તિ મેળવવાનો રસ્તો અપનાવ્યો હતો.

દક્ષિણ-પૂર્વ એશિયાના ડેટા સેન્ટર્સ આ વ્યવસ્થામાં મહત્વપૂર્ણ બન્યા હતા. હવે સર્વર શિપમેન્ટ પર નિયંત્રણ આવવાથી ચીનની AI કંપનીઓ માટે આ વૈકલ્પિક માર્ગ પણ મુશ્કેલ બની શકે છે.

નવા નિયંત્રણોની અસર દક્ષિણ-પૂર્વ એશિયામાં ચાલી રહેલા AI અને ડેટા સેન્ટર પ્રોજેક્ટ્સ પર પણ પડી શકે છે. અહેવાલ મુજબ, સિંગાપોરની ક્લાઉડ કંપની Aolani દ્વારા TikTkoની પેરેન્ટ કંપની ByteDanceને અદ્યતન કમ્પ્યુટિંગ ક્ષમતા ઉપલબ્ધ કરાવવાની યોજના પણ અનિશ્ચિતતામાં આવી છે.

સર્વર સપ્લાયમાં અડચણને પગલે પ્રોજેક્ટ માટે આશરે

અન્ય સમાચારો

સંવિધાન ગૌરવ દિવસ નિમિત્તે

મુખ્યમંત્રીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા.૨૬ : સંવિધાન ગૌરવ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારતના બંધારણના ઘડવૈયા, ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ગાંધીનગરમાં સેન્ટ્રલ વિસ્ટા સ્થિત પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના રાષ્ટ્રનિર્માણમાં અમૂલ્ય યોગદાન અને ભારતીય લોકશાહીના પાયાને મજબૂત બનાવવામાં તેમની ઐતિહાસિક ભૂમિકાને ભાવપૂર્વક વંદન કર્યા હતાં.

સંવિધાન ગૌરવ દિવસ નિમિત્તે મુખ્યમંત્રીએ ડૉ. આંબેડકરને ભાવાંજલિ આપીને બાબાસાહેબના વિચારો અને આદર્શોને આત્મસાત કરીને સમર્થ, સમૃદ્ધ અને સમાનતાયુક્ત ભારતના નિર્માણ માટે પ્રતિબદ્ધ થવાનો સામાજિક સમાનતાનો સંદેશ આપ્યો હતો.આ વેળાએ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા, શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી કાંતિ અમૃતિયા, ગાંધીનગરના મેયર રૂપસીંગ ઠાકોર, ધારાસભ્ય શ્રીમતિ રીટાબહેન પટેલ, શહેર સંગઠન પ્રમુખ આશિષ દવે, સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન મહેન્દ્ર પટેલ તથા અન્ય હોદ્દેદારોએ પણ ઉપસ્થિત રહીને ભાવપુષ્પ અર્પણ કર્યા હતાં.

ટોરેંટ પાવરે અમદાવાદ અને સુરતમાં ફ્યૂઅલ સરચાર્જ વધાર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા. ૨૬ : રાજ્યના સામાન્ય નાગરિકો માટે વધુ એક માઠા સમાચાર સામે આવ્યા છે. ટોરેન્ટ પાવર દ્વારા વર્ષ ૨૦૨૬ના ત્રીજા ત્રિમાસિક ગાળા (ઓક્ટોબરથી ડિસેમ્બર) માટે ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ પ્રાઈસ એડજસ્ટમેન્ટ (એફપીપીપીએ) એટલે કે ફ્યુઅલ સરચાર્જમાં વધારો ઝીંકવામાં આવ્યો છે. જીવનજરૂરી ચીજવસ્તુઓ અને સોના-ચાંદીના આસમાને પહોંચેલા ભાવ વચ્ચે હવે અમદાવાદ, ગાંધીનગર અને સુરતના આશરે ૪૩ લાખ વીજ ગ્રાહકોએ વીજ બિલમાં પણ વધારાનો માર સહન કરવો પડશે. કંપની દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ, અમદાવાદ અને ગાંધીનગરના ગ્રાહકો માટે ફ્યુઅલ સરચાર્જમાં પ્રતિ યુનિટ ૨૯ પૈસાનો વધારો કરાયો છે. અગાઉ ગ્રાહકો પાસેથી પ્રતિ યુનિટ રૂ. ૩.૭૨ વસૂલવામાં આવતા હતા, જે હવે વધીને રૂ. ૪.૦૧ પ્રતિ યુનિટ થઈ ગયા છે. બીજી તરફ, સુરતના વીજ ગ્રાહકો પર સૌથી વધુ અસર પડી છે. સુરતમાં ફ્યુઅલ સરચાર્જમાં પ્રતિ યુનિટ ૩૪ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે, જે અગાઉના દરની સરખામણીએ અંદાજે ૧૪ ટકા જેટલો વધારે છે. અગાઉ સુરતમાં આ દર રૂ. ૨.૪૪ પ્રતિ યુનિટ હતો, જે હવે વધીને રૂ. ૨.૭૮ પ્રતિ યુનિટ પર પહોંચી ગયો છે.

CHANGE OF NAME

OLD NAME - DARSHITABEN DAXESHKUMAR PATEL
NEW NAME - DARSHITABEN DINESHBHAI PATEL
ADD - 61/2, NAVYUG FALIYA, MAGARWADA, MOTI DAMAN, 396220

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

હરાજી સૂચના

જામપોર ઘાટ, સી-ફ્રન્ટ, મોટી દમણ (તબક્કો-III) ખાતે દુકાનો ચલાવવાની પરવાનગી આપવા બાબત

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

જાહેરાત નં.4/442/DT/DMN/JMPRGITT/STALL5/24-25/461

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ

નિર્દેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - ૩૯૬૨૧૫

NO.: IP/DMN/2/5/2026-27/681 DATED :26/11/2026

એલઆરડી-પીએસઆઈ અને ટેક્નિકલ કેડરની ભરતી માટે ફોર્મ ભરાવાના શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા. ૨૬ : ગુજરાત પોલીસમાં ૧૩,૧૫૨ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. લોકરક્ષક, પીએસઆઈ અને ટેક્નિકલ કેડરમાં આ ભરતી કરવામાં આવશે. ૨૬ નવેમ્બરથી ઓજસ વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરાવવાના શરૂ થઈ ગયા છે. જારી કરાયેલી યાદી અનુસાર ઉમેદવારો ૧૬ ડિસેમ્બર સુધી અરજી કરી શકશે. જનરલ કેટેગરી માટે ૧૦૦ રૂપિયા ફી છે, જ્યારે અનામત કેટેગરીના ઉમેદવારોને ફી ભરવાની રહેશે નહીં.

ભરતી કરવામાં વિવિધ કેડર અંગે વિગતે જોઈએ તો લોકરક્ષક કેડર, પોલીસ સબ ઈન્સ્પેક્ટર(પીએસઆઈ) કેડર, ટેક્નિકલ કેડરમાં મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝર અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિકની પોસ્ટ પર કુલ ૧૩,૧૫૨ જગ્યાઓ માટે બુધવારે(૨૬ નવેમ્બર) બપોરે ૨ વાગ્યાથી ઓનલાઈન ફોર્મ ભરાવવાના શરૂ થઈ ગયા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ(જીપીઆરબી) અનુસાર, રાજ્યમાં પોલીસ બનવા ઈચ્છતા ઉમેદવારો માટે મોટાપાયે ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં લોકરક્ષક કેડરમાં કુલ ૧૨,૭૫૨ જગ્યાઓ, પીએસઆઈ કેડરની ૨૪૧ જગ્યાઓ મળી બંને કેડર કુલ ૧૨,૯૯૩ જગ્યાઓ ભરવામાં આવશે. જ્યારે ટેક્નિકલ કેડરમાં મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝરની ૨૬ જગ્યા અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિકની ૧૩૩ જગ્યાઓ મળી કુલ ૧૫૯ જગ્યા છે.

નોંધનીય છે કે લોકરક્ષક કેડરની સાથે પીએસઆઈ કેડરમાં પણ ભરતીની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડની જાહેરાત ક્રમાંક GPRB/૨૦૨૬૨૭/૪ મુજબ પીએસઆઈ કેડરની કુલ ૨૪૧ જગ્યાઓ ભરાશે. આ ભરતી માટે ઉમેદવાર પાસે માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી હોવી જરૂરી છે. પોલીસ ભરતીની ચારેય અલગ-અલગ કેડર માટે ઓજસની સત્તાવાર વેબસાઈટ https://ojas.gujarat.gov.in પર ઓનલાઈન ફોર્મ ભરાવવાના શરૂ થઈ ગયા છે. ઉમેદવારો આગામી ૧૬ ડિસેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકશે.

થરામાં ખેડૂતે કપાસની આડમાં ગાંજાના છોડ વાવી દીધા!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા.૨૬ : બનાસકાંઠા જિલ્લાના થરામાં ગેરકાયદેસર ગાંજાનું વાવેતર સામે પોલીસે કડક કાર્યવહી કરી છે. થરા પોલીસે ખારીયા ગામે કપાસના ખેતરમાં છુપાવીને ઉગાડેલા ગાંજાના મોટા જથ્થા સાથે એક શખસને ઝડપી લીધો છે. કપાસની આડમાં વાવેતર કરાયેલા આ ખેતરમાંથી ગાંજાના કુલ ૬૪ છોડ મળી આવ્યા છે. પ્રાપ્ત ગાંજાનું વજન ૬૨.૪૦ કિલોગ્રામ નોંધાયું છે. પોલીસે ગાંજા સહિત કુલ રૂ. ૩૧,૦૭,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે અને આ જથ્થો કેવી રીતે તથા ક્યારથી ઉગાડવામાં આવતો હતો તે દિશામાં તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ થરાના ખારીયા ગામે રાજુ કાળુભા વાઘેલાએ ખેતરમાં કપાસની આડમાં ગાંજાના છોડ વાવ્યા હતા. થરા પોલીસે હાલ રાજુ વાઘેલાની ધરપકડ કરી છે. ખેતરમાં કપાસના પાકની આડમાં ગાંજાના છોડનું વાવેતર કરીને છુપાવવાનો પ્રયાસ કરાયો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. પોલીસે માદક પદાર્થ ગાંજાના કુલ નંગ-૬૪ છોડ જપ્ત કરી તેનુ વજન કરતા ૬૨.૪૦ કિલોગ્રામ થયું હતું. પોલીસ દ્વારા વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

રેલવે ટ્રેક ઓળંગતા મોતને ભેટનારના પરિવારને વળતર ચૂકવવું પડે : હાઈકોર્ટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા.૨૬ : ગુજરાત હાઈકોર્ટે રેલવે ટ્રેક પર અકસ્માતમાં મૃત્યુના કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે જણાવ્યું કે, રેલવે ટ્રેક ક્રોસ કરવામાં વ્યક્તિની બેદરકારીને કારણે પણ મૃત્યુ થયું હોવાનું કહી વળતર નકારી શકાય નહીં. રેલવે પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. હાઈકોર્ટે મૃતક યુવકના પરિવારજનોને ૯ ટકા વ્યાજ સાથે રૂ. ૮ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. રેલવે ટ્રિબ્યુનલનો વળતર નકારવાનો નિર્ણય હાઈકોર્ટે રદ કર્યો છે. રેલવે ટ્રેક પર અકસ્માતમાં મૃત્યુના કિસ્સામાં વળતર નકારવાનો રેલવે ટ્રિબ્યુનલનો અભિગમ ખામીયુક્ત અને રેલવે અકસ્માત વળતર કાયદાની જોગવાઈ વિરુદ્ધનો છે તેમ ગુજરાત હાઈકોર્ટે ચુકાદામાં ઠેરવ્યું છે.

રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે અકસ્માતે કપાઈને મૃત્યુ પામનાર એક યુવકના કિસ્સામાં તેના પરિવારજનોને વળતર નકારવાના રેલવે ટ્રિબ્યુનલના હુકમને હાઈકોર્ટના જસ્ટિસ દિવ્યેશ એ. જોશીએ ગેરકાયદે અને રદબાતલ ઠરાવ્યો હતો અને મૃતક યુવકના પરિવારજનોને ૯ ટકા વ્યાજ સાથે રૂ. ૮ લાખનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. રાજબહાદુર અને અન્યની યુનિયન ઓફ ઈન્ડિયા સામેની ફર્સ્ટ અપીલમાં હાઈકોર્ટે આ મહત્વનો ચુકાદો આપ્યો હતો.

રેલવે સ્ટેશનો અને યાર્ડ્સ, ખાસ કરીને જ્યાં ફુટ ઓવરબ્રિજ અથવા દૂર કે ભીડભાડવાળા હોય છે, ત્યાં મુસાફરો વારંવાર પ્લેટફોર્મ પર પહોંચવા અથવા પરિસરમાંથી બહાર નીકળવા માટે પાટાને ઓળંગનું જોખ ખેડતા હોય છે. ત્યારે રેલવે તંત્ર પોતાની જવાબદારીમાંથી છટકવા માટે આવા કૃત્યોને મુસાફરીની બેદરકારી ગણાવી તેને ગુનાહિત કૃત્ય અથવા જાતે પહોંચાડેલી ઈજા તરીકે સરખાવી શકે નહીં. આ કેસની વિગતો મુજબ ૧૮ જુલાઈ, ૨૦૨૩ના રોજ એક યુવક કાનપુર સેન્ટ્રલથી અમદાવાદ આવતી હાવડા-ગાંધીધામ ગરબા સુપરફાસ્ટ એક્સપ્રેસમાં માન્ય ટિકિટ સાથે મુસાફરી કરી રહ્યો હતો. ટ્રેનના જનરલ કોચમાં ભારે ભીડ અને ટ્રેનના અચાનક ઝટકાને કારણે તે ટ્રેનમાંથી પડી ગયો હતો અને ટ્રેન સાથે ઘસડાતાં ગંભીર ઈજાઓ થઈ હતી. ત્યારબાદ તે ટ્રેકની બીજી તરફ જવાનો પ્રયાસ કરતી વખતે અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ ટ્રેનની અડફેટે આવી જતાં તેનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. પરિવારજનોએ રૂ. ૮ લાખના વળતર માટે રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલમાં અરજી કરી હતી, પરંતુ ટ્રિબ્યુનલ દ્વારા ૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ અરજી ફગાવી દેવાઈ હતી. ટ્રિબ્યૂનલના આ નિર્ણય સામે પરિવારજનોએ હાઈકોર્ટમાં વળતર મેળવવા માટે અપીલ કરી હતી. હાઈકોર્ટના અવલોકન મુજબ મુસાફર પાસેથી ટિકિટ મળતા તે માન્ય મુસાફર ઠરે છે. આ ઉપરાંત અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે, ટ્રેનમાંથી અકસ્માતે પડી જવાના કિસ્સામાં રેલવે વહીવટી તંત્રની જવાબદારી નો-ફૉલ્ટ લાયબિલિટી (અનિવાર્ય જવાબદારી)ની બને છે.

હવે, સરકારની યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ,તા.૨૬ : રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વધુ એક નક્કર પહેલ હાથ ધરવામાં આવી છે. સરકારી યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસની કામગીરીને વધુ ઝડપી અને પેપરલેસ બનાવવાના હેતુથી 'ટ્રાન્સફોર્મિંગ સર્વે ઈકોસિસ્ટમ વેબ પોર્ટલ' વિકસાવવામાં આવ્યું છે. નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC)ના ટેકનિકલ સહયોગથી તૈયાર કરાયેલા આ વેબ પોર્ટલ મારફતે હવે આગામી તમામ મૂલ્યાંકન અભ્યાસો સંપૂર્ણપણે ઓનલાઈન હાથ ધરવામાં આવશે. આ કામગીરી માટે સચિવાલયના તમામ વિભાગોના સંયુક્ત સચિવો તથા નાયબ સચિવોને યુઝર આઈડી અને પાસવર્ડ પૂરા પાડવામાં આવ્યા છે. જેઓ પોતાના વિભાગની યોજનાના મૂલ્યાંકન અભ્યાસ માટે જરૂરી પરિપત્રો અને ચેકલિસ્ટ સાથે સમયસર સીધી જ ઓનલાઈન દરખાસ્ત સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગને મોકલી શકશે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા દરખાસ્તની યોગ્યતા ચકાસ્યા બાદ તેને નિયામક, મૂલ્યાંકન કાર્યાલયને ઓનલાઈન તબદીલ કરવામાં આવશે ત્યારબાદ મૂલ્યાંકન કચેરી દ્વારા સ્ટડી ડિઝાઈન, મેથોડોલોજી તેમજ મૂલ્યાંકન અહેવાલ તૈયાર કરવા સહિતની તમામ કામગીરી ઓનલાઈન હાથ ધરવામાં આવશે. મૂલ્યાંકન અભ્યાસની દરખાસ્ત રજૂ થાય ત્યારથી શરૂ કરીને તમામ તબક્કાઓ સહિત મૂલ્યાંકન અભ્યાસ આખરી થાય ત્યાં સુધીની સમગ્ર કામગીરીનું સતત ઓનલાઈન મોનિટરિંગ થઈ શકે તે રીતે આ વેબ પોર્ટલ ડિઝાઈન કરવામાં આવ્યું છે.

વિવિધ વિભાગોના પ્રતિનિધિ-નોડલ અધિકારીઓ માટે ૨૭મી, નવેમ્બરના રોજ સચિવાલય ખાતે વર્કશોપ યોજાશે. આ નવીન પોર્ટલના અમલીકરણથી વહીવટી પ્રક્રિયામાં સમયનો બચાવ થશે અને વિવિધ સરકારી યોજનાઓની અસરકારકતાનું મૂલ્યાંકન વધુ સચોટ રીતે થઈ શકશે.

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department
NOTICE INVITING TENDER
Supply & Installation Of Joinery Work and Related Flooring Work in AYUSH Hospital at Pati DNH

On line downloading start of tender documents	25.11.2026 @ 18.00 Hrs
* Pre-bid meeting	N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid	03.12.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid	03.12.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid	03.12.2026 @ 16.30 hrs. (if possible)

For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350

ID.No. 2026_UTDNH_8343_1

I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/808 Dtd.25/11/2026
NO.: IP/DMN/2/5/2026-27/677 DATED :26/11/2026

U.T. Administration of Dadra & Nagar Haveli and Daman & Diu, Department of Health & Family Welfare (Office of the Chief Medical Officer)

No. CMO/EST/APPOINT/KSDH/2026/264 Date:25/11/2026.

ADVERTISEMENT

The Office of the Chief Medical Officer, Dadra and Nagar Haveli invite application for the post of various Specialist Doctors **(Physician, General Surgeon, Pediatrician, Obstetrician & Gynecologist, Anesthesiologist, Ophthalmologist, Dermatologist, Orthopedic Specialist, Radiologist, ENT Specialist, Family Medicine Specialist, Psychiatrist, Pathologist, Physical Medicine and Rehabilitation Specialist)** to be filled on short terms contract basis for Sub District Hospital, Khanvel. The detail advertisement is available on the official website www.ddd.gov.in and www.dnh.gov.in . The application should reach on or before **04.12.2026.**

Also scan the code for details regarding eligibility, qualification, remuneration and prescribed format of application

sd/-
Chief Medical Officer,
Dadra and Nagar Haveli,
Silvassa

NO.: IP/DMN/2/5/2026-27/675 DATED :26/11/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department
NOTICE INVITING TENDER
Supply & Installation Of Bathroom Fixtures, External Drain, applying Water proofing & related painting work in AYUSH Hospital at Pati, DNH

On line downloading start of tender documents	25.11.2026 @ 18.00 Hrs
* Pre-bid meeting	N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid	03.12.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid	03.12.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid	03.12.2026 @ 16.30 hrs. (if possible)

For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350

ID.No. 2026_UTDNH_8344_1

I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/808 Dtd.25/11/2026
NO.: IP/DMN/2/5/2026-27/678 DATED :26/11/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department
NOTICE INVITING TENDER
Supplying & Installation Of CCTV, Electrical Fixtures & Roofing of Canteen building in AYUSH Hospital at Pati, DNH

On line downloading start of tender documents	25.11.2026 @ 18.00 Hrs
* Pre-bid meeting	N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid	03.12.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid	03.12.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid	03.12.2026 @ 16.30 hrs. (if possible)

For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350

ID.No. 2026_UTDNH_8342_1

I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/808 Dtd.25/11/2026
NO.: IP/DMN/2/5/2026-27/676 DATED :26/11/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department
NOTICE INVITING TENDER
Minor Civil & Electric Works and Supply & Installation of G.I. Tower for wireless set and Installation of Parking Shed at SP office complex, Sayli, Dadra & Nagar Haveli

On line downloading start of tender documents	25.11.2026 @ 18.55 Hrs
* Pre-bid meeting	N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid	03.12.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid	03.12.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid	03.12.2026 @ 16.30 hrs. (if possible)

For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350

ID.No. 2026_UTDNH_8349_1

I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/810 Dtd.25/11/2026
NO.: IP/DMN/2/5/2026-27/679 DATED :26/11/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department
NOTICE INVITING TENDER
Procurement of Remaining Furniture & Interior works at SP office complex, Sayli, Dadra & Nagar Haveli

On line downloading start of tender documents	25.11.2026 @ 18.55 Hrs
* Pre-bid meeting	N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid	03.12.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid	03.12.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid	03.12.2026 @ 16.30 hrs. (if possible)

For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350

ID.No. 2026_UTDNH_8350_1

I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/810 Dtd.25/11/2026
NO.: IP/DMN/2/5/2026-27/680 DATED :26/11/2026

PUBLIC NOTICE

1, ADVOCATE JIGISHA GANDHI (B.Sc., D.M.Lt, LL.B-GOLD MEDAL), Giving this public notice that,

ALL THE PIECE AND PARCEL of the immovable property being Flat No. 302, admg. 720.00 Sq. Fts 1.c. 66.91 5q. Mtrs. Built up area, admg. 645.00 Sq. Fts. i.e. 59.94 Sq. Mtrs. Carpet area, alongwith undivided share in land admg. 18.53 Sq. Mtrs., bearing Navsari Mahanagarpalika Mun. House No. 100412300/0 (New), 12300/0 (Old), Ward No.4 Situated on the Third Floor of building No. B named "Om Sainath Residency" constructed on Gamtal Land bearing Grampanchayat House No. 582, admg. 910.60 Sq. Mts., situated at Village Viraval, Tal. and Dist. Navsari, which is owned by Hinabahen Dharmeshkumar Patel. On verification of title documents, I found following title documents registered in the Navsari Sub Registrar mentioned in the schedule below has been missing or lost/misplaced and that never ever it was used as security for obtaining any financial assistance by her or any one else. Any persons/s,society, institutions, group, trust, banks etc. owing any rights of ownership or possession or lien or claim of whatsoever nature in respect thereof are hereby informed to raise any such rights or claims all within a period of Seven Days from the date of publication of this notice personally before the under signing along with all documentary proof in original, upon expiry of which, no right or claim of whatsoever nature shall be entertained and Title Clear Certificate will be issued.

SCHEDULE OF THE PROPERTY

(1) Original Registered Sale Deed along with Registration Receipt bearing Serial No. 6517 dated 15.10.2013 Executed by Om Sainath Enterprise in favour of Shobhnaben Pushpraj Mehta.

(2) Original Registered Sale Deed along with Registration Receipt bearing Serial No. 7426 dated 26.11.2021 executed by Shobhnaben Pushpraj Mehta in favour of Nilamben Harishkumar Mangnani.

DATE: 26.11.2026
PLACE: NAVSARI

JIGISHA GANDHI
ADVOCATE
(B.Sc., D. M.Lt, LL.B-GOLD MEDAL)
9374157414/7698376294/9725048236
WWW.LEGALCELLS.IN

ADDRESS:
A-1015, Sonorous, Opp. Circuit House, Vapi-396191

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. કે.આર. ચૌહાણ
ફો.પ.અ.નં.૯૨૧/૨૦૨૬

અરજદાર : જયકિશન નાનુ હળપતિ
રહે. નૂતન નગર, વાપી, જી.વલસાડ

વિરુધ્ધ

સામાવાળા : વાપી મહાનગર પાલિકા - વાપી
વાપી, તા.વાપી, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૯૨૧/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના પુત્ર નામે **ગણેશકુમાર જયકિશનભાઈ હળપતિ** તા. ૨૬/૦૮/૧૯૯૮ના રોજ મોજે વાપી, તા.વાપી, જી.વલસાડ મુકામે જન્મ થયેલ છે. જે તે સમયે તેમની જન્મની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી તેઓની જન્મની નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે જન્મના દાખલાની જરૂર હોઈ તેઓના જન્મનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૨૬મી માહે નવેમ્બર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર		મુકાબલ કરનાર અને હુકમથી
સહી/-	કોર્ટનો સિક્કો	સહી/-
(એમ.બી. મણવર)		(પી.પી. વૈષ્ણવ)
આસીસ્ટન્ટ		સુપ્રિન્ટેન્ડન્ટ

જાહેર નોટીસ

મહેરબાન પ્રિન્સીપાલ સિનિયર સિવિલ અને એડિ. ચીફ જજ સંજીવકુમાર સાહેબશ્રીની કોર્ટમાં, ઉમરગામ

ફોજદારી પરચુ. અરજી નં.૪૨૭/૨૦૨૬
ઠરાવ તારીખ : ૦૫/૦૧/૨૦૨૬

અરજદાર : ચંપીબેન સોમાભાઈ સોરઠી
રહે. ૨૦૭- સોરઠવાડ, કલગામ, તા. ઉમરગામ, જી.વલસાડ

વિરુધ્ધ

સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી કલગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના પુત્રી નામે જયશ્રીબેન સોમાભાઈ સોરઠીનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૮૮ના રોજ કલગામ, તા. ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.
સદહુ અરજીની સુનાવણી તારીખ ૦૫/૦૧/૨૦૨૬ના રોજ ૧૦:૩૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
સહી/-	સહી/-	કોર્ટનો સિક્કો	સહી/-
(વિ.જી. પટેલ)	(એમ.એમ. વણકર)		ડે. રજીસ્ટ્રાર
જુ. ક્લાર્ક	સિનિયર ક્લાર્ક		પ્રિન્સીપાલ સીની. સિવિલ કોર્ટ, ઉમરગામ

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૯૧/૨૦૨૬
કિ.પ.અ.નંબર - ૧૮૮૪/૨૦૨૬

અરજદાર : કિરણભાઈ મોહનભાઈ પટેલ

વિરુધ્ધ

સામાવાળા : રજીસ્ટ્રાર જન્મ-મરણ,
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ડુંગરી, તા.જી. વલસાડ

સદરહુ કામે અરજદાર **કિરણભાઈ મોહનભાઈ પટેલ** રહે. બરામદેવ ફળિયા, ડુંગરી તા.જી. વલસાડના કાકા નામે **ખંડુભાઈ છીબાભાઈ પટેલ**નું અવસાન તેમના ઘરે મોજે ડુંગરી, બરામદેવ ફળિયા, તા.જી. વલસાડ મુકામે તા. ૦૫/૦૯/૧૯૯૬ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૮૮૪/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.
જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.
તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
સહી/-	સહી/-	કોર્ટનો સિક્કો	સહી/-
આસિસ્ટન્ટ	સુપ્રિટેન્ડેન્ટ,		રજીસ્ટ્રારશ્રી
			ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.5000/-
The Complete Man Raymond
dinesh SUITING
Siyaram's SHOP
DONEAR SUITINGS & SHIRTINGS
DIGJAM
NIRVĀN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORD'S
MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઇપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
કોઇપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-



દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો
ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પેલક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403
સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઇ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Friday 27, November 2026

દમણગંગા ટાઇમ્સ

ભાઠા નજીક ટ્રેન અડફેટે અજાણ્યા યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૨૬ : ગણદેવી તાલુકાના ભાઠા ગામના વાંગરી ફળિયા પાસેથી પસાર થતા રેલવે ટ્રેકના કિલોમીટર નંબર ૨૧૯/૨ ડાઉન લાઈન પાસે કોઈ અજાણી ટ્રેનની અડફેટે આવી જતાં આશરે ૪૦ વર્ષીય પુરુષનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે બીલીમોરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.ડી. કારેણાએ અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકની ઓળખ મેળવવા સહિતની તપાસ હાથ ધરી છે. જ્યારે બીજા એક કિસ્સામાં ગણદેવી તાલુકાના કોથા ગામના તળાવ ફળિયામાં સાગર મુકેશભાઈ હળપતિએ જંતુનાશક દવા પી આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે મૃતકના પિતા એ ગણદેવી પોલીસ મથકે જાણ કરતાં અમલસાડ ઓપીના એ.હે.કો. પ્રશાંત રામસુંદરે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મોટાપોંઢા તળાવમાં યુવક ડૂબ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૬ : મોટાપોઢા તળાવમાં એક યુવક ડૂબી જવાની ઘટના બની છે. તળાવ કિનારે કપડાં કાઢીને નાહવા ઉતરેલો યુવક પાણીમાં ડૂબી ગયો હોવાનું જાણવા મળ્યું છે.ડૂબેલો યુવક હળપતિ સમાજનો હોવાનું પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો તળાવ કિનારે એકઠા થઈ ગયા હતા. વાપી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર જવાનો દ્વારા તળાવમાં યુવકની શોધખોળ ચાલુ કરવામાં આવી છે.

પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ છે. યુવકનું નામ-સરનામું હજુ જાણી શકાયું નથી. શોધખોળ પૂર્ણ થયા બાદ વધુ વિગતો બહાર આવશે.



દાનહમાં કોંગ્રેસનો સંવિધાન રક્ષાનો સંકલ્પ

સેલવાસમાં કોંગ્રેસે રેલી યોજી : નાગરિકોના હક અને અધિકારની રક્ષા કરવા નિર્ધાર : ભાજપ લોકશાહીના નામે ગેરમાર્ગે દોરતી હોવાનો આક્ષેપ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૨૬ : સંવિધાન દિવસ નિમિત્તે ગુરુવારે દાદરા અને નગર હવેલી પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સેલવાસમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અખિલ ભારતીય કોંગ્રેસના દેશવ્યાપી મતાધિકાર અને સંવિધાન રક્ષા અભિયાન અંતર્ગત બિરસા મુંડા ચોક ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કોંગ્રેસના કાર્યકરોએ સંવિધાન, લોકશાહી અને નાગરિકોના હક્કો તથા અધિકારોની રક્ષા કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પ્રભુભાઈએ ભાજપ અને સ્થાનિક પ્રશાસનની કાર્યપદ્ધતિ સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળની સરકાર સત્તામાં છે ત્યારે લોકશાહીની રક્ષા કરવાની જવાબદારી પણ સરકારની જ છે. તેમણે લોકશાહીના નામે જનતાને ગેરમાર્ગે દોરવાનો ભાજપ પર આક્ષેપ કર્યો હતો.

નોટિસ વિના મકાનો-દુકાનો તોડવાની કાર્યવાહી સામે વિરોધ

પ્રભુભાઈએ આક્ષેપ કર્યો હતો કે સામરવરણી, મસાટ અને રાખોલી સહિતના વિસ્તારોમાં પૂર્વ નોટિસ કે યોગ્ય માર્કિંગ વિના મકાનો, દુકાનો અને શેડ તોડવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના કારણે વેપારીઓ અને સામાન્ય નાગરિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. તેમણે દાવો કર્યો હતો કે આશરે ૧૫ દિવસ અગાઉ પ્રશાસકની મુલાકાતને ધ્યાનમાં રાખીને સામરવરણીથી ખાનવેલ સુધી માર્ગની બાજુમાં આવેલા શેડ અને પતરાંને રંગરોગાન કરવામાં આવ્યું હતું, જ્યારે હવે એ જ બાંધકામોને દૂર કરવામાં આવી રહ્યા છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે ઔદ્યોગિક એકમોમાં બોનસ વિવાદ અને શ્રમિકોની સમસ્યાઓનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. છેલ્લા ૧૦થી ૧૨ વર્ષથી પ્રદેશના વેપારીઓ, શ્રમિકો, વિદ્યાર્થી, આદિવાસી સમાજ અને સામાન્ય નાગરિકો વિવિધ સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે પ્રદેશની જનતાને સહયોગ આપવા અપીલ કરતાં જણાવ્યું હતું કે કોંગ્રેસ તમામ વર્ગોના હક્કો અને અધિકારોની રક્ષા માટે પ્રતિબદ્ધ છે અને જનહિતના પ્રશ્નોને લઈને લડત ચાલુ રાખશે.

દમણમાં ઓનલાઈન સટ્ટો અને સાયબર ફ્રોડના નેટવર્કનો પર્દાફાશ : પાંચની અટકાયત

નાનીદમણ પોલીસે ૧૬ એટીએમ કાર્ડ સહિત ૧૬ મોબાઈલ ફોન, લેપટોપ, આઈપેડ અને અન્ય સામગ્રી જપ્ત કરી છે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૨૬ : નાની દમણ પોલીસે ઓનલાઈન સટ્ટાબાજી અને કથિત નાણાકીય છેતરપિંડીમાં સંડોવાયેલા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે અને પાંચ લોકોને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લાવ્યા છે. પોલીસે ૧૬ મોબાઈલ ફોન, એક એપલ આઈપેડ, એક ડેલ લેપટોપ, વિવિધ બેંકોના ૧૬ એટીએમ કાર્ડ અને તેમની પાસેથી અનેક મહત્વપૂર્ણ દસ્તાવેજો જપ્ત કર્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ કાર્યરત ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર તરફથી એટીએમ ઉપાડ મોનિટરિંગ એલર્ટ પ્રાપ્ત થયું હતું, જેમાં કથિરિયા વિસ્તારમાં સાગર પેટ્રોલ પંપની સામે સ્થિત બેંક ઓફ મહારાષ્ટ્રના એટીએમમાંથી શંકાસ્પદ મોટી રોકડ ઉપાડની જાણ કરવામાં આવી હતી.

એલર્ટના આધારે, નાની દમણ પોલીસે વરિષ્ઠ અધિકારીઓના નિર્દેશનમાં તપાસ શરૂ કરી. પોલીસ ટીમે સ્થાનિક ગુપ્ત માહિતી, બેંકમાંથી ટેકનિકલ માહિતી અને સીસીટીવી ફૂટેજનું વિશ્લેષણ કર્યું. તપાસ દરમિયાન, એક શંકાસ્પદ વ્યક્તિની ઓળખ થઈ હતી. દેખરેખ દરમિયાન, તે બીજા સાથી સાથે એટીએમ નજીક મળી આવ્યો હતો. બંનેને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતીના આધારે, પોલીસે દિલીપ નગરના જ્ઞાન સાગર એપાર્ટમેન્ટમાં એક ફ્લેટની તપાસ કરી, જ્યાં અન્ય ત્રણ વ્યક્તિઓ પણ હાજર હતા. કુલ પાંચ વ્યક્તિઓને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ વ્યક્તિઓ કથિત રીતે સંગઠિત ઓનલાઈન સટ્ટાબાજી અને નાણાકીય છેતરપિંડીની પ્રવૃત્તિઓમાં સામેલ હતા. તપાસમાં d2tlive અને રેડ્ડી અન્ના નામના ઓનલાઈન ગેમિંગ અને સટ્ટાબાજી પ્લેટફોર્મના સંદર્ભો પણ બહાર આવ્યા છે. પ્રાથમિક માહિતી અનુસાર, વિવિધ વ્યક્તિઓના બેંક ખાતાઓમાં જમા કરાયેલા ભંડોળને વિવિધ બેંક ખાતાઓ અને અન્ય માધ્યમોમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, અને એટીએમ કાર્ડનો ઉપયોગ કરીને રોકડ ઉપાડવામાં આવી હતી.

કાર્યવાહી દરમિયાન, પોલીસે ૧૬ મોબાઈલ ફોન, એક એપલ આઈપેડ, એક ડેલ લેપટોપ, ૧૬ એટીએમ કાર્ડ, ત્રણ પાન કાર્ડ, ત્રણ આધાર કાર્ડ, ત્રણ બેંક પાસબુક, બે એકાઉન્ટિંગ બુક અને ત્રણ મોબાઈલ ચાર્જર જપ્ત કર્યા હતા.

પોલીસ હાલમાં પાંચેય વ્યક્તિઓની વિગતવાર પૂછપરછ કરી રહી છે. જપ્ત કરાયેલા ઈલેક્ટ્રોનિક ઉપકરણો, બેંક ખાતાઓ અને દસ્તાવેજોની તપાસ કરીને સમગ્ર નેટવર્ક, તેના નાણાકીય વ્યવહારો અને સંડોવાયેલા અન્ય વ્યક્તિઓને ઓળખવાના પ્રયાસો ચાલી રહ્યા છે.નાની દમણ પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ તેમના બેંક ખાતા, એટીએમ કાર્ડ, પિન અને ઓટીપી અજાણ્યા લોકો સાથે શેર ન કરે. કોઈના કહેવા પર તેમના બેંક ખાતામાંથી પૈસા મેળવવા અથવા બીજા ખાતામાં ટ્રાન્સફર કરવાથી કાનૂની મુશ્કેલી પડી શકે છે. સાયબર નાણાકીય છેતરપિંડીના કિસ્સામાં, તેમને તાત્કાલિક હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવવા વિનંતી કરવામાં આવે છે.

રમઝાનવાડીમાં અસ્થિર મગજના યુવકે લોકોને દોડાવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૬ : છીરી રમઝાનવાડીમાં અસ્થિર મગજના એક યુવકે લોકોને દોડાવતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. યુવક અચાનક ઉશ્કેરાઈ જતા લોકો ગભરાઈને આમ-તેમ ભાગવા લાગ્યા હતા.

બાદમાં યુવક એક મકાન પર લાગેલાં એસીના ડક્ટ ઉપર ચડીને બેસી ગયો હતો. ઉંચાઈ પર બેસી જતાં તે નીચે પડી જાય તેવો ભય ઉભો થયો હતો. આસપાસ લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં વાપી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ ભારે જહેમત બાદ સાવચેતીપૂર્વક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી યુવકને સુરક્ષિત રીતે નીચે ઉતાર્યો હતો. યુવકને કોઈ ઈજા થઈ ન હતી. બાદમાં તેને પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડની સમયસૂચકતાથી મોટી દુર્ઘટના ટળી હતી.

મોટી ઢોલડુંગરીમાં દીપડી પાંજરે પુરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૨૬ : ધરમપુર તાલુકાના મોટી ઢોલડુંગરી ગામના ગુંદી ફળિયામાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડીની અવરજવરને પગલે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવા મળતો હતો. ત્રણ દિવસ અગાઉ આ વિસ્તારના રહેવાસી હિરેનભાઈ પટેલના નિવાસસ્થાને દીપડીએ મરઘાંનો શિકાર કર્યો હતો. આ અંગે હિરેનભાઈ પટેલે ધરમપુર વન વિભાગને જાણ કરતાં વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી



દીપડીને પકડવા માટે જરૂરી તજવીજ હાથ ધરી પાંજરું ગોઠવ્યું હતું. દરમિયાન ગત રાત્રિના આશરે ૧૧:૩૦ વાગ્યાના સુમારે દીપડી પાંજરામાં પુરાઈ હતી. દીપડી પાંજરે પુરાતાં છેલ્લા કેટલાક દિવસોથી ભયના ઓથાર હેઠળ જીવતા સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો. દીપડીની હાજરીને કારણે નાના બાળકોથી લઈને વડીલો સુધીના લોકો રાત્રિના સમયે ઘરની બહાર નીકળતાં પણ ડર અનુભવતા હતા. સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો. જોકે, દીપડી પાંજરે પુરાતાં સ્થાનિક રહીશોમાં રાહત જોવા મળી હતી. વન વિભાગ દ્વારા પાંજરે પુરાયેલી દીપડીને સલામત સ્થળે મુક્ત કરવાની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગોઈમામાં જૂની અદાવત અને આડા સંબંધની અફવા બાબતે રીક્ષા ચાલક પર હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૬ : પારડી તાલુકાના ગોઈમાગામના માતા ફળિયામાં જમીન મિલકતની જૂની અદાવત અને પત્ની સાથે આડા સંબંધો હોવાની અફવા ફેલાવવાના મુદ્દે એક રિક્ષાચાલક પર હુમલો કરવામાં આવ્યો હોય જેમાં યોગેશ છોટુભાઈ કોળી પટેલ નામના શખ્સે તેજલભાઈ ગુલાબભાઈ કોળી પટેલને લોખંડ જેવા ધાતુના પંચ વડે માર મારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ગોઈમા ગામના માતા ફળિયામાં રહેતા અને છેલ્લા ૧૫ વર્ષથી ઉદવાડા નાનાપોંઢા રોડ પર રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ૩૪ વર્ષીય તેજલભાઈ કોળી પટેલ ગુજરાતી સ્કૂલ પાસેથી પોતાના ઘરે જમવા માટે જઈ રહ્યા હતા. તે દરમિયાન બસ સ્ટોપ પાસે બેઠેલા યોગેશભાઈ છોટુભાઈ કોળી પટેલે તેમને અટકાવી ગાળો આપવાનું શરૂ કર્યું હતું.

આ દરમિયાન તેજલભાઈએ પત્ની સાથે આડા સંબંધોની વાતો ગામમાં ફેલાવી તેમને બદનામ કેમ કરે છે તેવો સવાલ કરતાં યોગેશે ઉશ્કેરાઈ જઈ તેમની સાથે ઝપાઝપી કરી હતી અને લોખંડ જેવા ધાતુના પંચ વડે કપાળના પાછળના ભાગે તથા નીચેના હોઠ પર માર માર્યો હતો. ત્યારબાદ ઢીકમુક્કીનો માર મારી નીચે પાડી દીધા હતા અને ડાબા પગ પર લાતો મારી હતી. બૂમાબૂમ થતાં મિત્ર નયનભાઈ પટેલ અને નીતિનભાઈ પટેલ સહિત આસપાસના લોકો દોડી આવ્યા હતા અને વધુ મારમાંથી બચાવ્યા હતા. આ સમયે આરોપીએ જતા જતા બીજી વખત જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

ઈજાગ્રસ્ત તેજલભાઈને મિત્ર નીતિનભાઈ મોટરસાઇકલ પર રોહીણા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે રાત્રે પારડીની કુરેશી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ, આરોપી કુટુંબનો સભ્ય થાય છે અને વડીલોપાર્જિત જમીનના કબજાને લઈને છેલ્લા દસ વર્ષથી બંને પરિવારો વચ્ચે અદાવત ચાલી રહી છે. ઉપરાંત છેલ્લા એક અઠવાડિયાથી આરોપી તેજલભાઈની પત્ની સાથે આડા સંબંધો હોવાની વાતો ગામમાં ફેલાવી તેમને બદનામ કરતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે આ બનાવ અંગે તેજલભાઈ ગુલાબભાઈ કોળી પટેલે યોગેશભાઈ છોટુભાઈ કોળી પટેલ વિરુદ્ધ પારડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વાપીમાં લોન ભરપાઈ, છતાં ગ્રાહકને દસ્તાવેજ ન આપતાં ફાયનાન્સ કંપનીને દંડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૬ : વાપીના સલવાવમાં રહેતા પ્રવીણાભાઈ ગોવિંદભાઈ પ્રજાપતિ અને મંજુ પ્રવીણાભાઈ પ્રજાપતિએ ટેકનો કેપિટલ પ્રાઇવેટ લિમિટેડ, સુરત સામે કરેલી ફરિયાદમાં વલસાડ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને મહત્વનો ચુકાદો આપ્યો છે.

ફરિયાદી એ પ્રભુ વિલા, મોજે સલવાવ, તા. વાપી ખાતે આવેલું પોતાનું મકાન તારણમાં મૂકી સામાવાળા પાસેથી સિક્યોર્ડ લોન લીધી હતી. લોન પેટે તમામ રકમ તા. ૦૪/૦૯/૨૦૨૫ના રોજ વ્યાજ સહિત ભરપાઈ કરી દીધી હતી. તેમ છતાં કંપનીએ અસલ દસ્તાવેજો, રજીસ્ટર વેચાણ દસ્તાવેજ, એન.ઓ.સી. અને લોન ભરપાઈ સર્ટિફિકેટ પરત આપ્યા ન હતા.

કમિશને નોંધ્યું કે લોન પૂરી થતાં બેન્કર-ગ્રાહકનો સંબંધ પૂરો થઈ જાય છે. દસ્તાવેજો રોકી રાખવા તે સેવામાં ખામી છે. કમિશને કંપનીને ૩૦ દિવસમાં તમામ અસલ દસ્તાવેજો અને એન.ઓ.સી. આપવા હુકમ કર્યો છે.હુકમનું પાલન ન થાય તો ૩૦ દિવસ બાદ પ્રતિદિન રૂા. ૫,૦૦૦ વળતર ચૂકવવું પડશે. સાથે શારીરિક-માનસિક ત્રાસ અને ફરિયાદ ખર્ચ પેટે રૂા. ૩,૦૦૦ અલગથી આપવા આદેશ કરાયો છે.

વાપીમાં જુગાર રમતાં ૧૮ ઝડપાયા

આશરે ૩ લાખ રોકડ અને ૯ સ્કૂટર કબ્જે લેવાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૬ : ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલની વિજિલન્સ ટીમે આજે વહેલી સવારે વાપી ગીતાનગર ટાંકી ફળિયા વિસ્તારમાં એક મકાનમાં છાપો મારી અહીં ગંજીફાથી હાર જીતનો જુગાર રમતાં ૧૮ ઈસમોને ઝડપી લીધા હતા. ડીઆઈજીની સૂચનાથી અને લોકેશન આધારે સ્ટેટ વિજિલન્સ ટીમે આ કાર્યવાહી કરી હતી. મળસ્કે અચાનક પડેલી આ રેડથી ગીતાનગર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. જુગારધામમાં રેડ પડતા જુગારીઓમાં નાસભાગ મચી હતી, પરંતુ વિજિલન્સ ટીમે ચારે તરફથી ઘેરો ઘાલી તમામને ઝડપી લીધા હતા.

આ જુગારીઓ પાસેથી અને દાવમાં લગાવેલ આશરે ૩ લાખ રોકડ પોલીસે કબજે લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે આ જુગારીઓના ૯ સ્કૂટર-બાઇક પણ કબ્જે લેવામાં આવ્યા છે. પોલીસે ગંજીપત્તા અને અન્ય સાધન-સામગ્રી પણ જપ્ત કરી છે. તમામ આરોપીઓ સામે જુગારધારા મુજબ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જોકે નવાઈની વાત તો એ છે કે વહેલી સવારે રેડ પડ્યા બાદ ૧૨ કલાક વીતવા છતાં વિજિલન્સ ટીમના અધિકારીઓ મીડિયા સમક્ષ આરોપીઓના નામ કે કોઈ વિગત આપી શક્યા ન હતા. રેડ કોના મકાનમાં પડી, જુગારધામ કોણ ચલાવતું હતું, પકડાયેલા ઇસમો કયા ગામના છે, તે અંગે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.

સ્થાનિકોમાં ચર્ચા છે કે વાપીમાં લાંબા સમયથી ગંજીફાનો જુગાર ચાલતો હતો.

વાપી જીઆઈડીસીમાં મધરાતે દારૂ ભરેલી મોપેડ અને બાઈક વચ્ચે અકસ્માત





ત્રણ યુવકો ગંભીર ઘાયલ : અકસ્માત બાદ રસ્તા પર દારૂ વેરવિખેર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૬ : વાપી જીઆઈડીસીના થર્ડ ફેઝમાં હનુમાનજી મંદિર નજીક ગત રાત્રે મોપેડ અને બાઈક વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણ યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જ્યારે મોપેડ ચાલકને પણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની ગંભીરતા એટલી હતી કે વાહનોમાં લઈ જવાતો દારૂનો જથ્થો રસ્તા પર વેરવિખેર થઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગત મુજબ દારૂનો જથ્થો લઈને પૂરઝડપે જઈ રહેલા વાહનને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે. અકસ્માત બાદ રસ્તા પર દારૂની બોટલો અને અન્ય જથ્થો વેરવિખેર થઈ જતાં સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે. એક તરફ ગુજરાત સરકાર રાજ્યમાં દારૂબંધીના કડક અમલની વાતો કરી રહી છે, ત્યારે બીજી તરફ વાપી જીઆઈડીસી વિસ્તારમાં દારૂનો જથ્થો ખુલ્લેઆમ હેરફેર થતો હોવાની ઘટના દારૂબંધીના અમલ સામે અનેક સવાલો ઊભા કરે છે.ખાસ કરીને વાપી ઉદ્યોગનગર પોલીસ મથકની હદમાં જીઆઈડીસીના વિવિધ રસ્તાઓની આસપાસ આવેલા ઢાબાઓ અને ચાલીઓમાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ થતું હોવાની ફરિયાદો પણ ચર્ચામાં છે. આ અંગે પોલીસે તપાસ હાથ ધરી કાર્યવાહી કરવાની જરૂર છે.

વઘઈમાં આડા સંબંધના વહેમમાં પત્નિ પર કુહાડી ઝીંકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૨૬ : ડાંગ જિલ્લાના વઘઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના મામલે પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. ડાંગ જિલ્લાનાં વઘઈ પોલીસ મથક દ્વારા અપાયેલી માહિતી મુજબ, મલીન (તા. વઘઈ, જિ. ડાંગ) ખાતે રહેતા આરોપી દિલીપભાઈ અમૃતભાઈ ગાંગોડા (ઉ.વ. ૩૫, ધંધો ખેતી) જેઓ પોતાની પત્ની બીજા પુરુષ સાથે આડા સંબંધ રાખતી હોવાની શંકા-વહેમ રાખતો હતો. આ શંકાના કારણે આરોપી (પતિ)એ ઘરમાં રહેલી કુહાડી વડે ફરિયાદીના માથાના આગળના ભાગે ત્રણ જગ્યાએ, કપાળના ભાગે, ડાબી આંખ પાસે, બંને હાથના ખભા પાસે, જમણા હાથની હથેળીમાં, ડાબા હાથના કાંડા પાસે તેમજ જમણા કાન પાસે કુહાડી મારી મારી નાખવાના ઈરાદાથી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાનું જણાવાયું છે. આ હુમલામાં ફરિયાદીના જમણા કાનનો પડદો ફાટી જતાં સાંભળવાની શક્તિ નષ્ટ થઈ હતી, તેમજ આરોપીએ કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ (આહવા-ડાંગ)ના જાહેરનામાનો ભંગ કર્યો હોવાનો પણ ઉલ્લેખ છે.આ બનાવ અંગે વઘઈ પોલીસ સ્ટેશનમાં ૨૪/૧૧/૨૦૨૫ના રોજ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ ગુનામાં વધુ કોઈ ગુનો થતો અટકાવવા અને ગુનાની યોગ્ય તપાસ કરવાના હેતુથી ૨૫/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે આરોપીની અટકાયત કરવામાં આવી છે. વઘઈ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે. બારીયા દ્વારા BNSS-૨૦૨૩ની કલમ-૪૭ હેઠળ આરોપીને ધરપકડના કારણો અને કાયદાકીય બાબતોની જાણ કરવામાં આવી છે.

ધમડાચી ગ્રા.પં. દ્વારા વિકાસકામોમાં ભ્રષ્ટાચાર મામલે ડીડીઓને રજુઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૬ : વલસાડ તાલુકાની ધમડાચી ગ્રામ પંચાયતના વિવિધ વિકાસકામો અને સ્વભંડોળમાં થી ગ્રામ પંચાયતના તળાવ પાસે પ્રોટેક્શન વોલ, પેવર બ્લોક, ફેબ્રિકેશન સહિતનાં વિવિધ કામોમાં રૂા. ૧.૨૪ કરોડનો ખર્ચ દર્શાવવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો સાથે વલસાડ પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખે જિલ્લા પંચાયત પ્રમુખ અને ડીડીઓ વલસાડને લેખિત રજૂઆત કરી સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરી છે. વલસાડ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ અને ધમડાચી ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ પ્રવીણભાઈ ગોપાલભાઈ પટેલે આજરોજ વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ તેમજ જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી કે ધમડાચી ગ્રામ પંચાયત ના સરપંચ અનિષાબેન નિલેશભાઈ પટેલ દ્વારા વર્ષ ૨૦૨૩માં વલસાડ જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગ દ્વારા તળાવની પાળ પર પ્રોટેક્શન વોલ બનાવવા માટે રૂા.૧૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૫માં પણ રૂા.૧૨ લાખનું કામ મંજૂર કરાયું હોવાનો ઉલ્લેખ છે. આ ઉપરાંત ગ્રામ પંચાયતના સ્વભંડોળમાંથી પણ પ્રોટેક્શન વોલ અને તળાવ આસપાસનાં વિવિધ કામો માટે લાખો રૂપિયાનો ખર્ચ દર્શાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરાયો છે. તળાવના વિવિધ કામો પાછળ કુલ રૂા. ૭૫,૯૨,૨૧૮નો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. આમાં પ્રોટેક્શન વોલ, ફેબ્રિકેશન, પેવર બ્લોક, બ્યુટીફિકેશન, નાળાં, ફાઉન્ટેન, સ્ટોરરૂમ અને અન્ય કામોનો સમાવેશ થાય છે.માત્ર તળાવ જ નહીં, પરંતુ ધમડાચી ગામનાં કલ્યાણવાડી, વિવિધ ફળિયાં, પેવર બ્લોક, ગટર, રોડ રિપેરિંગ, હાઈમાસ્ટ ટાવર, તાર ફેન્સિંગ અને અન્ય વિકાસકામો પાછળ પણ રૂ.૪૮,૩૩,૯૨૮નો ખર્ચ મળી કુલ રૂ.૧,૨૪,૨૬,૧૪૬ રૂપિયાનો કર્યો હોવા નો આક્ષેપ કર્યો છે

કામોની વાસ્તવિક સ્થિતિ, મંજૂરી, ટેન્ડર પ્રક્રિયા, બિલો અને ચુકવણીના રેકોર્ડની તપાસ કરવાની સાથે રિયા ઇલેક્ટ્રિકલ્સ તથા વિહા એન્ટરપ્રાઇઝ પાસેથી સબમર્સિબલ પંપ મોટર, સ્ટ્રીટલાઇટ, પેનલ બોર્ડ, વાયર, સ્વિચ બોર્ડ સહિતનો સામાન ખરીદવા અને રિપેરિંગ માટે અંદાજે રૂ.૨૫ લાખથી વધુનો ખર્ચ દર્શાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. આ ખરીદીના બિલોમાં જીએસટી નંબર ન હોવા અંગે સંબંધિત બિલોની તપાસ કરી જીએસટી વિભાગને જાણ કરવાની પણ માંગ કરી છે. લેખિત રજૂઆતમાં અરજદાર પ્રવિણભાઈ પટેલે ધમડાચી ગ્રામ પંચાયતના છેલ્લા પાંચ વર્ષના તમામ ખર્ચ,વિકાસકામો, ટેન્ડર પ્રક્રિયા, મંજૂરીઓ, બિલો અને ચુકવણીના રેકોર્ડની તપાસ કરવાની માંગ કરી છે.

ગુંદલાવમાંથી રૂા. ૩૧.૭૯ લાખના મુદ્દામાલ સાથે ૪ બુટલેગર ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૬ : વલસાડ જિલ્લામાં સુરત સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મળેલી ચોક્કસ બાતમીના આધારે વલસાડ નજીક ગુંદલાવ સ્કૂલ ફળિયા, ખેરગામ રોડ પર દરોડો પાડીને દારૂ ભરેલી બે કાર ઝડપી પાડી છે.

પોલીસે ઘટનાસ્થળેથી ક્રેટા કાર નં.GJ-15-CS-5454 અને કાર નં. GJ-15-CB-1022 માંથી રૂા. ૧૬.૬૪ લાખની કિંમત નો દારૂની કુલ ૫,૭૪૮ બોટલ જપ્ત કરી છે. આ ઉપરાંત દારૂ, બંને કાર અને મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૩૧.૭૯ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઝડપાયેલા આરોપીઓમાં રાજ મુકેશભાઈ ગાંધી (રહે. શિવ શક્તિ રેસીડેન્સી, ગુંદલાવ, વલસાડ)વત્સલ રબારી (રહે. વલસાડ)અમિત કિશોરભાઈ શાહ (રહે. કોળીવાડ, વાપી)

સબીર મોહમ્મદભાઈ નઈમ અહેમદ ની ધરપકડ કરી છે જ્યારે પોલીસે સચિન ગોવિંદરાવ ઠાકરે (દારૂનો જથ્થો ભરાવનાર, રહે. દમણ)કાલી નામના ઈસમ ને પોલીસે ઝડપાયેલા ચારેય આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે દારૂ મોકલનાર અને પાયલોટિંગ કરનાર બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER :